દેવળદેવી.

ઐતિહાસિક નાટક.

રચનાર

ભીમરાવ ભોળાનાથ.

પ્રસિદ્ધ કરનાર

તેમનાં સંતાનો.

અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.

સંવત્ ૧૯૫૨. ઇ. સ. ૧૮૯૬.

મૂલ્ય રૂ. ૦-૮-૦ પોસ્ટેજ ૦-૧-૦

શ્રીમંતસરંકાર સેના ખાસખેલ સમશેર બહાદુર

મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ,

જી. સી. એસ. આઇ !

ગુજરાતી સાહિત્યને આપ આશ્રય આપોછો, તથા વિદ્યાની વૃદ્ધિ તરફ આપ પૂર્ણ ઉત્સાહ રાખોછો તેથી, અમારા સ્વર્ગસ્થ પૂજ્ય પિતાની ઇચ્છાનુસાર આ પુસ્તક આપને માનપૂર્વક અર્પણ કરીયે છીયે તે કૃપા કરી સ્વીકારશો.

અમદાવાદ.
તા. ૧૦-૩-૯૬.

ગ્રન્થકર્ત્તાની પ્રસ્તાવના.

ઇ. સ. ૧૮૬૭માં જ્યારે કરણઘેલો પ્રગટ થયો તે વખતે એ પુસ્તક વાંચીને મારૂં મન ઘણું વિમોહિત થયું હતું. તેમાં પાટણની ગાદીથી પદભ્રષ્ટ થઇને કરણ બાગલાણના કિલ્લામાં રહ્યા, ત્યાં કનકદેવીનું દુઃખદાયક મરણ તથા દેવલદેવીનું બાળપણ–તેની ખીલતી જવાની તથા ત્યાં શંકલદેવ સાથે તેની અસાધારણ પ્રીતિ–તેમાંથી તેનું દિલ્હીના મુસલમાનોએ હરણ કરી લીધું તે તથા ત્યાર પછીની અતિ ચિત્તવેધક વાર્તા ઉપરથી ઇ. સ. ૧૮૭૦માં મને એ વાત નાટકના આકારમાં મૂકવાનો વિચાર સૂઝયો.

કાચી અવસ્થામાં લખાયલા ગ્રન્થના ઘણા દોષ એમાં જોવામાં આવશે; તેમ તે વખતે શકુન્તલાનું ભાષાંતર પણ તરત પ્રગટ થયું હતું તેથી આ નાટકના પ્રથમના અંકોમાં વખતે એનો આભાસ પણ જોવામાં આવશે; કેમકે એ વાંચીને તથા ઇંગ્રેજીશાળામાં સંસ્કૃત શાકુન્તલ ચાલતું હતું તે જોઇને એની સુરમ્ય રચના ઉપર પણ મારૂં મન દોડયું હતું; ગમે તેમ હો પણ જેવું લખાયલું તેવું આ શિષ્ટ વાચકના સમક્ષ મુકવામાં આવ્યું છે. તેમાં જે ખામીયો હશે તે પ્રસિદ્ધ કરી બતાવવામાં આવશે તો તે એક સંતોષનું કારણ થશે; તેમ નહાની ઉમ્મરમાં લખા-

પક્ષી પદ્ધતિના જેવી આમાં પદ્ધતિ જણાઇ આવશે તો તેથી કાંઇ પણ ખેદ પામવાનું નથી. જે સ્પષ્ટ વસ્તુ છે તેને સિધ્ધ કરવાને કાંઇ બીજું પ્રમાણ જોઇતું નથી. માટે તે વિષે આ ઠેકાણે વધારે ન બોલતાં આટલું કહી એ નહાની વાતને મ્હોટી કરવાનું કાંઇ પ્રયોજન નથી.

૬૩૩૮

દેવલ દેવી નાટક.

નાન્દી.

શાર્દૂલ વિક્રીડિત વૃત્ત.

આ શું ચિત્ર ચરિત્ર સૃષ્ટિભ્રમ આ સંસારસંચાર શો !
ગૂંથી જાળ સમાન પ્રેમ ગુંછળી તેમાં રહ્યો સાર શો !
ક્રૂરો ગંભીર ડોલતો ઉદધિ આ વર્ષાતણી શી ઘટા !
ઊનાળે તપિ તાપ શીત શિશિરે શી ચંદ્રિકાની છટા ! ૧
ગોળો વન્હિ ભરચો ફરે નિશદિને પૂર્વથકી પશ્ચિમે,
આહા ! આ મણિ પૂર્ણ ગોળ નભનો ચાલે વળી તે નિમે,
ઝાંખા જંગલ જંતુએ જ્યમ દિસે ચિત્રામણા સર્પશું,
અદ્રિ આ પૃથિવી પડે પણ પડયા જોતાં રહે દર્પણું ! ૨
કાળી ભુમ્મર ને ભયંકર દિસે તેમાંનિ ઊંડી ગુફા,
અંકૂરાં શું ગરીબ પંખી પશુ આ કારીગરી શી તુફા !
રે તંતૂ પણ એક પેખિ મનની આંખ્યોજ આશ્ચર્યથી,
જાણે કે કરનાર કોઇ સહુનો તેને નમો ધૈર્યથી: ૩.

સૂત્રધાર—(આગળ આવીને વિનયથી નમીને)—

ગીતિ.

વિષયી મન તન ચાંદનિ, ચમકતિ આવી ભરે ઉમળકાથી;
વિદ્વજ્જનની તેવી, સરસ્વતી ભર સુખે સહૂ છાતી !

કરણવાઘેલો મુસલમાનના લશકરથી હાર્યો અને પાટણપુર મુસલમાનના હાથમાં ગયું, તે વખતે તેને રણસંગ્રામમાંથી એક સાંઢણી ઉપર બેસાડીને હરપ્રાળશૂરાએ દેવગઢ મોકલી દીધો; તે ત્યાં આવી રહ્યો અને કેટલેક દિવસે તેના ભાગ્યમાં બાકી રહેલી પ્રિય વસ્તુઓ—તેની બે કુંવરીઓ, કનકદેવી તથા દેવલદેવી તેને આવી મળી. તેમાં પાછળ કહી તેનો વૃત્તાન્ત દર્શાવવાની આજ મારી ઇચ્છા છે, અને તે ઇચ્છા પૂરી પડશે એવી આશા છે; કારણ, આજની મંડળીની નાટક અવલોકન કરવાની હોંસ ઉપરથીજ એમ જણાય છે કે તે પૂર્ણ થશે અને તેનેજ વાસ્તે આ નાયકા પ્રથમ આપનાં મન ઉલ્લાસમય કરવાને આવી ઊભી છે.

નાયકા—આજ્ઞા પ્રમાણે કરૂં.

સૂત્રધાર—હું એટલુંજ માગુંછું કે આ સજ્જન સમાજનું મન ગમે તે રીતે રંજન કર.

નાયકા—એટલું કરવા સમર્થ થાઉં તેની શંકા રહે છે. હું શું તેમને ખુશી કરી સકું—આ સમયજ એવો છે કે સઘળાં પ્રાણીનાં મન પ્રફુલ્લિતજ રહે છે. જુઓ, જુઓ!

ગીતિ.

અનિલ શીતળ ભૂતળ પર, લિલું વન રંજન કરે નયન ઠારી;
કાળા મેઘે આભે, શ્યામ શ્યામ કરિ દિધી ભૂમિ ભારી. ૧

વિરહી મન તન શાન્તિ, કરતો વરસે બહૂ હવે વારી;
નૃત્ય ફરી ફરિ કરતો, મયૂર મધુર મુખ વદે કળા ધારી. ૨
ઘડુલા મુકતે માથે, વિનયવતી જયમ નમે મન્દ નારી;
સમ નમતી સુલતાઓ, બિન્દુ ઉપર જયમ પડે બિન્દુ વારી ૩
ગર્જન બહુ ભયકારી, ચમક ચમક લિટિ લિટી થતી વિજળી;
નારીને નર નિરખી, ડરતી પાસે ગ્રહે તરત પિગળી. ૪

વિદૂષક—(પડદો ઉઘાડી એકાએક આગળ આવી-ને)–નાયક, અહીં ભવાઇ થાય છે કે શું? પણ અહાંતો કાંઇ ઝાંઝ નથી, ભૂંગળ નથી, ઢોલ નથી, ને આ શું લાડુ જમેલા ભટના પેટ જેવા પેટવાળું લાંબુ લફડંગ?

સૂત્રધાર—આ વિચિત્ર માણસ ગીતિમાં વચમાં વિઘ્ન કરવા કયાંથી આવ્યો ! ભાઇ, લગાર છાનો રહે, અમને અમારૂં કામ કરવા દે—

વિ—આ કોણ છે? આ બયરૂં કોણ છે?

સૂ—સાંભળ–જો–

વિ—નહિં સાંભળું જા, હુંતો બેહેરોછું–બેહેરો નહિં હઉં તો આ કાનમાં આંગળાંયો ખોશી–નહિ સાંભળું જા–. શું કરીશ?

સૂ—જો ધ્યાન રાખ એમાં લાભ છે.

વિ—ઓ–એમ હોય ત્યારે તો હવે બરાબર સાં-ભળીશ–કાનને બદલે મોમાં આંગળીઓ ખોશીશ.

સૂ—સાંભળ આ નાટકસ્થળ છે. આ ભવાઇનું ઠેકાણું નથી. માટે વગર વિચારે કાંઇ બોલવું નહિ.

વિ—એવા તારા અટપટા બોલ હું કાંઇ સમજવાનો નથી–પણ વિચાર કરીને બોલાવનારા, આ બાયડીને આટલાં બધાં માણસ વચ્ચે નચાવવા લાવ્યો છે તે વિચાર કરીને લાવ્યો હઇશ નહિ ?

સૂ—એટલી બધી વાતની તને સમજણ પાડવા બેસું તો મારા કામને અસુર થઇ જાય; પણ મારે તને પૂછવાનું એટલુંજ કે મારે તારૂં કામ છે માટે તું મારી પાસે રહીશ ?

વિ—હું તો આ ચાલ્યો (જવા માંડે છે.)

સૂ—લગાર થોભ—ગુજાં તર થાય એવું છે અને મારે તારા જેવાનું કામ છે માટે કહું છું.

વિ—તું મને શું કરીશ ?

સૂ—આ સભાસદોના હર્ષની બક્ષીસ તને અપાવીશ.

વિ—એ મ કોઇ દિવસ દીઠી નથી.

સૂ—અરે મનસ્વી–તને યશ મળશે. આ જગત્માં યશ દુર્લભ છે.

વિ—વારૂ તને શું કહીને બોલાવું ?

સૂ—મને લોકો–સૂત્રધાર, નાટકાચાર્ય–એવા નામ-

થી ઓળખે છે; તારૂં નામ ?

વિ—જો, આંગળી ઉપર ગણુતો જજે. હો—ભૂલતો નહિ.

ગીતિ.

વિદૂષક અટલ પ્રહાસી, વનચર કેલિકિલ ને વૈહાસી,
વાસંતિક ને રંગડ, બંગડ દેખું ત્યહાં ધસું નાશી,
ચટપટિ અટપટિ મુખની, બકવે વાર ન હસવે પટ જરા
ડરકુ વિચારે વદતે, જુતી જડાવું—

(એકાએક અભકીને) ઓ મારા બાપરે.

સૂ—શું છે, કયમં ભડકયો ?

વિ—અરે સાંભળને-તું સાંભળને-હાયરે- આવો બૂમ કયાંથી આવે છે!

(પડદામાં) અરે વાઘ આવ્યોરે વાઘ આવ્યો !

સૂ—હા-ગામમાં વાઘ ઘણીવાર આવે છે તેમ આજૂપણુ આવ્યો હશે-માટે ચાલ, હું પણ આમ આડે રસ્તે થઇ મારે ઘેર જઇ મારા કુટુમ્બની સંભાળ લઉ.

(નટી તથા સૂત્રધાર ગયાં).

વિ—હાય હાય પણુ હું શું કરૂં (એમ કહી ધ્રૂજતો ધ્રૂજતો એક ખૂણે લપાઇને બેસે છે).

(પડદામાં) અરે વાઘ આવ્યો વાઘ!

ઇતિ પ્રસ્તાવના.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ ગામનાં ઘરમાંના એક ઘર આગળ.

એક ગામડિયણ—નાબા, મારે તો હારૂં થયું. મારે તો ઘેર તાળું હતું, પણ ભાઇ, ભગવતનું ભલું થજો, હાયહાય, મારા તો ટાંટીયામાં જોરજ નથી રહ્યું નેં, બા, આવ્યો તોં આવ્યો, પણ રોજ તો કોઇ કોઇ .માનવીને મારચા વણ જતોજ નહિ ને આજતો ચાલ્યો ગ્યોને મનખને અડકયોએ નથી.

બીજી—(છાતી એ બે હાથ દેતીદેતી આંખમાં આંસુ આણુતી) બધા ભવને હારૂં થિર્યું; પણ મારે તો જીવલો જડતો નથી, હાયહાય. મારા ચ્યાં ભોગ લાજ્યા કે મેં આજ એને હવારે ગાહ કાપવા મોકલ્યો; હવે એનું શું એ થયું હશે–આ હવારે ઘરમાંથી વાશીદું વાળીને નકળી કે રાંડ ઢેપડીનું મોં દીઠું તે આજનો દન મારે આમ જયો; હવે તે હું ચ્યમ કરૂં; આ મળહકામાં ઉઠી કે હાવયણી મારી નજરે પડી ત્યાંથી મારા જીવને ગોઠતું નતું.

ત્રીજી—આજ વાઘના ડોળ ઉપરથી તો દીહતુંતું કે કાંઇ બીકનો માર્યો નાહતો તો એટલે તુ કાંઇ ફકરના રાખ, એ તો એની મેળે બોડમાં જઇને ભરાઇ બેઠો હશે,

માટે તારો છોકરો હાજો•હમો ઘેર આવશે, બેન ધરપત રાખ, એ તો હમણાં આવતો હશે.

બીજી—હાવે-એ તો બધુંએ હું જોણુ સૂં પણ માનો જીવ તે આમ રહે વારૂં?

એક કોળી—આમ આમ છાતીઓ કુટવા મંડી પડીસે-ઓ પેલો જીવલો તો આવે, રાંડ નત હોરબકોર કરતીને કરતીજ રહી-આ બધાં લોક આમ ભેગાં કર્યાંસે એટલામાં કોઇ તારા જીવલાને ખાઇ જતુંતું?

બીજી—હા તારે તો શેં નહિ-એને કાંઇ થિયુ હત તો મારો છોકરો જાત-તારા બાપનું શું જવાનું હતું-તારે તો એક નહિતો બીજો-તારે કાંઇ બાયડી સોકરાંની કાળજીસે ? તારૂં આયાં નખ્ખોત જવાનું હતું.

કોળી—જો-રાંડ જો-કાંઈ બોલવે બંધસે એને? ચુડેલને ભાન નથી કે એનો જાત ત્યમ મારોએ જાત? રાંડ સારૂં નખ્ખોત તાકવા બેઠીસે.

બીજી—(આંખો ફેરવીને)—જો, કાંઇ મોં બંધ. રાંડ તો સારૂ હમજયુ ન હમંજ્યું જ્યમ જીભે આયું ત્યમ. બયડયાં કરેસ તે.

કોળી—રાંડ શીકોતર-હમણાં એક દઇશ કની. તો મોઢુંજ ફરી જશે.

બીજી—આટલા લખારા શેના કરોસ. મારા પેટમાં તો ફાળ પડીસે ને એને મુઆને ભાંડવાનું ફુજેસે.

કોળી—તો આંધળી રાંડ-જોતો ખરી આ રહ્યો તારો જીવલો.

બીજી—તેમાં રોયા ગાળો ચ્યમ ભાંડસ તેં? બોલતી નથી ત્યાં લગી કે!

કોળી—રાંડ ચામુંડા-લે-લેતી જા. રાંડ લે લેતી જા (એમ કહી તેને લપડાક પર લપડાકો મારે છે.)

બીજી—(એનો હાથ તરછોડીને) તો મારસ, ચ્યમ જે-તારા બાપની હું ઘુંડી ખુંડી હઈશ ચ્યમ? લે મારા રોયા પાઘડી બળ્યા-તુએ લેતો જા સારે-હું મારા જીવલાને-ન હોધું? મને મારવાને આયૌસે (એમ કરી એને હડસેલા મારે છે.

(કોળી એના ઉપર મારવા ધસ્યો એટલામાં બીજા ગામડીયા વચમાં પડીને)—એંહ ઠાકોર-આમ આપણને શોભે કે-મુકો-હેંડો-ઘેર ભારો લઇને.

કોળી—રાંડને આજ તો જવા દેવાનો નથી-રાંડ ડાકયણ રાંડ (આંખો કહાડે છે) મને હડસેલા મારેવા આવી!

બીજી—તો મારા પીટચા હું એ તને નથી જવા દેવાની તો-કે રાંડ તારી માને (એમ કહી થડ લઇ લપડાક મારે છે.)

કોળી—જોને હજી દએ છે—જવા દો મને (બીજાને એક હાથે તરછોડીને) રાંડને આજ જીવતી રહેવા

દેવાનો નથી (છાતીમાં ગુંબો મારયો)–બીજા પકડી રાખી એને જુદાં કરે છે.)

વિદૂષક—(એકાએક વચમાં આવી) લે તારો છોકરો નહિ જડે તો હું તારો છોકરો થઇશ.

બીજી—ખશને રાંડેજણ્યા વચમાંથી બડબડ કરતો.

વિદૂષક—આ ભૂંગળ વનાની ભવાઇ જોવી હોય તો આવજો અલ્યા–(એમ સાદ પાડે છે.)

એક ગામડીયો—આમ જુઓ આમ–આહ ! આમ તો જુઓ એહ જાણે ભાદરવાનો મેહ ચડયો તેમ જોર ભરયાં આ હાથી શા દોડયા આવે છે !

બીજો—એ તો કુંવર-શકારે આવ્યા છે તે–આઘા ખશી જાઓ આઘા-(સઘળા એક બાજુએ થઇ જાયછે.) (હાથી બે–ઉપર તીર કમાન લઇ બેઠેલા કુંવર સહિત, બીજા ઘોડે સ્વાર સાથે, જોર ભરયા ધસતા ચાલ્યા જાય છે–લોક નીચા નમી માન આપે છે.)

વિદૂષક—અરે આતો ચાલ્યા ગયા ને તેની પાછળ લોકનું ટોળું પણ ગયું—હવે મારે કયમ કરવું—વાઘ, તો ખરો–કાળજું તો થથરે છે–ચાલો જે બધાનું થશે તે આપણું–પણ કદી મારૂંજ ડોકું પકડયું તો ! –હું એને કહીશ કે–જો સાંભળ વિચાર કર–મને મારવામાં કાંઇ માલ નથી. આ લડતીતી તેે કોળણ મારા કરતાં બમણી છે એને ખાઇજા–ને મ્હો ફાડશે એટલે એને ઉચકીને વાઘના મ્હોમાં મુકીશ–પછી મારે કાંઇ છે ?

(એમ કહી દોડયો.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—વન.

(ભીમદેવ તથા કરણ પછવાડેના એક હાથી ઉપર બેઠેલા-તે હાથીને નીચે બેસાડયા એટલે ઉતરી પડે છે.)

કરણ—એ તો આગળ ગયો-આપણે આ માર્ગ રોકીને ઉભા રહીયે એ મને ઠીક લાગે છે. બાળક છે—સાહસિક પૂરો છે-તોપણ વાઘને મારવો ઘણું કઠણ અને યુક્તિનું કામ છે. જે થશે તે હમણાં ઘડી બે ઘડીમાં જણાશે. (મનમાં) આખર એ મરે હું તે શું વાઘનો શિકાર કરી સકવાનું હતું!

ભીમદેવ—હા પણ આ ચીસ શેની સંભળાઇ! ખરે કાંઇ સંકટમાં તો નહિ આવ્યો હોય?

કરણ—તો ચાલો આપણે પણ ત્યાં જઇએ.

ભીમદેવ—મને પણ એમ ઠીક લાગે છે. (મહાવતને) હાથીને ઉઠાડ-અરે એ બાઇનો હાથી આવ્યો.

કરણ—(મનમાં) બીકનો માર્યો નાસતો આવતો હશે (ખુલ્લું) કેટલો જલદી આવે છે!

(તેના તરફ બે જણ જાય છે.)

ભીમ—(મનમાં) ઉપર એને દેખું છું તેથી મન-

માંથી અધીર જઇ તેમાં હર્ષ ભરાઇ ઉછાળા મારે છે (પ્રગટ) અહા! કેવો સોહામણો!

માલિની.

શુર કરી શર સાંધ્યું, પાછું તે નાંખ્યું ભાથે,
નવિન રુધિર છાંટા, લાગિયા દેખું હાથે,
અમિ ભરપુરિ આંખે, માતિ તે રાતિ પીળી.
ગરવ હરખ ભેગા, તે છતાં કાન્તિ શીળી.

નિશ્ચય એમ જણાય છે કે તે વેરીને મારીને આવ્યો.

કરણ—(મગરૂરીથી) સાબાશ, સાબાશ, શંકલદેવ (ખુંખારીને) દુશ્મનને પાડયો?

શંકલદેવ—બરાબર લાગી ગયું કે પડયો.

વિદૂષક—અગાળ આવી નીચો નમી સલામ કરે છે.

ભીમદેવ—(હશીને) કેમ મહાવીર–વાનર સ્વરૂપ.

વિ૦—માર્યો હાં માર્યો સાળાને–બેટીના બાપે મહેનત તો ખૂબ કરાવી હો.

ભીમદેવ—ભાઇ–મને લાગે છે કે હવે, આપણે રાજધાની તરફ વળીયે (કરણનો હાથ પકડીને) હવે તો આપણે જૂદા પડવાનો વખત પાસે આવ્યો.

શંકલદેવ—રામ રામ, રાજાજી.

કરણ—રામ રામ (હાથ મેળવીને) પાછા વહેલા મળજો.

શંકલદેવ—એમ શા વાસ્તે (ભીમદેવને) ઘોડા ઉપર ચાલીયે તો ઠીક નહિ? જલદી પહોચી જવાય.

ભી—મને પણ એમજ લાગે છે.

એક ગામડીયો—(હાંફતો હાંફતો આવીને ઝડપ-થી સલામ કરી હાથ જોડીને) બાપજી તમે તો પધારો-છો ને પણે તો કળારોળ વરતી રયોસે. હવે તો મા બાપ ગામને રાખવું તમારે હાથસે.

શંકલદેવ—શું છે? આમ કયમ બોલે છે?

ગામડીયો—મોહોટા કુંવરે વાઘને માર્યો પણ વા-ઘની મરતી વેળાની ચીહ હાંભંળતાંજ અશાડાનો મેહ ગરજતો હોય ત્યમ તડકીને વાઘણ બોડમાં નેહરી, છલં-ગો મારતીને ચીહકારા નાંખતી રીહમાંને રીહમાં જાણે ભારે ચીડવાઈને આવતી હોય તેમ આપણા તંબુ આગ-ળ આવીને ત્યાં ઉભેલાં માહણજ જાણે મારા વાઘને મા-રનાર છે એમ કરી એમના ઉપર ધશી; ને ધંસતાં વાં-તજ એના ધહારાથી આપણો તંબુ પડયો તેની તળે બે ત્રણ માનવી ચગદાયાં છે, એક બેને તો મારી માંખ્યા ને બાજાને પણ જખમ થયાં છે—એ તો પરભુને બચાવવાં હશે તો બચશે પણ જો એ ગામમાં પેઠી તો પછી કાં-ઇ પૂછવાનું નહિ રહે—ભારે ગજબ કરી નાંખશે—માટે આપ જેવા અમારે માથે ધણી એમ જાણી અરજ ક-રવા આવ્યો છું.

શંકલદેવ—(ભીમદેવ તથા કરણથી પહેલાં હાથી ઉપર ચ્હડીને) મહાવત-ઉતાવળે તંબુ તરફ હાથી લઈ જા.

મહાવત—જી.

ભી—ઓહ આતો ચાલ્યો-પણ અરેરે-આને હવે કેમ કરવું-આ રાજાને આમ મૂકીને જવો તે પણ મને યોગ્ય દેખાતું નથી-આમ એકાએક શું બેશુદ્ધ થઇને પડયો (આશ્વાસના કરીને) અરે એને લગારે ભાન નથી-(ધીંટેથી કરણજી-શૂરા રાજા-ઉઠ-તું ઉઠ-અરે એનો આત્મા દેહમાં છે કે નહિ તેની પણ શંકા થાય તેમ ભાન વના પડયો છે.

કરણ—શું દેવલ ચગદાઇ?

ભીમ—(મનમાં) એની એકની એક આવી રૂડી છોકરીને માટે આગ્રા થાય તેમાં પણ નવાઇ નથી (હલાવીને) શૂરા સામંત-જરા ઊઠીને શુધ્ધિમાં આવો.

ક—આખરે વાઘે જીવ લીધો!

ભી—એમ નાહિંમત શું થઇ જાઓ છો! કાંઇ ફીકર કરશો નહિ-દેવલદેવી તો આ તમારી પાસે, આવીને ઊભી રહેશે,

ક—(એકાએક આંખ ઉઘાડી ઉઠીને).

ગીતિ.

બળ્યો જળેથી દીવો, બાળકિ મારી તને દિઠી જિવતી;
છાતી સરસી વળગી, દબાવ આવી કુકાય મુજ રિબતી,

(એમ કહી હાથ લાંબા. કરે છે) અરે કયાં છે દે-
વલ–કયાં.છે–અહિં તો કાંઇ નથી (એમ કહી પાછો મૂ-
ર્છા ખાઇ પડે.છે.)

ભો—અરરરર–આતો ઉલટું બગડયું. કરણુરાજા
દેવલદેવી જીવતી છે. (આશ્વાસન કરે છે.)

એક ખવાસ—(દોડતો દોડતો–હાંફતો આવી) મ-
હારાજ વાઘણુ પડી; કુંવરે તો એને ઊભાને ઊભી ચી-
રીજ નાંખી. પણુ મહારાજ, આપનો તંબુ પડયો છે તેની
તજવીજ કરવા ઉતાવળા પધારો તો સારૂં.

ભી—ચાલો–(કરણુને) કરણુજી. રાજા, ઊઠો ચા-
લો–ત્યાં દેવલદેવી સાજીસમી છે–ને તમને બોલાવે છે–ત-
મને જોવાને એનું મન ઘણું ઉત્સુક છે–માટેઊઠો (ધાંટેથી)
વાઘણુ તો ગઇ–કાઇ વિઘ્ન નથી થયું.

કરણુ—(અકસ્માત ઊઠી) હેં હેં ખરે મને મા-
રી દેવલ પાસે લઇ જાઓ. ગમે તેમ કરીને લઇ જાઓ.
ચાલો ઉતાવળા ચાલો–વાર કયમ કરો છો. (ગભરાઇ ગ-
ચેલી સ્થિતિમાં ઊભો રહે છે. તેને હાથી ઉપર બેસાડી
સર્વે ગયા).

પ્રવેશ ત્રીજો.

સ્થળ વનમાં પડેલા તંબુ આગળ.

શં—નાયક–આ લોકોને લેઇ તંબુ ઝડપથી ઉઠાવો.

ના—જી–(બધા મળી તંબુ ઉઠાવે છે).

એક ગામડીયો—કુંવર મારાજ–મનખ તો બધાં એને હરયાં–એ એની દબાયાથી હુધ બુધ જતી રહીસે–કોઇ તો વાઘણના ભેથીજ અદમુઆં થઇ પડયાંસે—

શં—(મનમાં) ખરે બહુ ખેદકારક.

માલિની.

ઉપવન ધટતો તે, આ પડયો આમ તંબુ
પસર્યું રુધિર તેમાં, ચાલ્યું આ શ્યામ અંબુ
ત્રણક શબ પડેલાં, આમ બેભાન બે છે,
અરિ નખથિ ઘવાયાં, કોઇને લોહિ વ્હેછે. ૧૩

નાયક—(આવીને હાથ જોડીને) એ બધા તો નીકળ્યાં, પણ કરણ રાજાની છોકરી દેવળદેવી આ તંબુને પડખે બેઠીતી ને તમે બધા શિકારે ચાલ્યા તે જોયાં કરતી હતી તે તમ્બુ ઉપાડયો પણ કાંઇ દેખાતી નથી.

શંકલ—અરેખરે. (મનમાં) હવે હું કરણ રાજાને શો જવાબ દઇશ સુકુમાર રાજકુંવરી એશું ? એને ખોળો, બરાબર તપાસ કરો, તંબુના પડેલા પડદા, રાવઠી·

ઓ, બધુ જીવ રાખીને જુઓ. (મહાવતને) હાથી બેસા-ર-(નીચે ઉતરે છે અને પોતે પણ જોવા માંડેછે).

નાયક—આપ શું કરવા શ્રમ કરોછો, અમે હમ-ણાં ખોળી કાડીએ છીએ.

શંકળ—(મનમાં) અરે બહુ ખોળી પણ કાંઇ જ-ડતી નથી. આ ભીમદેવને કરણતો આવ્યા.

નાયક—આતો નો હોય ! (એમ કહી ઉતાવ-ળથી તંબુનો તે ભાગ ઉકેલી જુએછે) અરે નોંય આતો મશરૂના ગોદડા ઉપર મારો પગ પડયો.

કરણ—(એકદમ ધશી આવી) કયમછે કયમ, મારી દીકરી ક્યાંછે. (સર્વે જવાબ દીધા વના વધારે ત્વરાથી ખોળવા મંડી જાયછે).

શંકળ—(તંબુને એક વેગળે પડખે). શિવ, શિવ, આ દેવળદેવી—કેવા જાડા અંતરપટમાં વિંટાઇ ગયેલી પ-ડીછે ! (તંબુનું લુંગડુ જરા આઘું ખસેડી) હાય હાય આતો જીવ ગયા જેવી પડીછે. (તેના સામુ એકી નજરે થોડી વાર જોઇ રહ્યા પછી) એનો શ્વાસ થોડો થોડો ચા-લેછે, વારૂ ! (તેને એક નજરે ક્ષણ જોઇને તેને માથે હાથ મુકી જરા હલાવે છે.)

(તંબુને બીજે ભાગે)

લોકો—રામ રામ, અહીયાં તો કાંઇ દેવળદેવી જ-ડતાં નથી.

શંકુળ—(મનમાં) થોડુ પાણી નાંખુ માથા ઉપર!
(છાંટીને)-સુંદરી! આંખ ઉઘાડ. (તેને ઢંઢોળેછે)

દેવળદેવી—(ધીરે ધીરે આંખ ઉઘાડીને) તાત?-

શંકુળ—(તેને ઢંઢોળેછે) એતો હુંછું. કરણ રાજા તમને જોવાને અધીરા થઇ ગયાછે માટે ઉઠો એમને મળો.

દેવળદેવી—આજ શંકળદેવે—વાધણુ—મારી.

શંકુળ—એતો હું છું. દેવળદેવી! કરણ તો પેલી તરફ ઉભા છે.

દેવળદેવી—(શંકળદેવ તરફ કરૂણાદૃષ્ટિએ ટકટક જોયાં કરે છે.)

શંકુળ—(તેને મીઠી નજરે જોઇને) તું હવે ઉઠ. તારા બાપ બહુ અધીરા થઇ ગયેલા છે. (મનમાં) એ-મની પુત્રીને શોધતાં તથા તે જીવતી સાજીસમીછે તે જા-ણતાં કરણ રાજાને વાર થાય તેની કાંઇ હરકત નથી પણ સારી અવસ્થામાં એ તેને મળે એમજ જાણીને મેં, એના જડવાનો વૃત્તાંત આટલીવાર સુધી ઢાંકી રાખ્યો! (દેવળદેવી ઉઠેછે.)

શંકુળ—(ઘાંટેથી) કરણરાજા અહીંયાં આવો. ગ-ભરાશો નહી ભાઇ. આ અહીંયાં છે. (કરણ અને પછ-વાડેથી બીજા આવેછે). (કરણ અને દેવળદેવી બે ઉતાવળાં સામસામાં જઇ એક બીજાને ભેટેછે).

કરણ—હાય હાય મારી વહાલી દીકરી આટલી-વાર સુધી કયાં દબાઇ રહી હતી? અરે રામ. (રોઇપડેછે)

શાર્દૂલવિક્રીડિત.

રાજ્યોલ્લાસ સુકીર્તિ બાળ કનકા ને તારિ માએ તજ્યો.
વૃદ્ધાપે મુજ આશ કાજ હરિયે તું રૂપ હીરો સૃજ્યો.
દેવી તે પણ આજ તું તજી મને કયાં જૈ રહી કયારની.
દુઃખાવા અદકો શું કામ ન જડી વ્હાલી કઈ વારની. ૧૪
(આંખમાંથી આંસુ પાડે છે).

દેવળદેવી- એમાં પાણી શું કરવા લાવો છો આં-ખમાં તમે? (આંખમાં આંસુ આણીને). (ઉંચી થઇ ક-રણની આંખો લોવા જાય છે)

કરણ—થયું, બા થયું. અરે. જે થયુ તે સારૂં થ-યું. તને જીવતી જોઇ એટલે મને પાટણનું રાજ પાછુ મળ્યું એટલી નીરાંત વળે છે. પણ શંકળદેવ, આ ફુટેલા નસીબના કરણ જેવા દુખિયારાના ભાગ્યનો ઉદય કયારે થશે વારૂ?

શંકળ—(નિચું જોઇને) પણે આગળ તંબુના એક ભાગની દબાણમાં મારી નજર પડી. થોડું પાણી છાંટયું એટલે સાવચેતી આવી. પછી મેં તમને કહ્યું.

કરણ—અરરર-ખરે-દેવળદેવી! તું તળે ચગદાઇને બેભાન થઇ ગઇ હતી! તને કાંઇ વાગ્યું કર્યું તો નથી!

કાંઇ કાંટાબાંટા તો વાગ્યા કર્યા નથી ? છોકરી હેઠળ પં ડી તેવું બધું શરીર કુટાઇ ગયું હશે તો ! હાયહાય મને જોવાદે. (શરીરે હાથ ફેરવી જુવે છે). અરરરં! આ મોટો ઉઝરડો શેનો ભરાયો છે ? અને આ હાથ તો બધો સુજી ગયો છે.

દેવળ—કાંઇ નહી. એ તો જરા વાગ્યું છે.

ભીમ—(આગળ આવીને) રાજા, જે થયું તે સારૂં થયું. ઈશ્વર જે કરે છે તે સારાનેજ વાસ્તે. હવે ચાલો આપણે સારૂ નવો ઉતારો કર્યો છે ત્યાં જઇએ. તમારી કેમ મરજી છે-બાગલાણ જશો કે અમારી સાથે આવશો?

કરણ—ના અમે તો કિલ્લા તરફજ ચાલીશું. બહુ દુખતું તો નથી કની ?

દેવળ—ના કાંઇ બહુ તો દુખતું નથી.

કરણ—(તેને વાંસે હાથ ફેરવતો—આંખમાં જરા ઝળઝળીયાં આણીને)

મન્દાક્રાન્તા.

થોડી થોડી પડિતિ રજની, દેવિબા દીન કોઈ
માતા તારી, મુજ નિકટ ત્યાં, એકલી બેઠિ જોઈ,
માગ્યું કે જા, જલદિ જઇને, દેવિને લાવ પાસ,
ઊઠી પ્રીતે, સહજ તુજને, લાવિ તે કાંત હાસ. ૧૫

દેવળ—હં—તેપછી !

કરણ—પછીકની,

શિખરિણી.

દઇ હાથે ટેકા, મુજ તરફ જોઇ હસતિ તું,
ફરી આખી ભીંતે, પણ પછિ પડી જ્યાં ફરતિ તું,
પડી ગાદી નીચે, તુજ જનનિને કા'ડ કહ્યું મે.
હસીને કે' કોળા, પડિ ગઇ ત્યહાં તો શું થયું જે. ૧૬

પછી તો મનનો તો વાહાલ એટલે જલદી આવી તને ગાદી તળેથી કહાડી.

દેવળ—એ વાત તમને ક્યાંથી સાંભરી?

ભુજંગી.

'કરણ—પડી તંબુની તૂં, તળે તુતં તેવી,
મને સ્વપ્ન લાગે, કશી રીત જીવી.
અરે વા'લી દીઠી તને, સર્વ સીધ્યું,
થયૂં આ શું કે ના થયૂં એમ લીધૂં. ૧૭

શંકળ—(આ વાત એક ચિત્તે સાંભળતો હતો ને) (મનમાં) આવા કોમળ શરીરને ન વાગે એમ તે થાય. ખરે આવા સુકુમાર અંગ ઉપર આટલો બધો શોં દૈવકોપ.

માલિની.

મધુર મધુર શબ્દે, શી વદે નમ્ર બોલે;
જુઇફુલ રજનીનૂં, રે ખમે કેમ તોલ.
કુમળિ ¹કુમુદ ફૂરી, ગર્મિનો ત્રાસ ક્યાં સે',
અટપટિ ગુંપિ જાળે, મીનદ્ ક્યાંથિ ²વાસે! ૧૮

---

૧ કુમુદીની, પોયણી. ૨ વાસે=વાસ કરે; રહે.

નાયક—(આગળ આવીને) રાજા સાહેબો, આપને સારૂ સઘળી તૈયારી કરીછે. માટે હવે મરજી હોય તો હાથી ઉપર બીરાજો.

કરણ—વારૂ જે થયું તે રૂડુંજ થયું છે. દેવળ, કાંઇ દુંખતું મટયું ખરૂંકની? ચાલો હવે આપણે ઘેર જઇએ.

શંકળ-તા. ભીમ—રામ રામ રાજાજી. (એકે એક હાથ મેળવે છે) તમે કિલ્લે પધારશો ? અમે ઉતારા ઉપર જઇએ છીએ,

કરણ—હાજી—સધાવો.

શંકળ—હજી અમે થોડા દહાડા અહીંયાં છીએ એટલે મળવાનું તો રોજ થશે. (દેવળદેવી તરફ જરા આંખ જાયછે.)

દેવળ—(લાજેંથી નીચું જુએછે.)

ભીમ—કયમ, આપણેતો નીકળવાનો વિચાર ધાર્યો હતો ને ?

શંકળ—હા, પણ, અહીં કેટલાક લોકોની તકરારો સાંભળવાની છે; માટે, તમારે દેવગઢ જવું હશે તો તેની કાંઇ હરકત નથી.

કરણ—નિત્ય હું તમારી પાસે આવીશ. આપ પણ કોઇ કોઇ વખત ત્યાં આવતા રેહેજો. વારૂ ત્યારે. (હાથી ઉપર કરણ તા. દેવળદેવી જાય છે. કરણ જવાના રસ્તા તરફ જોતો, ને દેવળદેવીની નજર પાછળ શંકળદેવ ઉપર

વારંવાર જતી પણ પાછી લેઇ લેતી).

શંકુળ—(જતા હાથી તરફ વારે વારે જોઇને મનમાં ઉદાસ થઇ જાય છે.)

ભીમ—ચાલો ત્યારે હવે આપણે.

શંકુળ—હા, આ—(હાથી ઉપર બે બેશીને જાયછે) (પાછળ સર્વે ગયા.)

(મોહોટો પડદો પડ્યો.)

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

(સ્થળ)વન. માંડવા આગળના એક ઝાડ આગળ.

એકદાસી—હા તેં કહ્યું ત્યાર પેહેલાનું મને એમ લાગતુંજ હતું.

બીજી—એતો જાણે ઠીક, પણ નહાના કુંવરને એક પીડા આવી પડી.

પેહેલી—હું સમજી. પણ શંકળદેવને આમ મુકીને કાંઇ જવાય ?

બીજી—નાસ્તો, તેથીજ એમણે અને પ્રમુખે એવો વિચાર ઠરાવ્યો કે પંદર દિવસ અહિયાં રહેવું.

પેહેલી—આપણને તો એ વાતની કુંવરના ચેહેરા ઉપરથી જ માત્ર ખબર પડે છે, પણ આપણે કાઇ મ-

ને જઇને પુછી જોઇએ કે એકાએક આમ એમનું મન શાથી ભમી ગયું અને આટલી બધી ચિન્તામાં ને નરમ કેમ દેખાય છે. અલી, આ વાત જાણવી હોયતો આવ. કયમ આવો રાત, કયાં જઇ આવ્યા !

ગણુ (હજામ)—આ લગાર ધોતીયાં ધોઇ આવ્યો. કુંવર જરા આજ મોડા ઊઠયા તેમાં વાર થઈ.

પેહેલી—કોણ, ભીમદેવ ?

ગણુ—અરે તું જાણતી નથી. શંકળદેવ-પાટવી કુંવરની વાત હુંતો કહું છું.

બીજી—(પેહેલીને)-એતે મોડા ઊઠે ! એમનેતો રોજ વેહેલા ઊઠવાનો ચાલછે.

ગણુ—અરે તું જાણતી નથી કે એમનું રાતરે રોજ શરીરતો હુંનું હોય છે; કોણ જાણે તાવ આવે છે કે શું એ !

બીજી—શાથી તાવલું શરીર રહેછે વારૂ ?

ગણુ—ભગવત જાણે.

(વિદૂષક—(આગળ આવીને)-રાત લગાર બેશી જાઓને (માથુ ઉઘાડુ કરે છે)

ગણુ—(હસતો) વળી ક્યાંથી આવ્યો ?-અત્યારે નહી-હમણાં કામ છે.

વિદૂષક—કયાં; પાડા મુંડવા છે કે શું ? અરે ભૂલ્યો, મહારાજને નવરાવવા હશે.

ગણુ—(એના સામું ગુસ્સાથી જુવે છે.)

વિદૂષક—ભાઇસાહેબ માફ કરજો હો. હું તમારી આંખથી ડરી જાઊછું; તેથી કદી ન કરે નાથને તમાંચો બમાચો લગાવી જવાય. ના ના, પણ પેલી વાત, એ વાત બગવતતો જાણેજ તો–પણ માટે બીજુ કોઇ ન જાણે !

પેહેલી—ગંણુતો કુંવરનો ખાસ.

વિદૂષક—ખાસડાં ઊપાડે તે ખાસ કેહેવાય. દરબારમાં કુંવરને પંખો ઊરાડે તે ખાસ કેહેવાય ?

ગણુ—ખશ. (દાસીને) કાલે રાતે, હું કુંવરની પગચંપી કરવા ગયો હતો ત્યારે મને ચાંપવાની ના કહી; એટલે મારા મનમાં એમ થયું કે ના કયમ કહી હશે વારૂ ? પછી મેં થોડીવાર સુધી જોયાં કર્યું; તો શંકળદેવ તો ઘણી વાર થઇ પણ ઉંઘેજ નહીંને આળોટઆળોટ કરે. પથારીતો જો હુંની થયેલી. પણ એક મેંતો અજબ દીઠું.

વિદૂષક—એક મેંતો હજામ દીઠો.

ગણુ—સાંભળ, સાંભળ. એમની આંખમાંથી થોડું થોડું—જરા હો, પાણી જતું હતું. અને જાણે કાંઇ બહુ દિલગીરીમાં હોય નહી એમ દીસતા હતા.

બીજી—કહેવત માણુસે જોઇ જોઇને કહાડેલાં એમ કહે છે તે ખરૂં છે નહી ગણુ?

વિદૂષક—(હશીને) અલી એમ કેમ કહેછે !

જયાં સુધી મારા પેટમાં વાત હોય છે ત્યાં સુધી અને તો ચુંક આવ્યા કરે છે.

પેહેલી—એમ શું બોલે છે.

વિદૂષક—એમ બોલ્યા–આ વખત રાતને એટલી નીરાંત વળી કે માખીમારને માંખીમારીને વળેછે ને પેલા બિલ્લીમારને બિલાડીના બે કડકા કરી નાંખે વળી હતી તેટલી.

ગણુ—ચલ, નાદાન. આ તમારાં જેવાં મુર્ખાંની બકબક કોણ સાંભળે છે. હમણાં હજુરમાં જાહેર કરીશ તો પછી જોવા જેવું થશે.

બીજી—એટલી ખુશી શાથી થાય–

વિદૂષક—હવે પેટમાં ટાડક થઇ. શૂરાને શત્રુ મારે, ચોરને ચોરચે, વ્યસનીને વ્યસને, ને હજામને વાત કહે ખુશી થાય.

ગણુ—છટ: યાદ રાખજે બચ્ચાજી. (એમ કહી ગુશ્સામાં આંખો કહાડતો જાય છે.)

પેહેલી—(બીજીને)–હવે મારા કળ્યાગાં બરાબર વાત આવી.

બીજી—શી વાત કળ્યામાં આવી !

પેહેલી—કુંવરે તે દહાડે વાઘણ ને વાઘ માર્યાં, તે દહાડે શું થયું હતું તે ખબર છે કે નહી ? એ બેની આંખો ઉપરથીજ હું સમજી ગઇ.

બીજી –કોયા બેની.

પેહેલી—ચંહ. (વિદૂષક સાંભળશે એમ આંખ-થી અણસારામાં બતાવે છે.)

બીજી—તોએ ?

પેહેલી— (કાનમાં) યુવરાજ ને પેલી કરણની કુવરીની.

બીજી—ઓહહો! વાત તો ઠીક, ત્યારે એનુંજ કરમ આ યુવરાજને નડે છે; નહી ? જો જો, શંકળદેવ તંબુમાંથી નિકળ્યા અને કેણી તરફ ચાલ્યા વારૂ.! આપણી તરફ આવે છે એવું મને લાગે છે; વાત કરતી બંધ રહી જા.

પેહેલી—ચાલ ત્યારે આપણે અહીંથી જઇએ. (ગઇ)

પ્રવેશ બીજો.

(શંકળદેવ ઉદાસ મોંએ અને જરા નિર્બળ થયેલો પોતાના સાથી જોડે વાત કરતો આવે છે.)

શંકળદેવ—એ તો જ્યારે અનુભવમાં આવે ત્યારે ખબર પડે.

શિખરિણી.

પડીતી એતો ત્યાં, કુમળિ પણ મૂર્છાગત ઘણી.
ઘણું છાંટે પાણી, કંઇ કંઇ વળી શૂદ્ધિ મનની.

પછી ઢંઢોળી મેં, શશિમુખિ સુતી સ્વપ્નગ્રહિ તે.+
પછી હર્ખી હૈડે, ટકટક જુએ પ્યારિ મુજને. ૧૯

વિનાયક—(શંકળદેવનો મિત્ર) તેણે તમારા સામું જોયું હશે તેમાં શું થઈ ગયું ! તમે એને કહાડી એટલે એણે એમ જોયું કે મને કોણે કહાડી; પર પુરૂષને વશ સ્ત્રીઓ ધણીએ એમ બદનજરે જુએ છે.

શંકળ—અરે મૂર્ખ !

શિખરિણી.

બીની આંખે વારૂ, ×પ્રણયપુર દર્સાવતિ પ્રિયા
પિતા સાથે બોલી, ચરિત નરતાં ત્યાં વદ કિયાં;
વળી શુદ્ધી જ્યારે, હરિણનયની મન્દ નિરખી,
સુતી સૂતી જોતી, હૃદય કરુણા આણિ પરખી. ૨૦

ખરે એણે એજ રીતે જોયું. (મનમાં) પણ મારા મન્દ ભાગ્યનો એવી રીતે અભ્યુદય ક્યાંથી. એ રત્ન મારે હાથે ચડે એવું મને નથી લાગતું.

વિનાયક—રાજા લોકની આ માથાકૂટ ભારે-વળી કેમ વિચારમાં પડી ગયા !

શંકળ—પ્રિય !

વિનાયક—ઓ-ઓ-ઓ.

+ સ્વપ્નગ્રહિ =સ્વપ્નાએ ગ્રહેલી, પકડેલી; સ્વપ્નાવસ્થ.

× પ્રણય=પ્રેમ. પ્રણય-પૂર=પ્રણયનું પૂર=ભરપૂર પ્રેમ.

શંકળ—નહિં. તું એ રીતે ગુસ્સે થાય ત્યારે તો કાંઇ ઠીક નહી.

વિનાયક—(મનમાં) એમ બતાવવાનો વખતજ આ છે; અશે પણ (પ્રકાશ) રાજનું કામકાજ છોડી આટલા દિવસથી આ ગામડામાં પડી રહ્યા છીએ તે કરતાં ઘેર જઇ નીરાંતે બેસીએ તો કેવું સારૂ !

વિદૂષક—(એકાએક આવીને) આ શું જાણે છે. એ તો મેં સાંભળ્યું. આ ગામડાની બલિહારી, એની ખુબી, વગડાની લીલા, તેને તારા શેહેરની શોભા, શેહેરના કચરાનો દુર્ગંધ તારાં પોહોંચી શકે એમ નથી. જાણ્યું ?

વિનાયક--તું શું જાણે.

વિદૂષક—હા હું તો ન જાણું. પણ એટલું તો ખરૂં કે અહીંયાં રહે કાંઇ તારા ઘરના પટારા તો પુરાય તેમ નથી.

વિનાયક—તું શું શેહેરની શોભા જાણે. એ વિશાળ ને મજબૂત કોટ જ્યાં આવી રહ્યો છે; એ લોકની આંવજાવ–એ વાહનપડધા, એ રાગતાન, એ રૂપેરી સોનેરી મેહેલ: તેના આગળ તારા વગડાની શોભા પાણી ભરે છે.

વિદૂષક–કોને સારૂ પાણી ભરે. તારા જેવા બળદિયાને સારૂ !

વિનાયક—ગમાર જેવો છે.

વિદૂષક–શું જાણે છે? અહાહાહા અહિંયાં કેવુંછે?

માલિની.

મનગતિથિ કુદેછે, વાંદરાં વૃક્ષ વૃક્ષ.
કર ધરિ ફળ ખાતે, મૂખનૂં રૂપ લક્ષ.
અડુક દડુક દોડે, દેડકાં ડારિ ડારી.
સુણ ! ઉદરવિશાળા, કામમાં ગામનારી. ૨૧

વિનાયક—આહા કેવું સુંદર.

વિદૂષક—હા હા. હમેતો જડસા, પણ જોતો ખરો અહીંયાં કેવો શીતળ પવન આવેછે !

વિનાયક—અલ્યા હુંતો અહીંયાં કાંઇ નથી દેખતો.

શાર્દૂલવિક્રીડિત.

ભાસે ભાનુ પ્રકાશ દીન ચડતે, બાળી મુકે અંગને;
રાત્રીએ ન ગમે શિયાળ વદતાં, કર્તાં મનોભંગને.
એકાન્તે સહુ શાન્ત ભ્રાન્ત પડતી, કલપાન્તનું ×સ્થાન આ.
ક્રૂરાં પંખિ પશુ પણે પણ કરે, ત્રાસે ભર્યા શબ્દ જ્યાં. ૨૨

માટે કુંવર (શંકળદેવને) અહીંથી હવે નાસવું બહુ સારૂં છે.

શંકળ—[વિચારમાં બેઠેલો] (મનમાં).

ભુજંગી.

મને લેખતી હાવને ભાવથી એ,

× કલ્પનો અન્ત અહીં વસેછે; પ્રલયકાળનો વાસ આ ઠેકાણે છે.

ઉદાસી મુખે મૂકિ જૂદી જતં એ.
કહ્યું આવજો કર્ણ ત્યાં તેહ લાજી.
જતે નેત્રતૃષ્ણા છિપાવીજ પાછી.

[આમ તેમ જોઇને] આ લીંબડાની છાયા તળે આ આસન મુકાવી રાખ્યું છે તેનાજ ઉપર બેશીને હું જાણું-છું કે આ ઉપવનના મન્દ શુગન્ધી શીતળ પવનનો અને તેના રમ્ય રમ્ય મેદાનનો અનુભવ કરતા બેશીએ.

વિનાયક—જેવી આપની મરજી. (બેસેછે)

વિદૂષક-પણ મારી તકરારનો નિવેડો આણો. મહા-રાજ બોલો, એકાન્ત વનવાસ સારો કે શહેર?

શંકળદેવ-(મનમાં] એમને આ વિશે ચરચા ચા-લી રહી હતી! ઠીક, હું સમજ્યો. વિનાયકે તો વનવાસ ધિક્કાર્યોજ હશે. [પ્રકાશ] દુઃખ અને સુખમાં જેટલો ફે-રછે તેટલો એ બે વસ્તુમાંછે.

વાસંતિક! શિખરિણી.

પડયા લાંબા પ્હોળા, દુરથકિ દિસે મેઘ ચડિયા,
ગુફાવાળા ભારે, નગઢગ ઘણા ગાઉ પડિયા;
નદી વ્હેતી ત્યાંથી, રમતિ રમતી કર્તિ રવ તે.
વિલોકીને લીલા, ઉભટ મન આનન્દ રમતે. ૨૪

મન્દાક્રાન્તા.

સીધાં વાંકાં, હરિતતરુની, પંક્તિની બાંધિ છાયા,

કર્ણે આવે શ્રવણગમતા [1]કોકિલે બોલ ગાયા,
મોરે મીઠા, કલ કરિ સુણે, સારસો બોલતાંને;
કૂળાં જોડે, હરિણ ચરતાં, રાખિ વાંકાં ગળાંને. ૨૫

વળી,

ગીતિ.

મદભર ગજ રણ ભમતો, ભયકર શબ્દો કરે પશુરાજ;
એકાન્તે દ્રુમકુંજે, રતિ અનુભવિ વનવિહારી હરિલા જ; ૨૬
હરિણી પાસે પાસે, કૃષ્ણસાર જયમ જતો જોતો જોતો;
ત્યમ ત્યમ દુર તે ખસતી જયમ કામિનિ પ્રિય સતાવતી ખોટો ૨૭

વિનાયક—એકની એક વસ્તુ ને એનીએ આંખ પણ બે તરેહની દેખાય—

દોહરો.

દેવળદેવી જે તમે, ચિન્તો વારંવાર,
તમ મન દીસે પદ્મિની, હું દેખું નહિં સાર. ૨૮

શંકુળ—(મનમાં એકાએક) અરે તને ભૂલી ગયો! પણ શું ફોગટ ફાંફાં મારવાં? વિસ્મૃતિ થઇતી તેજ સાર હતું. વળી આણે તને સંભારી આપી. (પ્રકાશ) એમાંજ કર્તાનું ચાતુર્ય દેખાયછે. મારી વાતતો હું જાણું છું કે મને એ મળનાર નથી. પણ ખરી વાતછે કે મદન એ મનમાની પ્રાર્થના કરનાર છે—

---

[1] હિન્દુસ્તાનમાંજ કોકિલ છે.

અનુષ્ટુપ્.

વસી મારે મને કાન્તા, દુર્લભા માનિની દિસે.
આશાદોરી વડે ખેંચી, ચેતના ત્યાંનિ ત્યાં ધસે. ૨૯
દીનથી દૂર જો લક્ષ્મી, લક્ષ્મીતો *લ્લુતા થશે.
ચંચળા દૃષ્ટિ દીધેથી, ચિત્ત ચોરાઇ ત્યાં જશે. ૩૦

વિનાયક—દેવળદેવીના ઘણા ગુણ તમે ગાયા પણ તે પ્રમાણે રૂપ તો કાંઇ મેં ન દીઠું.

શંકળ—અરે આંધળા! દૃષ્ટિસુખના અજ્ઞાન! તને તે આંખ્યો શું કરવા આપી હશે. અરે કેવું લાવણ્ય. તે મારી જીભથી શું વર્ણવી શકાય, અને તે વખત કેવી—

વસંતતિલકા.

તંબૂ તળે પડિ ઉધી, શિરબંધ શોભે;
ડોકે વળ્યા વળભર્યા, વળિ વાળ ઓપે;
રૂપે ભર્યું જઘન ત્યાં, નવ યૌવને તે;
તેથી થઈ નિરખવા સરખીજ હેતે. ૩૧

વિનાયક—પુરૂષને કેવળ ફાંદામાં નાંખવા વાસ્તેજ સ્ત્રીજાતિ વિધાતાએ નિર્મીછે.

શંકલ—એમાંથી કોણ બચે છે? અને સ્ત્રી ઉપર સ્થિર ભાવ રાખ્યાથી કોણ દુખી કે પાપી થાય છે? મારૂં એના ઉપર મન લોભાયું છે. પણ એનું રૂપ કેવું, એનું મન કેવું!

---

* 'લોલુપતા' ઉપરથી ગુજરાતી 'લલુતા.

ઉપજાતિ.

મયૂખ માથે જયમ કાળિ રાત્રી,
શ્યામામ્બરે શોભતિ ગૌરગાત્રી,
દિઠી પડી કોમળ પાગવાળી;
તે કાળથી તે રહિ પ્રાણુ ઝાલી. ૩૨

વિનાયક—રૂપવતી તો હશે, પણ તમારા જેવા ધીર, વીર, રાજકુમારને આમ તેને વાસ્તે ઘેલા જેવા થઇને બકવું યોગ્ય નહીં.

અરે,

અનુષ્ટુપ્.

કોપ કોપે કરી કુદે, કમ્પી જે કાળથી પિતા,
તોએ તે માંહિના પ્હાડો, રાખેછે શુદ્ધ સ્થીરતા. ૩૩

એ તો કેવળ નીચ અને તુચ્છ માણુસને લોભાવતાર અને પછીથી ખરાબ કરનાર વસ્તુ છે.

શંકળ—કોણુ કહી શકશે કે મન ગમતા માણુસ ઉપર પવિત્ર મનથી ભક્તિ તથા પ્રીતિ રાખવી એ નીચ અથવા તુચ્છ બુદ્ધિનું લક્ષણુ છે? એવું બોલનારા બધાએ જડ, નિર્દય, અદેખા, બાયલા, અને ઘણું કરીને જાતેજ નઠારા ને શઠ હોય છે. મારી દેવળદેવીની તો એની જાતિમાંજ જોડ નથી. પછી શું કહેવું.

વિનાયક—વારૂ; મેંતો બરાબર એને જોઇ નથી. નહિં તો હશે તમે કહોછો ત્યારે હશે એમ.

શંકળ—એર વિનૂ,

વંશસ્થવિલ.

વિસાર વિસ્તાર ભરેલ ચોટલો,
અડે નિતમ્બે વળભાર તેટલો;
પડે પુરો તે કટિ પાસ આવિને
પ્રમત્ત પ્રીતી અટવાતિ લાવિને ૩૪

વિનાયક—કોઇ વખત સાવચણીના કામમાં પણ આવે ?

શંકલ—ઘણોજ કર્કશ છે તું, કે જાણી જોઇને આમ બોલે છે; એમકે એમ કહે મારૂ મન એના ઉપરથી. ઉતરી જાય ! (મન્દ હસીને.)

વિનાય—નાના. એનું નખથી તે માથા સુધી તમને જેવું લાગ્યું હોય તેવું યથાસ્થિત કહો; મારે સાંભળવાનુ મન છે.

શંકળ—તેં જોઇછેજ તો એને.

વંશસ્થ.

બની ઘણી નાજુક મૂર્ધની ઉપરે,
ઝિણી ઝિણી શ્વેતજ સેંથિ ત્યાં સરે;
બનેલિ તોયે બહુ મન્દ આકૃતી,
સમૂળગી ખોઇજ જોઇ મેં ધૃતી. ૩૫

વિનાયક—અને એનું મુખ કેવું છે ?

શંકળ—ઘણું રળિયામણું અને કાન્તિમાન્ છતાં કોમળ અને નરમ; પણ શું તેં એની આંખ અને આકૃ-

તેમાં મદ સાથે કેવું ગંભીરૂપણું અને તેનીજ સાથે વિનય, નમ્રતા, તેમ સુઘડપણુ અને એ સર્વના ઉપરાંત દેખાઇ આવતો પ્રેમ તથા વિચક્ષણપણું શું તેં નથી જોયું કે મને વારે વારે એનું ભાન કરાવી તું દુખી કરવા ઇચ્છે છે ?

વિનાયક—તમારે એનું મોં ગોળ છે એમ કહેવાની મતલબ હોય તો એમ કહોને આ ફલાણી વસ્તુ જેવું ગોળ છે. ત્યાર વગર બરાબર મનમાં ઉતરતું નથી.

શંકળ—તે કશા જેવું નથી. એને કોઇ પણ વસ્તુ જોડે સરખાવી શકાય તેમ નથી.

વિનાયક—અને એંનો શરીરનો રંગ તો ગોરો છે નહિં વારૂ? હા મને તો એમ સાંભરે છે.

શંકળ—

ગીતિ.

ગોરો પુણ કંઇ રાતો, માતો પણ કંઇ ફિકાશથી પીળો.
સ્વાયચ્છાએ ધેર્યો, પ્રેમ મદનની પિડા થકી શીળો. ૩૬
ઇંદુથિ અદકી કાન્તી, વરણાગી કયમ વરણ વરણ્યું જાય;.
સલુણી રજપૂતાણી મન હરી તનમાં લગાડિ ગૈ લ્હાય. ૩૭

વિનાયક—એમ ઉદ્વેગ ન કરશો. એ તમારેજ વાસ્તે સરજી હશે ત્યારે તમને એના ઉપર આટલું બધું થયું છે. એ પણ દેખાય છે ભાગ્યશાળી તો; એનું કપાળ પણ ભાગ્યવાન્ મોટું છે.

શંકળ—

(ઔપચ્છન્દસિક)

કદિ મિત્ર વિચારિને જુવે તો,
ઝટ મોહે પડિ જાય તેવું તે તો,
કશિ નોક સુવર્ણ સૌમ્ય જેનું,
સુકુમારૂં વિભાવે કપાળ એનું. ૩૮

વિનાયક—એનું કપાળ કુમળું તેમાં શું; કપાળ! આપણું એમાં શું વળ્યું. એ તમને વરે તો તો ઠીક, બાકી તો અમથા લખારા.

શંકળ—

ગીતિ

થોડૂ થોડૂ દુખતૂ, ધીરે ધીરે કરે ધણે હેતેં
દબાવવૂં સધે એ, એ થકિ વદ શૂં અધીક સ્વર્ગે તે ૩૯

વિનાયક—મારી ઘરવાળીનું તો કોઇ દહાડો માથુએ નથી દુખતુ.

શંકળ—અરે મદન મને કયમ આમ મારી નાંખે છે?

વિનાયક—શેણે મારે. કાંઇ પણ શસ્ત્ર પાસે હોય તો મારે કની.

દ્રુતવિલમ્બિત.

ભમર શ્યામ કમાનજ કામની
પણછ તો ન દિઠી કયમ નામની

દિઠું નહી શર તે પણ મેં જરા
કુયમ કરી હૃદયે જઈ વાગ્યું આ. ૪૦

શંકળ—અરે પ્યારા,

દ્રુતવિલમ્બિત.

સુતનુ ને હઇએ સ્મરતો વશી,
કિકિ કરી શરને હું ભણી ધશી;
હિંમતની પણચે લઇ ખેંચિને,
ધડિ ધડી કર રે કર ધા મને. ૪૧

મારામાં તારા સામા થવાની શક્તિ રહી નથી. (ઉદાસીમાં બેસે છે.)

વિનાયક—મોહોટા રાજકુંવર થયા છે ! કાડી નાંખો એ વાત તમારા મનમાંથી. મહા મોહોટા એમાં વાઘ મારવા હતા ખરા કંની.

શંકળ—

સ્રગ્ધરા.

મારૅા મોટા શરે તે, પશુ રિપુ બળિયો, મારવાને અનંગ,
વારે વારે વિચારૂ દૃઢ મન કરિ તો, તોય ચાલે ન અંગ;
હાર્યા હાર્યાજ પ્રેમે, યતિપતિ જનના, જેમણે શૂરે દૂબ્યાં
તેનાં રોમે, સલૂણાં, પ્રણય સુચરિતે, સર્વનાં થાય ઊભાં. ૪૨

વિનાયક—હવેતો ઘણો કાળ થઇ ગયો. ચાલો હવે જઇએ.

શંકળ—મને તો પ્રિયા વિના બીજું કાંઇ હમણાં સુજતુ નથી.

વિનાયક—ત્યારે લાવો એક માળા આણી આપું અને બેશી રહો અહીંયાં અગાડી અને પ્રિયા પ્રિયા એમ જપ કર્યા કરો, એના નામનો. વળી એ તમને મળશે એટલે એને કેવું કેવું કરીશ તેના ઉમંગ થતા હશે તો!

શાંકળ—ઉમંગતો—

શાર્દૂલવિક્રીડિત.

જંગી સંગમ જ્યાં સમુદ્ર સરિતા સૌભાગ્ય સૌ'તી. મળે,
ત્યાં ફેલી તટની રસાલ લલિતા, ભૂમી સુશૈલો તળે,
લીલા વાળિ લીલોતરી પસરિ તે લીલા ગલીચાપર
છે ઉદ્યાન વિચિત્ર પુષ્પ દ્રુમનો સૌને કરે આદર. ૪૩

વિનાયક—તે છે, તેનું શું છે?

શાંકળ—

બાગે મ્હેલ સફેત આરસ ઘડયો બ્હોળે શિરે તેહને,
ઇંદ્ર આવિ બિરાજિને મુકુટ થૈ શોભાવતો જેહને.
કૉચે ત્યાં સુમુખી મદે વિલસતી દેખાતિ સોહાગણી,
બેઠી કે પડિ આડિ લાડિ અથવા ઊભી સગી કામિની. ૪૪

વિનાયક—(મનમાં) આતો ગાંડાજ થઇ જવાના છે એની પાછળ; (પ્રકાશ) બે કાંઠે પુર આસે છે. વારૂ, હવે તેનુ કરવું શું છે. મારા જેવો તો એવા જુઠા ચાળા કરનારીને એક આડે હાથે લગાવી દે.

શાંકળ—અરે મૂઢ.

કુમુદ્વતી પત્ર સમાન કોમળ. **વંશસ્થ.**

કર્યું તેવે,ઉદધિતનુની, હસ્તથી ધાલિ વાળી; મંદાક્રાંન્તા.
વદન પછિથિ નીર્ખી, ફૂમળે ગાલ મિત્ર, માલિની.
સદય નિર્દય ચુમ્બન ચાંપિ ને. દ્રુતવિલમ્બિત ૪૫

વિનાયક—અરે તમારી આશા.

શંકળ—આશા તો—

શાર્દૂલવિક્રીડિત.

ચાંદાની ચતુરાઇ ત્યાં વિભવતે કૂંળાં કરાંગ્રીકને,
હોંશે હાથ ગળે વિંટી થઇ પછી પાત્ર પ્રભામસ્તતે,
અર્પૂ આનન સેવતે સ્તન ભર્યાં ને પેટ પ્યારૂં બન્યૂં,
સ્નેહે શ્રોણિ ભરી ઉરૂ સુકદળી, સંસ્થાન સૌ મારનૂં. ૪૬

વિનાયક—(હશીને) વાહ-ચાલો. હવે બહુ થયું. મને તો કંટાળો આવ્યો; (મન્દ હશીને) તમારી સાથે મને પણ લવારો કરવાનું કોણ જાણે કયાંથીએ મન થાય છે. એના રૂપ પ્રમાણે વસ્ત્રાભૂષણ પણ એને ઘટે એવાંજ જોઇએ તો એને લુગડાં કેવાં પેહેરાવશો ?

શંકળ—મારૂં તો અંતઃકરણ એનામાંજ પરોવાઇ રહ્યું છે..(વીચારમાં બેસે છે.)

વિનાયક—વારૂ એને કાને ઝાલ પેરાવશો ?

શંકળ—જે મૂર્ખ માણસના મુખની આકૃતિનો ભાવ દેખાડે છે. નાંના, એને તો લીલમનાં લોલક કે એવું કાંઇ જોઇએ; કે ઝીણી હીરાકણીનાં નાજુક લોળિઆં.

વિનાયક—વા—રૂ—પછી?

શંકળ—પછી,

વસંતતિલકા.

સંલગ્ન તંગ નવ કંચુકી ઝિણું રંગી,
દર્સાવવે સુગમ એટલું વસ્ત્ર સંગી,
ઊભી કરી ગુણભરી લજવાઇ હાસે,
તે સ્વચ્છ દન્તનિ રુડી પ્રમદાજ પાસે, ૪૭

વિનાયક—પાસે શૂં, નાચવું કે!

શંકળ—અરે તું આમ મારા મનોરથનો ભંગ શું કરવા કરે છે?

વિનાયક—ના ત્યારે કોટે તો મણિની-હીરાની-કે મોતીની માળા, હાથે તો સુનાના શોભિતાં કડાં કે પીરોજી બંગડી, પગે તો હલકાં ફુલ જેવાં નાજુક આંબળાદાર સુવર્ણ સાંકળાં; લાવોને હુંએ મારા મનમાં આવે તેમ બકું; કે સુંદર છડા; ઉઠો, ચાલો આમ શી ઘેલાઇયો. કહાડા છો? ઘણું અસુર થઇ ગયું.

શંકળ—(ઉદાસીમાં લીન બેસી રહે છે.)

વિનાયક—અરે ચાલો યુવરાજ. હુ તમારે પગે પડુંછું (એમ કહી ધીરે કાંડુ પકડી તેને લઇ જાય છે.) (શંકળદેવ પણ કાંઇ બોલ્યાચાલ્યા વિના તે દોરી લઇ જાય છે ત્યાં ચાલ્યો જાય છે.)

अंक ३ जो.

પ્રવેશ પેહેલો.

(સ્થલ) વન. આંબા તા. લિમડાનાં વૃક્ષપાસેના તંબુ-માં કૉચ ઉપર બિરાજેલો શંકળદેવ.

શંકળ—(વિદૂષકને) વનવિહારિ ! એક તારે માથે કામ કરવાનું આવ્યું છે.

વિદૂષક—(માથે હાથ ફેરવીને) (નમીને) મારે મા-થે કાંઇ દેખાતું તો નથી.

શંકળ—(મોં મલકાવીને) હું તો કહુંછું કે તું મારૂ એક કામ કરીશ ?

વિદૂષક—તમારૂ કામ મારાથી શી રીતે થાય; પ-ણ શું કામ છે ?

શંકળ—તું આડૂ આડૂ ન બોલ. આ પત્રિકા તું હું કહું તેને જઇને ગુપ્ત રીતે આપીશ ?

વિદૂ—હા લાવોને; (એમ કહીને વગર લખેલો કા-ગળ શંકળદેવના હાથમાંથી લઇ ચાલવા માંડે છે).

શંકળ—અરે વાહ. એમને એમ લઇને ક્યાં ચા-લ્યો; અને કોને આપીશ? ક્યાં જઇશ? હજી તો લખવાનું છે.

વિદૂ—કોને આપું ? ક્યાં જાઉં ?

શંકળ—મને જે પ્રિય હોય તેનેજતો.

વિદૂ—ત્યારે અહિયાં તમારૂ દુષ્મન કોણું છે ?

શંકુળ—હું તો પાટણની રાજકુંવરીની વાત કરૂં છું. આ લઇ જઇને એ જ્યાં બેઠી હોય ત્યાં એના હાથમાં આપજે.

વિદૂ—(માથે હાથ ફેરવતો) આપણાથી ત્યાં શી રીતે જવાશે ?

શંકળ—તું જોજે તો ખરો. તું શુભકાર્યને વાસ્તે જાય છે એમ જાણીનેજ કિલ્લા ઉપર જવાનો માર્ગજ જાણે પોતાના રમણીયપણાથી તને માન દેતો હોય તેમ દેખાશે.

વિદૂ—કયમ જવુંજ ? કિયે રસ્તે જવું ?

શંકળ—ઉત્તર દિશાએ-કાંઇ દૂર છે ?

પુષ્પિતાગ્રા.

સરપ ચપલચક્ષુ વાડ ચાલે.
શિતળ બધે મૃદુ રેણુ અંકિતા છે.
પગતણિ પડિ પંક્તિ મોરની ત્યાં.
શ્રમજલ ભાલ ભિજ્યાં જનો હિંડે જ્યાં. ૪૮

વળી,

વસંતતિલકા.

ત્યાં યઇ નદી જતિ ઘણી લઘુ[1] તેથિ ભાસે-
કે દૂરથી[2] સ્થિર શું આ સ્થળ રે'તિ વાસે,

૧ લઘુ=નહાની. ૨ ઘણી નહાની નદી તેથી તે થોડેક દૂરથી એમ દેખાય કે આ ઠેકાણે તે જાણે વાસ કરીને સ્થિરજ રહી હોય; પાસેથી તો ધીરે ધીરે વહેતી માલુમ પડે.

તે પારદર્શકપણા થકિ છાય પામી[1],
જૂદા જુદા કદતણી તટવૃક્ષ સામી. , ૪૯

વિદૂ—હા હવે રસ્તો જડ્યો. ત્યાંથી સામે બાગલાણુ જવું ?

શંકુળ—બાગલાણુના કિલ્લા ઉપર.

વિદૂ—બાગલાણુના કિલ્લા ઉપર જશો તો સામો કરણ રાજા છે.

શંકુળ—ત્યાં જઇને શું કરીશ ?

વિદૂ—ત્યાં જઇને કોટ ઉપર ચડીને બેશીશ. પછી—ખાઇશ.

શંકુળ—તે તને કોણ પૂછે છે. ત્યાં જઇને તારે મુખ્ય કામ શું કરવાનું છે ?

વિદૂ—ત્યાં કોઠ બહુ થાય છે તે ભાગી ભાગીને ખાઇશ. કહો તો થોડાં લેતો આવું, મારા વિનાયકને મારે.

શંકુળ—શીધી રીતે બોલ. હું તને આ કાંગળમાં લખી આપું છું તે દેવળદેવીને હાથો હાથ આપજે.

વિદૂ—અહાહાહા (હશીને) હાથ તો હં હં (હશીને) હાથો હાથ તો તમારે આપવાની મરજી છે ને મને એમ શું કહો છો. વારૂ આગળ શું શું આવશે ?

---

૧ તટનાં વૃક્ષ—ઝાડના સામી તે આવેલી એટલે સામા તટ ઉપરનાં ઝાડની જુદા જુદા કદની છાયા તે પામી; ઝાડ મોહોટાં, નહાનાં તેથી છાયા પણ તેવી પડેલી.

શંકુળ—

ગીતિ.

દુરથી દેખિશ નાની, બાગલાણુ બાંધણી ધરેં બેઠાં;
કાળા ધૂમ વરણુનો, કિલ્લો જ્યાં તે ગિરિ પડખે પેઠાં. ૫૦

વિદૂ—પછી—

શંકુળ—પછી,

અનુષ્ટુપ્.

ધૂમ વીંટચો બળે જેવો, મહાવાસ છુટે ધુમ;
લાલ કાળો દિસે બાગ્યો, ઉદે ત્યાં ગિરિનો ત્યમ. ૫૧

વિદૂ—તે ઉપર ચડવું.

શંકુળ—પછીથી,

દોહરા.

ભયંકર થઇને પડયો, પથ્થર કિલ્લો શીશ;
બુરજ નિકટ મોટો જતે, દરવાજો દેખીશ. ૫૨

વિદૂ—ત્યાં તો જાણે ગયો; પણ દેવળાદેવી કયાં બેઠાં હશે?

શંકુળ—બપોરની વખતે તો ઘરમાં હશે, પછી આગમાંએ હોય.

ઔપચ્છન્દસિક.

કરમી ગયેલા મુખે ઉદાશી,
નિચિ આંખે સુમુખી [1]શિપે વિમાસી;
અથવા દુખમાં દબાવિ જોરે,

---

૧ શીવે, લુગડું સોયવતી શીવે.

પગ એને ચતિ આદિ અંગ રોળે. ૫૩
તેવી મારી પ્રિયાને તું ધૈર્ય આપજે હો;,જો,

વસંતતિલકા.

ફિરલો દિસે શિખર [૧]શ્યામલ જીર્ણ આમ,
તે માંહિ તેજ ગયલૂ સુનુ કર્ણધામ,
ફેલાશ ગંભિર રહ્યો વડ વૃદ્ધ પાસે
ત્યાં શમ્ભુ એક વડવાઈતિમાંહિ વાસે. ૫૪
બારી હુબી નિરખતી પ્રિય મારિ પ્યારી
દીસે ચડી [૨]સડપરી સહુ તારનારી.
અદ્રી બન્યો ભર જળે ડુબતૂજ ઝાજ
ઊંચા કરૂં કર ભવાબ્ધિ સહાય કાજ. ૫૫

લાવણી. *

ત્યાં દેખીશ સાચૂં નૂર, માન ભરપૂર, બાનુ ઉભિ પહાડે,
દઇ કેશરી સ્તનપર હાથ લાજમાં લાડે. ૧

મનહર મદિરાક્ષી †વાંક
કરિ નજર ખેંચિ લે રાંક
કશું ન વાંકુ ન સીધૂ નાક

એની નેનો ફરતી લોલ, બોલતી બોલ, તોલ સહુ કરતી.
મેહુલો વરસે તે જુવે, હરણિ જયમ ડરતી. ૨

સ્વરગની સુંદરિ નાજૂક

---

૧ શ્યામલ=સામળો. ૨ સડ=વહાણના સડ ઉપર * લાવણી એટલે જેમાં લાવણ્ય હોય તે. † વાંક=વાંકાઇ, બાંકાઇ.

પગ મુકયું રાંકડું મૂખ
દિન ચંદ્ર સરીખુ ન સૂખ
ઝરમર ઝરમર વરસાદ, કોયલના સાદ, નાદ મોરલાનાં
વિજ ઝબુકે મન દુઃખાય જાય કયાં જાનાં. ૩
એનિ કુમળિ કમરમાં વહાલ
એ ધીમે લચતી ચાલ
ફુલ ગુલાબિ લાલી ગાલ
શિરપર વિખરેલા વાળ, આવિયા ભાલ, વહાલ બહુ લાવે
છબિ જોઇ જોઇને રીઝાઉં, જાઉં કે આવે. ૪
શું જોબન ફાલ્યું ખૂબ
હુબહૂ પ્રીતીજ અનૂપ
વન જોતું રહિને ચૂપ
ઉભિ પર્વતપર ખંડેર, વરસતી મેહેર, દેવિના જેવી
જોઈ નમી નમે સહુ કોઇ મોહિ રહે એવી; ૫

એવી એ ગુણસુંદરી પાસે તું જઇને વિવેક રાખી આ કાગળ આપજે (એમ કરી થોડો વિચાર કરી લખીને વિદૂષકને આપે છે). જો બરાબર સાવચેતીથી જજે; કાંઇ પડી કરી ન જાય.

વિદૂ—એ વારૂ. (ગયો.)

શંકળ—હવે હુ મારી શૂન્ય જાતને કીયે ઠેકાણે લઇ જઇને કાળ નિર્ગમન કરૂં. મારો મિત્ર ભાઇના તંબુમાં હશે એને બોલાવું. (વિચારમાં ચાલ્યો જાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળ; વન; સ્વારીના પડાવનો એક ભાગ

૧ સીપાઇ—અરે દોડયો દોડયો ચોરની પેઠે છાનોમાનો આ બપોરની વખતે કયાં જાય છે.

વિદૂષક—દયક્, ભાઇ સાહેબ એટલા બધા ગુસ્સે ન થશો.

૨ સીપાઇ—નકામી બકવા કરે છે? એમ કરી અમને ઉડાવતો હશે નહીં?

વિદૂષક—હું ઉડાવું તો પીંછાની પેઠે ઉડી જાઓ એવાજ દેખાઓ તો છો.

૧ સિપાઈ—વધારે બકબક કરે છે? ઉભો રહે આ ઠેકાણે. ખરૂં બોલ. શા માટે અત્યારે ચુપકીથી ચાલ્યો જાય છે.

વિદૂષક—(જુઠું ધ્રુજીને) હુંતો તમારો બાપજી તમારો નોકર; અમે તો તમારાં માબાપ તમારાં છોકરાંજ ખરાંકની? ને મને આમ દબાવો છો?

૨ સિપાઈ—જવા દે સાળાને, એનામાં શાંદમ છે. ચોરી કરવાનું.

વિનાયક—(એકાએક આવીને) ઓ ગમારો કયમ સતાવોછો આ ગરીબને, નાદાન ખબર નથી કે એ યુવરાજનો વિશ્વાસુ માણુસ છે. હમણાં જઇને કહીશ તો, ઉભા રહેવાને પૃથ્વી પણ નહી મળે તે જાણુતા નથી, નફ્ટ,

એમ કરીને બિચારા પાસેથી કાંઇ પટાવી ખાતું હશે?

સિપાઇઓ—(બીકથી) અમને એ વાત માલમ નહોતી, અને એને ઉતાવળે જતાં દીઠો, તેથી એને રોકતા હતા, બાકી અમારે શું ભાઈ સાહેબ?

વિનાયક—(વિદુષકને) તું જા. (ગયો.) સંભાળ રાખજો, હવેથી નિરપરાધી ગરીબ ઉપર એવો જુઠો તોર ન કરતા; એટલી છાતી જો દુશ્મન સામે સંગ્રામમાં બતાવતા હો તોએ સારૂ. (એમ કહી જાયછે.)

(એક સીપાઇ નીચું જોઇને ચાલ્યો જાયછે, બીજો તેની પીઠ સામું જોઇ આંખ મીચકારી હશીને જીભ કાડી ચાલ્યો જાયછે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ. વન. શંકળદેવનો તંબુ.

શંકળદેવ—(ઉદાસીમાં બેઠેલો) હવે કેટલેક પોહોંચ્યો હશે?

વિનાયક—(માથે ખણુતો ખણુતો) એમ વાટ જોયે તો કયમે તાગ નહીં આવે. ને કાળ બમણો લાંબો લાગશે.

શંકળ—હવે નદીથી તો આગળ ગયો હશે?

વિનાયક—હં હં (હસીને)

ગીતિ.

ઉંચી લઇને ધોતી, વટેમાર્ગુ ઉતરતાં નમી પીતાં,
પાણી ઊંટ બળદિયા, શિર બેડાં લઇ ઉતરે નારી ત્યાં. ૫૬

શંકળ—(મન્દહાસ્યે, તેના સામું દયામણી નજરે જો-ઈને) આવી રીતે બોલવાનો હું તારો હેતુ સમજું છું. ગમે તેમ કરી આવા તેવા શબ્દ બોલી વિનોદ કરાવવા જાયછે. હોય છે તો એમજ તેં કહ્યું તેમ. અરે પ્રિય! મને સુખ કરવાને એમ ફોગટ ફાંફાં શું કરવા મારેછે?

વિનાયક—એ વિષયમાં તો હું તમારો અનુચરછું.

શંકળ—(મોં મલકાવીને) હવે તો હું જાણુંછું કે એણે જઇને ચિઠ્ઠી આપી હશે. મારા પ્રેમપત્રનો એ તિરસ્કાર તો નહિં કરે? લઇને છાતી સરસો ચાંપશે કે નહીં? મારા મનમાં એ વાત બહુ ખટકયા કરેછે.

વિનાયક—એ તરફની કાંઇ ચિન્તા ન કરતાં તમારો આટલો તેના ઉપર ભાવછે તો એને પણ હશેજ એવી નીરાંત રાખી હવે બીજા કાંઇ કામમાં મન લગાડો તો સારૂં.

શંકળ—(થોડીવાર વિચાર કરીને) હવે તો એણે જ-વાબ લખ્યો હશે; ઉત્તરમાં એમ વાંચું તો કેવું સારૂં કે,

લલિત.

દિલ ધરી તમે, કે દમે સ્મર,
પિયુજી પાઠવ્યૂં પત્ર હૂં પર;
દરદ વાંચતાં અર્ધ છે ગયું,
પણ વિચારતાં બેવડૂં થયૂં. ૫૭

માટે હે પ્રાણપ્રિય, તારી દુખી પ્યારીને તારી સોડમાં લે. અરે એવું મારૂં સૌભાગ્ય હોય તો કેવું સારૂં! રખેને તે મને નિરાશ• કરે; પણ એવા નકામા સંકલ્પ વિકલ્પ કર્યામાં શો માલછે?

વિનાયક—ધૈર્ય રાખો, હવે તો મને લાગેછે કે વિદૂષક પાછો આવતો હશે.

શાંકુળ—આ વખત મારા મનમાં મારી• સ્થિતિનો સંપૂર્ણ વિચાર આવેછે. અને મેં મારા ભાઇ, મિત્ર તો શું પણ •આખું પરિજન મંડળ મારી ગાંડી કામના પુરી કરવાને અર્થે અહીંયાં રોકી રાખ્યું છે; તેથી મને ઉદ્વેગ થાય છે તોપણ હું એમ કહેવાને સમર્થ નથી કે હવે આપણે દેવગઢ જઇએ.

વિનાયક—તો તમારા સાટાનો •હું કહુંછું કે હવે આપણે જયમ બને ત્યમ સત્વરે રાજધાનીમાં જઇએ તો બહુ સારૂં. અરે આતો આવ્યો!

વિદૂ—હા આવ્યો.

શાકુળ—શુભ સંદેશો કહેજે. કાંઇ લાવ્યો?

વિદૂ—હા લાવ્યો.

શાંકુળ—તો લાવ્યો પણ આવતો કેમ નથી પાસે?

વિદૂ—મારા શરીર વગર બીજું કાંઇ લાવ્યો હોઉં તો મારી જનોઇના સમ.

શાંકુળ—(ક્રોધમાં) ત્યારે લાવ્યો શા માટે કહે છે. તું

ગયો પછી શું શું થયું તે બધું અથથી તે ઇતિ સુધી કહે.

વિદૂ—કહુંછું, મને સાસ તો ખાવા દો. હું ગયો (હાંફતો) હું ગયો પછી (હાંફતો) મને તો કોઈ મળ્યું નહી એટલે આ તમારો કાગળ પાછો લાવ્યો.

શંકળ—મૂર્ખ. એટલામાં બધી હકીકત આવી ગઇ? તને મેં ચંચળી માણસ જાણીને મોકલ્યો તે તેં મારૂ કામ આવી રીતે કર્યું?

વિદૂ—મહારાજ ક્ષમા; ખરી વાત કહું? કિલ્લામાં પાસે ગયો; વરસાદ તો એ પડયો છે જો મારા ધણીનું કામ કરવું તેથી ચાલ્યો, પણ ત્યાં જઇને જોઉછું તો દેવળદેવી તો કાંઇ જણાઇ નહી—પછી આવાસની આસપાસ ફરીને જોયું તો કુંવરી બેઠેલી દીઠી અને એની પાસે બેશી કરણ રાજા કાંઇ વાત કરતા હતા. તમારૂં નામ દીધું એટલે કિલ્લામાં પેસતે તો કાંઇ માર બાર ખાધો નથી. તમારા સૈન્યના સિપાઇઓમાંથી બચીને ગયો એ માંરૂ મોટું નશીબ—હં ઓતો આડો ચાલ્યો; કયાં મૂકયું વારૂ કયાં મૂકયું? હં—નાં, કયાંથી વાત અધુરી રહી વારૂ હેં વિનાયક હેં (દહાડીએ હાથ અડકાડીને વિચારીને જાંઘ ઉપર હાથ પછાડેછે) હં સાંભર્યું. પછી તો મારા ધ્યાનમાં આવ્યું કે આજતો કાંઇ ઘરની બહાર નિકળવાનો સંભવ નથી, કારણ વરસાદ થોડો થોડો આવતો હતો; એમ જાણી પાછો આ-

વ્યો; મેં જાણ્યું કે મને આવતેં વાર થશે તો તમે બહુ અકળાશો 'માટેજ દોડતો પાછો આવ્યો. કહેશો તો કાલ સવારમાં જઇશ; કેમકે એ સવારે બાગમાં નીકળે છે. અને જરૂર તમારૂ મન માને તેવી રીતે કાર્ય કરીશ.

શંકળ—ઠીક છે ત્યારે એમ કરજે. એમાં કાંઇ તારો વાંક નથી; મારૂ કર્મજ આડુ છે (એમ કહી માથે હાથ દઈ વિચાર કરતો આસનને એક પડખે નમી બેસે છે.) આ તંબુનો પડદો નાંખી દે.

વિનાયક—(નાંખે છે.)

પ્રવેશ ચોથો

(ઠેકાણું) વન. બીજો તંબુ.

(શંકળદેવ, ભીમદેવ, તથા બીજા મળીને ચાર પાંચ બેઠેલા.)

શંકળ—કરણ રાજાને મળ્યા હતા પછી તમે?

ભીમ—ના (એમ કહી તેના સામું આડી આંખે મીઠી નજરે જુવે છે.)

શંકળ—ત્યારે તો હું અત્યારે એમની પાસે જાઉછું.

ભીમ—હા (વગર મનથી) જાઓ; પણ ભાઇ, હવે આપણે રાજધાની તરફ કયારે વળીશું?

શંકળ—જ્યારે તારી ઇચ્છા થાય ત્યારે.

ભીમ—મારા મનમાં તો, કાલ સવારે જવાનું રાખો.

સ્વરૂપસિંહ—(એક સરદાર) ત્યારે જાઓ નાયક,સર્વેને કહી રાખો કે સવારમાં સૂર્યોદય પેહેલાં કૂચ કરવાની છે.

નાયક—જેવી આજ્ઞા. (શંકળદેવ સામું જુવે છે.)

શંકળ—હાઆ (મનવગર.)

નાયક—(ગયો.)

વિદૂ—(વિનાયકની કમરમાં આંગળી કરે છે.)

વિનાયક—આ આમ કયમ કરતું હશે જાંગલું?

હરદેવ—એતો તને એમ કહીને ઉઠાડે છે કે દોડ હવે દેવગઢ તરફ અત્યારથી, કયારનો કજ્જા કરતો હતો તે.

વિદૂષક—કયમ દોસ્ત—હવે આપણે અહીંયાં એકલા મનમાં આવશે તેમ માહાલ્યાં કરીશું.

વિનાયક—માતેલા આખલા જેવા!

સ્વરૂપ—અમારી સાથે આવે તો અમે તને કેવું કેવું દેખાડીશું; નગરમાં ચાલ અમારી સાથે કાલે-કયમ કુંવર?

શંકળ—એને ત્યાં આવીને શું કામ છે? અહીં શું એને સુખમાં બાકી છે! એને કાંઇ ઇનામ આપતા જઇશું.

વિદૂ—(વિનાયકની દહાડીમાં હાથ ઘાલે છે.)

વિનાયક—મારી તરફનું પણ એક લેતો જા ઇનામ (તેને ઠુંસો મારે છે.)

વિદૂ—સંભારી રાખજે બચ્ચા. કોઇ વખત લાગ આવશે તો બ્યાજ સુદ્ધાં આપીશ.

શંકળ—મારી પાસે આવ. મારો આસમાની ફેંટો

અને ધોએલાં વસ્ત્ર લાવ ને (કાનમાં) મારી વાંસળી પણ લાવજે; (પ્રગટ) બાઇ, હું કરણ પાસે જઈ આવું.

ભીમ—(વિચારીને) ત્યારે હું પણ આવું ખરૂં?

શંકળ—તમારૂ કાંઇ કામ નથી. હું એકલો જઈશ એટલે બસ છે.

વિનાયક—ત્યારે હું એ આવું ખરૂં?

વિદુ—ના હું એકલો જઇશ એટલે બસ છે.

શંકળ—મારી સાથે તમે બે ચાલો.

ભીમ—એકાએક પૃથ્વી ઉપર અંધકાર શો થઇ ગયો?

હરિગીત.

ધર્યું ધરાએ ધીર સ્વરૂપ! ગભીર છત્ર નિલામ્બરી;
તે વર્ણ વિભવે કુદરતે જ્યમ જાય વાદળ ફરિ ફરી;
આ પશ્ચિમે સુર્યાસ્ત કિરણે અભ્રશિર કાંચન કિધાં
હિંગળોકિને સિંદૂર શિખરી સત્ય જ્યમ પર્વત સિધા. ૫૮

વરસાદ ચડે છે એમ દેખાય છે; અને વળી પવન તો સુસવાટા મારી રહ્યો છે, એવા તોફાનની વખતે તમે ક્યાં જશો?

શંકળ—(ઉતાવળમાં) ના હું તો જઇશ. મળ્યા વગર જવાય—

વિદુ—કોને? મને?

સ્વરૂપ—રાજકુમાર,

હરિગીત.

વિધ વિધ વિચરતાં પંખિ બોલે, ઉડે માળા ખોળવા;
વળિ રેણુંનો ચડિ કોટ પ્રગટયો, અંગ આંખો રોળવા;
ઘન દળ તણાં પડ ભેદિ ભેદી કિરણ લીલે તરૂ[1] પડે,
લીલાં રૂપેરી પણ કરિ શશિ-કાન્તિ[2] સમ શોભે ખરે.૫૮

સ્વરૂપ—તેથીજ હવે મેઘરાજા સત્વર પધારશે એમ લાગેછે. પક્ષી પણ હવે પોતાના ઘરમાં પેસી રહેવાને જાય છે; તો યુવરાજ આપ ક્યાં અત્યારે બહાર જાઓછો ?

હરદેવ—અને વળી આવે વેશે. આ શુંછે પાસે? વાંસળી, તમારી વહાલી વાંસલડી. મને લાગેછે કે કરણુરાજાએ જોવા મંગાવી હશે.

શંકળ—

હરિગીત.

એ દેખિ મન અભિલાખિ થઇ આનન્દ લેહેરે ઊછળે,
પણ પલકમાં ગયું તેજ છાયા શ્યામ પસરી જળ થળે;
ઘન સલિલ થકિ શીતળ અનિલ જુઇ જાઇને ડોલાવતો,
તરૂવર નમાવે. દોરમાં નૃપ-દૂત સરખો આવતો. ૬૦

એથી કરણુરાજાના મન અને શરીર ઉપર ઘણી સારી અસર થાય છે. હું હવે જલદી જઇને આવું.(ત્રણે ગયા.)

---

૧. લીલાં ઝાડ ઉપર. ૨. શશી, ચંદ્રની કાન્તિ એટલે એની કાન્તિમાંથી પસરતું તેજ; ચાંદની.

ભીમ—(સ્વરૂપસિંહના સામું જોઇ હસીને) આપણે પણ ચાલો, આ સેવકોને વરસાદથી હરકત ન થાય તેની ગોઠવણ કરીએ. (સર્વે ગયા.)

પ્રવેશ પાંચમો.

(સ્થાન) વન. (બાગલાણના કિલ્લા ઉપરના મેદાનનું ઉપવન.)

(એક લીંબડા અને આંબા અને વેલાના બનેલા માંડવામાં આરસની શીલા ઉપર સુતેલી દેવળદેવી.)

દેવળ—

ગીતિ.

બહુ રવ કરિ ઘન વરસે, ગરજન કરતો તડાકિને મારે;
હઇયું ફાટી જાશે, કયમ કરિ શમવું વિરહ પીડ ભારે. ૬૧

લલિત.

તરૂ તળે પડે બિન્દુ વારિનાં,
ટપકતાં શિરે, વેલિ સારિનાં;
શરિર સ્પર્શથી ઉષ્ણ થાયછે,
સુખ કરી ઘણું વાયુ વાયછે. ૬૨
પણ પછી ઉઠે આશું વન્હિરે,
બળિ ગઇ જળે, હાય બેનિરે;
ગઇ તું કયાં અલી એકલી મુકી,
કહું હું કયાં જઇ, દીનને લુખી. ૬૩

(એમ કંહી અરધી બેભાન પડેછે.) (એટલામાં એક હ-રણનું નાનું બચ્ચું આવી તેને થોડીવાર એક નજરે જોયા પછી તેને મોં અડકાડીને તેને ઉઠાડવાનુંજ જાણે ન કરતું હોય તેમ ગેલ કરેછે, તેના સ્પર્શથી જાગીને,)

ગીતિ

આવ સુઘડ મુજ પાસે, ભેટી સુખએ દબાવિને પાગ;
પણ આ કયાં મુરલીસુરા અહિ હૃદયે કયમ ઉઠી બમણિઆગ.૬૪

આહા આ સાંભળીને મારૂં ગાત્ર બધું શિથિલ થઇ ગ-યું હતું તે એકાએક કેવું શાન્ત અને સ્વસ્થ થયું? પણ એના હૃદય ભેદી નાખે એવા મધુર સુરથી મારા મનમાં ઉંડી ઉંડી વેદના કયમ થઇ જાયછે. એ સાંભળીને મારાં રૂવેરૂવાં ઉભાં થાયછે. (મુરલીનો સુર પાસે પાસે આવ-તો સાંભળેછે.)

(માઇ કાંઇ મોરલા બોલેરે. એ રાગ.)

આજ દેખો ઘન બુંદ વરસેરે,
પિયૂ વિન મન મુજ તરસેરે. ૧
એક ભુજ અલબેલી લઇ પિયુમુખ પાસે,
મનવે થઇ કામઘેલી;
ઉમંગ રંગ વ્યાપ્યો ચંડી થઇ ભારી,
વહિ અંગે પ્રેમ રસ રેલી,
તેજ ભર્યું મુખડુ દરસેરે. આજ દેખો. ૨

દેવળ—આવી અકળામણ કરાવીનેજ મને મારવી ધા-

રીછે? (છેક દયામણી મુખાકૃતિ કરી છુટે સ્વરે રૂદન કરે છે.) (એટલામાં એકાએક આવીને)

શંકળ—અરે સુકુમાર રાજકુંવરી! આમ છેક અધીરી બની જઇને રોવા શું બેઠીછે? સુલોચના! (એમ કહી તેની પાસે જાયછે.)

દેવળ—(શંકળદેવના અચાનક આવવાથી સ્તબ્ધ થઇ ગયેલી.) (થોડીવાર જોયાં કર્યા પછી) અરે આતે હું કાંઇ સ્વપ્નું દેખુછું કે ખરૂં?

શંકળ—ખરેખરો હુંજ જાતે તારી આવી સ્થિતિ જાણીને આવ્યોછું માટે સુંદરિ હવે તારી આંખમાંનાં આંસું કાહાડી નાંખ. (તેનાં આંસુ પોતાના હાથે લોહી નાંખવા જાયછે.)

દેવળ—(તેનો હાથ અટકાવી પોતાના લુગડે આંસુ કાડી નાંખીને એકક્ષણ જોયાં કર્યા પછી જરા હાથનો ટેકો દેઈ ઉઠે છે.)

શંકળ—શું કરવાને આટલો શ્રમ,

ગીતિ.

તંબૂતળે જયમ જોયું, ત્યમ જોયું અહિં ફરિ પ્રિયા પ્રીતે;
તે જોવા ફરિ ઇચ્છું, માટે લલિતા રહે તેજ રીતે. ૬૫

શું કરવા ઉઠેછે?

દેવળ—(નીચું જોઇ રહેછે.)

શંકળ—એમજ મરજી છે? તો આવો હું પણ બેસુંછું. તું પણ અહિંયાં બેશ.

દેવળ—(એક શબ્દ પણ બોલ્યા વગર નીચું જોઇને શંકળદેવની પાસે ઉભી રહેછે.)

શંકળ—(એનો હાથ સાહીને) આવ મારી પાસે બેશ. એમાં શરમ શા સારૂ આણેછે?

દેવળ—(હાથમાંથી જરા દૂર ખશીને.) (મનમાં) આટલું બધું મને બતાવે છે તેથી એની સાથે મને બેસવાનું મંન થાયછે. (પ્રગટ) હું મારા તાતવિના બીજા કોઇ પુરૂષ સાથે બેઠી નથી. અને એમણે મને કહી રાખ્યું છે કે બેસવું પણ નહી તેથી રાજકુંવર, મારા મનમાં બેસાવાનું થાય તો પણ બેસાય?

શંકળ—તને ઘટે તેવા સાથે પ્રેમ કરીશ તો કરણુરાજાં જેવું માણુસ કોઇ દીવસ પણ તારો તિરસ્કાર નહી કરે. ઉલટું તેથી તો તે ઘણા પ્રસન્ન થઇને તેમાં અનુમતિ આપશે.

દેવળ—મારાથી એમ નિશ્ચયથી શી રીતે કહી શકાય? (મનમાં) મારી પ્રીતિતો એવીજ છે; એટલી બધી છે કે તું નહી મળેતો પછી કોઇ બીજા સાથે કરવી નથી; મારો પ્રાણ જશે કે પછી શું થશે તેની મને ખબર નથી.

શંકળ—[સહસા તેના મુખ ઉપર હાથ નાંખીને] પ્રિયા, આટલું બધું અસ્થિર મન શું રાખે છે?

દેવળ—(ખશી જઇને) રાજકુંવર આમ છેક પરવશ શું થઇ જાઓ છો ?

શંકળ—ઉત્તરમાં આવી પ્રેમની અધિરાઇ બતાવીને હવે આમ મને દુખના ખાડામાં નાંખવાનું કરેછે!

મંજુભાષિણી.

કહિને કદી તું મુજને બહૂ પ્રિય,
પછિ થાયજો જરિ મનસ્વિની પ્રિયા,
સહુ છોડિ વૈભવ થયો ન કામનો,
ન કળાયરે કયમ કરી કયહાં જીવું ! ૬૬

દેવળ—(જરા પાસે આવીને) એવું શું મનમાં આણ્યા છો ?

શંકળ—ત્યારે તું મારી યાચના કયમ માંન્ય કરતી નથી ?

દેવળ—શું ?

શંકળદેવ—પ્યારી !

દ્રુતવિલમ્બિત.

કયમ કરી તું મળે તું મળે કરી,
દિવસ નિર્ગમિયા બહુ દોહલે,
મળિ હવે વિરહાનળ સુંદરી,
મુખસુધા પળ પાઇ શમાવિંદે. ૬૭

(કમરે હાથ નાંખી ચુમ્બન કરવા જાયછે.)

દેવળ—(હાથમાંથી નિકળી જઇને) એટલા બધા અ-

ધિરા શું થઇ જાઓછો ?. મારાથી મારા પૂજ્યને પુછ્યા વગર કાંઇ પણ થઇ શકે વારૂ ?

શંકુળ—તું કાંઇ પણ એ વાતની ચિન્તા ન રાખ; તારા પિતા મને સ્વીકારશેજ; અને ઇશ્વર પણ આવી પરસ્પર પ્રીતિમાં કાંઇ વિઘ્ન નહી આણે.

દેવળ—પેહેલું બધું માગવું એનીજ પાસેછે.

શંકુળ—ત્યારે આપણે બે એકઠા થઇને એની પાસે એટલું માગી લઇએ. પ્રાણપ્રિયા, મારી પાસે બેશ.

દેવળ—(પાસે બેસેછે.)

શંકળ—આ હું પ્રતિજ્ઞા કરૂંછું માટે તું પણ ધ્યાનથી સાથે મનમાં બોલતી જજે. (બોલેછે.) હે કરુણાળુ જગત્પિતા, તું પ્રેમને જન્મ આપનારો છે. તું પ્રીતિની પીડાનો જાણનારો છે. તું દીન દુઃખીનો બેલી છે. શુદ્ધ પ્રેમ વિના બીજું કાંઇ જગતમાં છેજ નહી. બીજું બધું અસત્ય છે. માત્ર એંજ સત્યછે માટે હે દયાળુ પ્રભુ, અમારા બે વચ્ચેનાં અન્યો અન્યનો સાચો પવિત્ર પ્રેમ સ્વીકારજે અને તે નિત્ય સ્થિર રહેવાની આશા પુરી પાડજે.

દેવળ—એમજ થશે.

શંકળ—એમજ હો। સર્વાંગસુંદરિ। (મનમાં) હવે બહુવાર રહે મારૂ મન બહુ લોભાશે. (પ્રગટ) હું હવે જવાની તારી આજ્ઞા માગું એમ કહેવાઇ શકાતું તો નથી પણ શું કરૂં!

દેવળ—મને એકલી મુકીને જશોજ ?

શંકળ—પ્રિયા ! મારો પગ ઉપડતો નથી. પણ તારી પાસે વધારેવાર રેહેવાને હું સમર્થ નથી; શું કરૂં !

દેવળ—(ઉદાસ અને દીન થઇ જઇને) ત્યારે હું પણ મારા બાપ પાસે જઇશ. વારૂ મને વીલી મુકીને જશો પણ ગયા પછી મને ભુલીતો નહી જાઓ ?

શંકળ—એવું શું બોલેછે પ્યારી. હું પેંહેલો મને પોતાને ભુલી જઇશ ત્યાર પેહેલાં તો નહી ભુલું.

દેવળ—ત્યારે જશોજ ?

શંકળ—મારી વાહાલી પ્રિયા !

દેવળ—હું તમને પાય લાગુછું.

શંકળ—(હાથ પકડીને) એમ ન જોઇએ, મારે મનતો તુંજ સંસાર તરાવનારી મોહોટી શકિત છે.

દેવળ—ત્યારે મને છોડી નહી દ્યો ?

શંકળ—એવી શંકા હવે મનમાં આણવીજં નહી (મનમાં) હાય હવે કયમ જવાશે એને મુકીને ? (પ્રકાશ) જાઉંછું પ્રિયા (એમ કહીને ચુમ્બન કરે છે.)

દેવળ—(મુખ નિચું નમાવીને) કયમ વિયોગ સહેવાશે?

શકળદેવ—મનમાં નિરાંત રાખી સુખમાં દહાડા કહાડજે.

દેવળ—કોને આધારે ? જાઓ તો પાછા મળવાને માટે-

શંકળ—હું વહેલો વહેલો તને પાછો મળીશ. જાઉંછું હો.

દેવળ—ત્યારે એમજ થવાનું?

શંકળ—શું કરૂં પ્રિયા? જાઉછું હો. (બળથી પ્રયત્ન કરી જાય છે.)

દેવળ—(ઉદાસ થઇ જઇને)વારૂ—(હળવે) પ્રાણુપ્યારા! (પોતાના આવાસ તરફ જાય છે.)

अंक चोथो.

પ્રવેશ ૧ લો.

(સ્થળ) બાગલાણના પહાડ ઉપરના કિલ્લા માંહીના મકાનમાં ઉપરનો મોટો માળ. હીંચકા ઉપર બેઠેલો જરા નિચું એક નજરે જોતો કરણ રાજા.

કરણ—(સહસા ઉંચુ જોઇને ઓરડા તરફ નજર કરીને) દેવિ!

દેવળ—(ઓરડામાંથી) આવું.

કરણ—જરા અહીં આવી જાને.

દેવળ—(ધીમે ધીમે આવીને સામે ઉભી રહી.)

કરણ—બેશ-અહીં આવ, મારી પાસે.

[દેવળદેવી કરણ સાથે હીંચકે બેસે છે]

કરણ—(તેને વાંસે હાથ ફેરવીને) બાપુ, મારા મનમાં એક વિચાર આવ્યો છે, તેનો તું ખુલાસો કર.

દેવળ—મારી સમજમાં આવે એવી વાત હશે તો મારા મનમાં જે આવશે તે કહીશ.

કરણ—વારૂ ત્યારે મારે કહેવાનું એ હતું કે હવે મોહોટી થઇ. હવે તારે સારૂ કોઇ સારો વર ખોળી કહાડવો જોઇએ. ખરૂં કની!

દેવળ—(શરમાઇને ઉદાશીમાં નિંચુ જુએ છે.)

કરણ—એમાં શરમાવવાનું કાંઇ કારણ નથી; મારે

બોલું; હવે તો મા, ભાઇ, બેન સર્વને ઠેકાણે તારે હું. જો-ગી જેવો તારો દુર્ભાગી બાપ એકલો રહ્યો છે માટે મારી પુત્રી—હાય, હાય, મારી કનક દેવી આ વખતે નથી. તે હોત તો તારે કેટલી કામમાં આવતા આવે પ્રસંગે અરે પ્રભુ, એને એકાએક તે તેં શું કરવા મારી પાસેથી લઇ લીધી! એ હોતતો આજ મારે મોએ મારી દીકરીને શું કરવા આવી વાત પુછવી પડત? અરે રામ, તું કયાં ગઇ બા? મારે હવે કોણ રહ્યું છે? અને આતો મારાથી શરમાય છે. દેવળદેવી, તું શરમાઇશ નહી જરાએ. (એમ કહી આંસુ લોહી નાંખીને તેને પોતાની સોડમાં લેછે). પેલી શંખણીતો પેલા રાક્ષસ તરકડાના દરબારમાં મહાલે છે. શિવશિવ. પણ હવે મારે શા માટે નકામો શોક કરવો?

માલિની.

ગત થઇ વસજે જે, પાછિ આવે ન તે તે,
રુદન પણ કરે તે, છાતિ ફૂટી મરે તે,
પછિ કયમ ધરૂં છું હૂં, શોક તે વ્યર્થ શીશ,
ઝડપ કરિ હવે તો, આણુરે અન્ત ઇશ. ૬૮

[આંખમાં આંસુ ભરાઇ આવેછે.]

દેવળ—તમે 'સારી વાતને પણ દુ:ખની સાથે શાં માટે નકામી મેળવી ઘો છો, મારા પ્રિય તાત.

કરણ—પ્રિયપુત્રી! તારા આ બોલ મને ઘા ઉપર મ-

લમ જેવા, સુખ કરતા લાગેછે, આવ મારી પાસે. [તેને છાતી સરસી ચાંપેછે.] [સાવધ થઇને] મને અત્યન્ત દુઃખ પડયુંછે તે મારાથી ખમી શકાતું નથી. (નિસાસો મુકીને) કહે હવે મને હું તારે કાજે કોઇ રૂડા ભરતારનો શોધ કરૂં. અરે, શોધી કહાડવો તે પણ વાઘ જયમ બોડમાં ભરાઇ રહેલો હોય તેમ જંગલમાં રેહેતા કરણથી શી રીતે થઇ શકશે?

દેવળ—તમે આમ કયમ બોલોછો ? મને કાંઇ સમજણ પડતી નથી.

કરણ—તને તેમાં સમજણ પડતી નથી તેમાંજ તું સુખી છે. પણ છોકરી, મને કહે તું થોડા દહાડા થયાં આમ કયમ સોસવાઇ ગયેલા જેવી લાગેછે?

દેવળ—ના, કાંઇ નહી, અમસ્તી.

કરણ—પણ ત્યારે તું મને કહે, હું તને મારા ખરેખરા મનથી કહુંછું કે તારી નજરમાં કોઇ તને લાયક વર આવે છે? તને ગમશે તેને હું નિઃશંકપણે પરણાવીશ.

દેવળ—હું એમાં શું કહું?

કરણ—એમ કયમ? તુ લાજથી ન કહે એમ ન કરીશ. પણ તેં શું જગતમાં જોયુંછે કે તને લાગે કે આતો મારે યોગ્ય કે અયોગ્ય છે.

દેવળ—આપણે રાજકુળનાં, ત્યારે જોઇએ તો કોઇ રાજવંશીજતો.

કુંરણુ—હા. મારી પ્રિય દીકરી, તું ખરખરા સાધ્વી છે. તું તારા ક્ષત્રી બાપનું નામ બોળે એવી નથી. મને એ ખાત્રી છે. તે તારા આ બોલ નિકળે છે તે ઉપરથી-જ જણાય છે. (મનમાં) પણ મારા ધ્યાનમાં તો એના જોગ કોઇ હમણાં તો આવતો નથી.

દેવળ--એવું જડવું શું કઠણ છે? તેમાં કયમ આમ વિચારમાં પડયા?

કુરણુ—હં-(ઘણૂંજ મન્દ હશીને) તું હજી બાળક છે. તને માણુસના ગુણ અવગુણનો પ્રસંગજ હજી કયાં આવ્યો છે! ને હજી તારી કાચી અવસ્થા કહેવાય. માટે મારેજ એ વાતનો વિચાર કરવો જોઇએ. (જરાવાર રહીને) તું કયમ કાંઇ બોલતી નથી?

ગીતિ.

જયાં સુધિ અપક્વ પ્રાણી, જયેષ્ઠે ત્યાં લગિ કરાય સંભાળ;
પશુ પંખી પણ તેવાં, તો શું કહેવું મનુષ્યનું બાળ. ૬૯

દેવળ--મને અનુકૂળ કરશો તો મને સુખ થશે; ને નહી તો દુઃખ થશે.

કુરણુ--એમ માં બોલ; એમ શા વાસ્તે કહે છે. તારા મનગમતાનેજ તને આપીશું. (એટલામાં એક રજપૂત સિપાઇ નિચેથી આવેછે) કયમ?

રજપૂત—મહારાજ દેવગઢથી બે માણુસ કાંઇ સંદેશો

લઇ આપની પાસે આવ્યાં છે.

કુરણ--આવવા દો. દેવળદેવી, ઓરડામાં જઇને બે. શ. (ગઇ).

બ્રાહ્મણો અને ભાટ--(રાજાને નિચા નમી સન્માન કરીને) રાજાધિરાજ, સદા તમારો અભ્યુદય થાઓ--અધમ યવનનો ક્ષય હો.

કુરણ--(સામું જોઇને) આવો આમ બેસો.

બ્રાહ્મણ--મારા હાથમાં કંકુની તાસક છે તેથી મહારાજે અનુમાન તો કર્યું હશે કે અમે શુભ વર્તમાન લઇને આવિયે છીએ.

કુરણ--[જરા ગભરાઇને] શા શુભ વર્તમાન મહારાજ. મારે સન્યાસીને ત્યાં શા શુભ વર્તમાન. શું અલિફ્ખાંનો પરાભવ થયો અને તે હણાયો ?

ભાટ--(ઉભો થઇને) મહાવીર !

સવૈયા.

રાજ વિરાજિ તું આજ બન્યો ચકચૂર શુરે ચખ પૂરણ રાતાં;
ઊન સમા શિરવાળ થયા વય વૃધ્ધ પરન્તુ પરાક્રમ તાતાં.
આજ પડે અરિ કાલ પડે પણ સત્ય પડે દિન બે ત્રણ જાતાં;
રાજરૂપે ગુજરાત બન્યો બળ ન્યૂન જરાપણ શૂર સુહાતાં. ૭૦

બ્રાહ્મણ--તથાસ્તુ! તથાસ્તુ! વાહ! વાહ, ચન્ત ભાટ !

કુરણ--દેવળદેવિ! પટારામાંથી એક શેલું કહાડી આ-

પને. તમે લોક કયાંથી, દેવગઢથી આવો છો, નહી વારૂ? દેવગઢના શા સમાચાર છે?

ભાટ— કવિત.

ફૂલખીલે સૂર્ય જોઇ, બુલબૂલ ફૂલ જોઇ,
રંગીત રાગ જોઈ રસિક જન ખીલે છે;
પ્રિયપતિઅંગના ઉમંગ જોઇ ખીલે પ્યારી;
ભાવી ભકત ભક્તીરસલીન થઇ ખીલે છે.
ખીલી રહે જામનીએ ઘેરી જ્યોત દીપતણી,
વા વાદળ લ્હેરે ઉડી નીલ ધજા ખીલે છે.
ખીલેછે આજ રાજ સહિયર સહેજ મળે,
આશં બાંધી એવી સતી દેવપુરી ખીલી છે. ૭૧

દેવળ--(ઓરડાગાંથી શેલું બહાર મુકે છે.)

કરણ—(ઉભો થઇને લેવા જાય છે.)

ભાટ—મહારાજા તમે શું કામ ઉઠો છો. (કરણના હીંચકાં ઉપર પોતે શેલું લાવી મુકે છે.)

કરણ--(લઇને)-એ તમારે સારૂં છે.

ભાટ—(માથે ચડાવીને લઇને),

દોહરો.

અર્જુન સરખો પાટવી, પવનપુત્ર પણ સા'ય;
દ્રુપદપદવિ પામીશ તું, પછિ વાઘેલા રાય. ૭૨

હણુહણુતા હયપર ચઢી, હણો હરામી ચોર;
જય જરૂર તુજને મળે, જણુવ્યે ઝાઝુ જોરૂ. ૭૩

કરણુ—(જરા રીસ, આશ્ચર્ય, અને હર્ષના મિશ્ર ભાવથી ખચકાઈને) તમે શા સમાચાર લઇને આવ્યા છો?

દુહો.

દુખિ સહાય દિન દિન થવું, પરમ ધર્મ તે એજ;
ભીમદેવ વિનતી કરે, આશ્રય આપો સેહેજ. ૭૪

કરણુ—હું શો આશ્રય આપું! મહારા દહાડા ગયા છે. હા, મારી જાતનો તો આશ્રય આપીશ. રામદેવને હું મારા ભાઈ પ્રમાણે ગણુંછું. એ દુષ્ટોના સામા થવું હોય તો હું મારી જાતે તો તૈયારછું.

બ્રાહ્મણ—રાજાધિરાજ ! એતો સમયે સઉ સારૂંજ થશે. હમણાંતો—

ઉપજાતિ.

પીતામ્બરે જેમ સુવર્ણ કોર,
સિતામ્બરે રંગ પુરેલિ દોર;
સુવૃક્ષ શોભે વિંટિ વેલ જેવાં,
કરો હવે મંગળ કાર્ય તેવાં. ૭૫

રાજન્ ! રામચંદ્ર જેવા રાજા રામદેવનાં મોટાં પુણ્ય કે તે તમારા જેવા કુલીન ગો—બ્રાહ્મણપ્રતિપાળ રાજવંશીને વેહેવાઇ કરવા ઉત્સુક થયા છે—મહારાજ ! તે યુવરાજ

શંકળદેવને તમારી કુંવરી આપવાની વિનતિ કરે છે. તે એમની ઇચ્છા તમે પૂરી પાડવાની ના નહી કહો એવો એમને સંપૂર્ણ વિશ્વાસ છે. આપને એ વાત ગમતી આવશે એમ જાણી રાજકુમારીને કંકુનો ચાંલ્લો કરવા અમને રાજાએ મોકલ્યાછે. માટે કૃપા કરી એ શુભ કૃત્ય વિષયે તમારો અનુમત દેશો.

ભાટ્ટ—અથવા જે આપનો અભિપ્રાય હોય તે કહી સંભળાવશો.

કુરણુ—(રોષથી સાંભળ્યાં કરતો હતો તે) આ વાત કયાંથી નીકળી ? તમે શી આ બકબક કરવા માંડી છે ? તમને કિયા મૂઢે ભમાવીને અહીંયાં મોકલ્યાછે ?

બ્રાહ્મણ—રાજાધિરાજ ! ક્ષમા કરો; અકસ્માત ક્રોધવશ શા માટે થઇ જાઓછો ? મહારાજ ! હગણાં દેવગઢના કુમારોનો ભાગ્યોદય ઘણો થયો છે. એ કુલીન છે. આપ પણ સામા સુજ્ઞ છો; એમ જાણી રામદેવરાજાએ આ માગણી કરી. વળી સમર્થ છો એટલે કોઇ સમય ઉપર ખપના એમ જાણી તમારા જેવા સાથે સંબંધ કરવાનું ધાર્યું; અને અમને મોકલ્યાછે. બાકી અમારે તો શું છે ? અમેતો વચલા કહેવા માત્રજ છીએ.

કુરણુ—(પાછળની વાતથી કાંઇક શાન્ત થયેલો) ઠીક, ઠીક. મહારાજ, તે તો હું બધું જાણું છું. તમારે તે કહી સંભળાવવું કાંઇ અગત્યનું નથી. રામદેવ કેવા કુલીન

છે તે પણ મને ખબર છે. તમે જાઓ. જઇને કહો કે કરણના ભાગ્યમાં તમારા જેવા સમર્થ સાથે સંબંધ કરવાનું નહિં તેથી દેવળદેવીને આપવાની હા કહી શકતા નથી. અને તેથી એ નિરૂપાય છે.

બ્રાહ્મણ—મહારાજ ! ક્ષમા રાખી એક ક્ષણવાર વિચારીને અમને ગમતો ઉત્તર આપો તો મોટી કૃપા થશે. રાજાધિરાજ ! આ કળિકાળમાં સઘળા દુષ્ટ તથા પાપી થઇ ગયેલા જગત્‌માં એક બીજા સાથે અંતઃકરણની પ્રીતિથી પરિપૂર્ણ સંબંધ તે ક્યાંથી ! એતો આ સમયમાં દુર્લભ, માટે આ વાત સ્વીકારશો તો મહારાજ અમારા ઉપર–શંકળદેવ ઉપર–રાજારામદેવ ઉપર–ભીમદેવ ઉપર, સર્વે ઉપર મહારાજ, આપની મોટી કૃપા થઇ સમજીશું. વળી શાસ્ત્ર પણ કહે છે કે–

કરણ—હા, હા, મહારાજ ! એતો મેં બધું સાંભળયું. સર્વ વાત હું જાણું છું. મારા મનમાં એમ કરવાનું નથી આવતું તેનું તમે શું કરશો ? તમે હજાર ફાંફાં મારશો પણ કરણે જે વાતની મનમાં ના ધારી તેની હા કરાવવાને સમર્થ આ પૃથ્વીના પડ ઉપર તો કોઇ નીકળી આવે તેમ નથી. માટે મહારાજ ! તમે સધાવો અને મારો સંદેશો રામદેવને જઇને કહો.

ભાટ—(એક નજરે આ બધી વાત સાંભળ્યા કરતો હતો તે મન્દહાસ્યે) રાજાધિરાજ, આ વાત તમારા મન-

માં ઉતરે તો બહુ સારૂ; કારણ, જુઓને, એમાં કેટલા બધા ફાયદા છે. એ ઉપરથીતો, મહારાજા કાંઇ ચમત્કારિક લાંબી વાતની પણ આશા બંધાય. માટે હિતાહિતનો પૂરો વિચાર કરી અમને વાહાલી લાગે એવી આજ્ઞા કરો.

કરણ—(નીચું જોઇ વૃદ્ધ આંખે વિચાર કરતો હતો તે થોડું તલ્લૈયું ચડાવી કસાણું મોં કરી પોતાના મનથીજ જાણે ના કહેતો હોય"તેમ મુખ હલાવીને) તું હવે કહી રહ્યો? હવે પુરૂં થયું? ના—ના–કરણ વાઘેલો કોઇ પોતાનાથી નીચા કુળવાળાને એની કન્યા નહી આપે. ના જ-જાઓ મહારાજ, હું કહુંછું તે જઇને કહો. ઉભા રહો તમારી દક્ષિણા બાકી રહી.

ભાટ—(બ્રાહ્મણ સામું જોઇ હશીને) ગોરરાજ ! હવે દક્ષિણા શી; હવે દક્ષિણા શાની!

કરણ—(નાણું કહાડી) લ્યો ખુશી થજો, મહારાજ. જાઓ. મેં કહ્યુ તે રીતેં બરાબર જઇ રાજાને કહેજો.

બ્રાહ્મણ—(ઉભો થઇ દક્ષિણા લઇને) કલ્યાણમસ્તુ મહારાજ! ઇશ્વર સદા તમારૂ સારૂં કરે. રાજાજી, મન સ્થિર કરી અમારી વિનંતિ સ્વીકારશો તો સારૂ !

કરણ—હવે બે જણા ડહાપણ કરતા અહીંથી સધારશો તો સારૂ. કોઇ દિવસ મારે વિષે એમ કોઇ નહી કહે કે કરણે કાંઇપણ વાત પાકો વિચાર કર્યાવિના કરી. માટે જાઓ, હવે ઉઠો.

ભાટ—ધિક્કાર તારા નામ ઉપર બામણા. મન વ્યગ્ર ન કરો રાજ. મનમાં સમાધાન રાખીને બોલો. હમે તો આ ચાલ્યા.

કરણ—ત્યારે બસ-થયું.

ભાટ—(શેલું પાછું ધરીને) આ તમારી બક્ષીસ. અમે ત્યારે આ સંદેશો જઇને રામદેવને કહીશું હો. (આતુર થઇને) મહારાજ, કાંઇ વિચાર કરો, નહિં તો એમાં ફળ સારૂં નહિં નિપજે.

કરણ—જા, જા, વિચાર કરાવવાવાળા, ઉઠ લવલવ કરતો અહિંયાંથી.

ભાટ—લ્યો તમારૂં પાછું ત્યારે; (એમ કરી શેલું પાછું નાંખી ચાલવા માંડે છે.) રાજા, કંઇ વિચાર કર, કાંઇ સમજ. આ ઠીક આદરવા નથી બેઠો.

કરણ—બહુ થયું હવે. નીકળો તમે બે મારા ઘરમાંથી. (એમ કહીને અવસ્થાથી જરા વાંકા વળેલો રાજા ઘણા ક્રોધથી હાથવતે જાઓ જાઓ કહેતો) જાઓ જાઓ હવે ટળો તમે અહીંથી.

બ્રાહ્મણ—(પવાલુ તાસક ગભરાતે ગભરાતે લઇને) હા.મહારાજ, અમે તો આ ચાલ્યા. [જાયછે.]

ભાટ—(નીચે જઇ ઉભો રહીને) જીવતો નર ભદ્રા પામશે. રાજા હજી કાંઇ સમજ. નહિંતો–

કવિત.

અભિમાને હણ્યા સન્ત, મોટા ભૂપ લક્ષ્મીવંત;
કહીંક અફાળી એવા, અભિમાને રોળ્યા છે.
અહંકારશત્રુ મળે રાવણુ રણે રોળાયો,
અહંકારી જને સદા ભૂખ માગં ખોળ્યા છે.
અહંકારથકી તૃણુ વાત કેરો મેરૂ થાય;
અહંકારી તુચ્છ ગણી સજ્જનોએ તોળ્યો છે.
માનૂ આજ અહંકાર વેરી વશ તૂંએ બેઠો
ક્ષત્રીવટ ખોવા, દુષ્ટે શત્રૂ કેવા ખોળ્યા છે ? ૭૬

કરણ—[બારીએ આવી] જાઓ જાઓ હવે નિકળો અહીંયાંથી, કાન ફોડતા.

દેવળ—[બારીએ આવી આંખમાં ઝળઝળીયાં આણી ઉદાસ થયેલી ભાટના સામું જુવે છે. પેશો પણુ તેના સામી નજર કરી ઉદાસ થઇને જાયછે.]

પ્રવેશ ૨ જો.

સ્થળ (અવાસનો હેઠલો ભાગ.)

રજપૂત—(બેઠેલો) [એક મુસલમાન ઘોડા ઊપર બેઠેલો તેને] તમે કોણુ છો; અહીંયાં કયાંથી આવ્યાં છો?

મુસલમાન અમીર—મારે કરણુ રાજાનું કામછે. માટે ઉપર જઇને વરદી આપો કે તમને કોઇ હેઠળ, મળવાની ઉમેદ રાખે છે.

રજપૂત—પણ ભાઇ, જરા ધીરજ રાખો. હમણાં રાજા આરામ કરે છે માટે ઘડીભર અહીં બેસો.

અમીર—અમારે રાજા પાસે જરૂરનું કામ છે માટે મહારાજ ઊઠે કે વરદી આપજો. [ઘોડા ઉપરથી ઊતરી· ને ઘોડાને એક ઝાડ પાસે બાંધીને ચોતરા ઊપર રજપૂત પાસે આવીને બેસે છે.] હુકકો પીયોછો?

રજપૂત—હા સાહેબ; ભરી લાવું? (માંહી જઇને હુકકો ભરી લાવેછે.) અહીંયાં તમારા લોક કોઇ કોઇ વાર આવે છે. માટે મુસલમાનોનો જુદો હુકકો કરી રાખ્યો છે. [તેને આપે છે.]

અમીર—(થોડીવાર હુકકો ગગડાવે છે.).

રજપૂત—તમારે અહીં કયાંથી આવવું થયું?

અમીર—સઉ જાહાંનના પાદશાહ અલાઉદ્દીનું પાય· તખ્ત દીલ્લી શેહેર ત્યાંથી અમે આવીએ છીએ.

રજપૂત—આ વનવગડામાં, આ ગામડાગામમાં, આા સાધુ જેવા કરણ રાજા પાસે આવવાનું શું આપને કારણ?

અમીર—શેહેનશાહ તરફનો રાજા ઉપર કાંઇ હુકમ લેઇને આવ્યોછું અને મારે જલદી પાછા જવું છે માટે આટલી ઉતાવળ કરૂંછું.

રજપૂત—તેતો હશે; પણ શો સંદેશો લેઇને આવ્યાછો?

અમીર—તે રાજાને હું કહું ત્યારે સાંભળજો. એમાં કાંઇ છુપી વાત નથી.

રજપૂત—હશે કાંઇ રાણી સાહેબનું કામ. હમણાંતો કૌળાંદેવી ત્યાં સુખમાં મહાલેછે કની ?

અમીર—કૌળાને શી વાતની કમી છે? હુંતો જાણુંછું કે હાલના વખતમાં કોઇપણ ઓરત એના જેવી નસીબ-દાર નથી.

રજપૂત—આગ ઉઠી એ નસીબમાં--અરે રામ, શી વ-ટમણા થઇ છે, આ બે દીકરીઓને લાવતાં-હરીપ્રભુ, ફરી એ દીવસ ન દેખાડીશ. કનક અને દેવળ જે દહાડે ગાયથી વાછડુ વછુટુ પડે એમ પટરાણીથી જુદાં પડયાં-અમીર સાહબ, શી વાત કહું? શું તે દહાડાનું એનું સરૂપ, શોતે રાતનો રાણીનો વિલાપ-હાય હાય ! એ સંભારીને મારી છાતી ફાટી જાય છે ! મને એ વાત જ્યારે સાંભરે છે ત્યારે મારૂ મન ભરાઇ આવે છે. માથુ ઉઘાડું, ને રાતી આંખડીએ આંસુતો ચોધારાં ચાલ્યાં જાય, ને ટકટક જોતાં છાતીએ વળગેલાં બે બાળક જે વખતે મારા હાથમાં સુ-કયાં-અને કહ્યું જા-એટલામાં શુંએ તાન ચડી આવ્યું અને કહેકે-જા, જા,-સૂરા પરમાર-જા, લે મારાં આ તનડાંને-લે આ મારા દુશમનને-કહેજે મારા ભરથારને કે હું મુઇ, ને આ લ્યો-કહે જે મારા ભરથારને કે આ લ્યો-આ તમારાં છોકરાં સંભાળીને પાળજો. એમ કહીને વળી

વીલી પડી ગઇ; ને શું એનું રૂપ, એના રૂપમાં તે શું પુછવુંતું—હાય, હાય, ગોરે મુખે આંસુની ધારા ચાલતી, હાથ બે છાતીએ રાખીને—બે દીકરીઓને બોકી દેઇ તે વખતે એ રોઇ પડી; અને એકાએક એ મૂર્છા પામી પડી. અરે! તે ઘડી મને જ્યારે સાંભરી આવે છે, ત્યારે મારૂં મન કહ્યું નથી કરતું. અમીર, તે પછી મેં એક દહાડો પણ ટાહાડે જીવે ધાન ખાધું નથી. મને અન્ન મોંહોમાં મુકવું ગમતું નથી. તે રાણી, તે પતિવ્રતા રાજકુંવરી--તે આ-જ એનો દુઃખી ધણી—ગુજરાતનો ધણી, આખા જગનો રાજા, તેને છોડી દઇને, એને ભુલી જઇને પેલા ચંડાળ સાથે સુખચેન ભોગવે છે? એમ તે બને કોઇ દહાડો? અરે શિવજી, હા એમં છેજતો. એમાં કાંઇ વાંધો એ છે ત્યારે? એ સુખમાં છે? ના ના, એને ચેનતો નહી પડતું હોય. એમ તમે કહો તોપણ મારાથી કયમ મનાય? (એમ કહેતે આંખમાં આંસુ ભરાઇ આવે છે.)

અમીર—(તેને વાંસે હાથ અડકાડીને) ભાઇ, ધીરો પડ. એમાં કાંઇ અજબ નથી. ખરૂં પુછે તો દુનીયાંની રીતભાતથી હજી તું પુરેપુરો વાકફ નથી.

રજપૂત—બળી એ વાત ને મુઓ હું; મારે કરમે આ દહાડો જોવાનું કયાં આવ્યું? હશે. અમીર સાહેબ, વાત-માં ને વાતમાં મને આ વાત સાંભરી આવી. (એમ કહી આંખ લુવેછે.) તમારૂં નામ શું?

અમીર—મને લોક નસીરૂદ્દીન કહીને બોલાવે છે. મને લાગે છે હવે રાજા ઉઠયા હશે. વાસ્તે ઉઠો ઉપર જઇને ખબર કરો.

રજપૂત—હા જઇને જોઉં. (જાયછે.)

[પડદો પડયો.]

પ્રવેશ ૩ જો.

(સ્થળ) ઉપરનો માળ.

કરણ—(એક હાથે ટેકો દઇ આવવાના માર્ગ સામું જોઇ હીંચકે સુતેલો—સેવકને આવતો જોઇને) કયમ ?

રજપૂત—મહારાજ ! હેઠે કોઈ દિલ્હીનો ઉમરાવ આવ્યો છે.

કરણ—(એકાએક બેઠો થઇને) શું બોલે છે ? દિલ્હીથી મારે ત્યાં અમીર ? રાક્ષસનો દૂત ! મૂઢ ! કેમ બોલતો નથી ? તારા મુખ ઉપરથી તેજ કયાં જતું રહ્યું છે? તને એ નામ દેતાં શૂર કેમ ચઢતું નથી ? આવવા દે, આવવા દે ઉપર; કરણને દુષ્મન સાથે વિવાદ કરવો ગમેછે.

રજપૂત—(બારીએ જઇ) અમીરસાહેબ, ઉપર આવો, જમણે હાથ થઇને. (અમીર સીધો હસતે મોંએ આવીને હાથ લાંબો કરી સલામ કરેછે.)

કરણ—આવો આગ્ર બેસો. (અમીર એક નહાની શે-

તરંજી ઉપર એક નહાના જુના તકીયા પાસે બેસે છે.) ક્યાંથી આવવું થયું ?

અમીર—જી હું દિલ્લીથી ચાલ્યો આવુંછું.

કરણ—દિલ્હીથી મારી પાસે આવવાનું કાંઇ કારણ ?

અમીર—દુનિયામાં આબાદ થયેલાં શહેરમાં સઘળાંથી ઊંચું અને બેહેશ્તની—ને લજાવનાર દિલ્હી શહેરમાં તખ્તનિશીન થયેલા સઉ આલમના હાકિમોપર હુકમ ચલાવનાર મલિક અલાઉદ્દીન ખીલજીની હજુરમાંથી કૌળારાણીના ખુદ હુકમથી હું આમ આવ્યોછું.

કરણ—અમારે ત્યાં અલ્લાઉદ્દીન ખીલજીને અલ્લાઉદ્દીન ખુની કહે છે.

અમીર—રાજા ! કમતરીન બેહચાલાક માહતાબને સુરજમિસાલે ગણે, અને આફ્તાબને એનાથી હલકો માને તેમાં કાંઇ નવાઇ નથી.

કરણ—એટલે મારા ઉપર તેઓ વધારે ભાવ રાખે તેમાં નવાઇ નથી. વારૂ, રાણી—અમારામાં એવી બાઇડીઓને ગણિકા કહે છે. મલિકાકૌળા—શંખણી શો હુકમ કરે છે! (આંખમાં પાણી ભરાઇ આવે છે અને અમીર સામું ક્રૂર આંખે જોતો બેસે છે.)

અમીર—[હસ્તે મોંહે] રાજા! દેવગઢનો રામદેવ ત્રણ બરસ થયાં ખંડણી આપતો નથી અને હજી પણ આપ-

વાની ના કહેછે. માટે પાદશાહે એ ગરેઠા ઉપર પોતાના દિલોજાન ખ્વાજાને એક ભારે લશ્કર લઇ મોકલ્યો છે. તે હાલમાં ખાનદેશમાં પડેલું છે. ત્યાંથી હું રાણીનો સંદેશો આપને કહેવા આવ્યો છું.

કરણ—અમીર! એક વખત કહોછો કે તમારી રાણીએ મને હુકમ ફરમાવ્યો છે. બીજી વખત કહોછો કે સંદેશો મોકલ્યો છે. શું મોકલ્યું છે? પથરા મોકલ્યા છે? ઝેર પીવાને મોકલ્યું છે? મોકલ્યું છે શું? તે મને ઝટપટ કહો. મારે તમારા કુતરા અલ્લાઉદ્દીનનું કાંઇ કામ નથી.

અમીર—(મન્દ હસતે) રાજા! એમ એકદમ ગુસ્સે ન થાઓ; ધીમા પડો. રાણી કહેછે, કનકદેવી તો ખુદાતાલાની મરજીથી જતી રહી પણ મને મારી દેવળદેવી વગર જરા પણ ચેન પડતું નથી. માટે થોડા દીવસ એને મારી પાસે મોકલી દેવાની રહેમ કરો.

કરણ—(ઘણીજ રીસથી ઊંડો નિસાસો મૂકી) (ધીરે રહીને) અમીરસાહેબ, અહીંથી સધાવો. ઊઠો—જાઓ તમારા ખોજા પાસે. તમે મારૂં આમ અપમાન કરવા આવ્યા હતા? મેં એ શંખણીનો હુકમ સાંભળ્યો.

(દુઃખી બેસે છે.)

અમીર—રાજા! કરણરાજા! આ વાતમાં એમ છેક ઊતાવળ કરવાનું કામ નથી. કાંઇ ફીકર કરવાનું પણ

નથી. હું ખાતરીથી કહુંછું કે દેવળદેવીને પાછી તગારી પાસે મોકલાવી દઇશું.

કરણ—હા હું જાણુંછું. એ તરકડી થઇ ગઇ તેમ મારી દેવળદેવીને પણ કોઇ શેખચિલ્લીની સાથે રાખી ગણિકા કરવી હશે. અરે મૂર્ખી, તને શરમ નથી આવતી મને સંદેશો કહેવડાવતાં ? મને આવી રીતે કહાવતાં તને જરા પણ લાજ નથી આવતી? શું મ્હોં લઇને—કૂવે વેશે, કેવા ઢંગે મને તું હુકમ કરવા આવીછે? શીવ, શીવ! હશે, અમીરસાહેબ કૌળાદેવીએ મને છેતર્યો પણ મને તે કોઇ કાળ ઉપર પ્રિય હતી. જાઓ, એમ કહેજો કે તું હજી મને સાંભરે છે; એટલા માટેજ દેવળદેવીને નહી આપું. અને નહી આપું કહ્યું એટલે નહીજ આપું; માટે જાઓ એટલું જઇને એને વિદિત કરો.

અમીર—તમે એમ ફરમાવ્યું કે કૌળાદેવી આપને વહાલાં છે; ત્યારે તો એ છોકરીને મળવાને બહુ આતુરછે વાસ્તે એમને થોડા દીવસ રાણી પાસે મોકલો.

કરણ—રાણી! જાઓ, જાઓ, કહો જઇને મેં કહ્યું તે અને વધારે બોલી બગાડશો નહી. મને આવી વાત ફરી ફરીને કહી વધારે ના સંતાપો. હું મારી દેવળનેતો મારો પ્રાણ ગયે પણ નહિં આપું. મારો તારા કરતાં એના ઉપર વધારે હક છે. તારા કરતાં એની કાળજી—તારા કરતાં

એનો સ્વાર્થ મારે વધારે છે. હા, મારો જીવ લઇને, તમે સઘળા આવીને એને જે કરવું હોય તે કરો. પણ જ્યાં સુધી કરણ જીવતો છે ત્યાં સુધી કોઇને, એમ તો નહી કહેવી દઉં કે કરણ વાઘેલે પોતાની દીકરી–પોતાની એક-ની એક દીકરી યવનને વેચી.

અમીર—રાજાજી સબુરી પકડો ને કહ્યું માનો. તમે બળીયા છો: ના કહેશો ત્યારે કાંઇ જોર જુલમથી અમારાથી લેવાવવાની નથી. માટે માનો મારૂં કહ્યું. એમાં કાંઇ પણ ફાયદો કહાડશો.

કરણ—બસ–જીભ બંધ કરો. ઉઠો જાઓ જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા–શું મને ફાયદો થશે? એ તરકડો મને પાટણ પાછું આપશે! અને મારી સ્ત્રી અને મારી દીકરીને પોતાની પાસે નચાવવાને એના જનાનખાનામાં રાખશે? અને હું પછી ખંડણી ભરીશ? આજ, અમીર! તમારા બધાના વિચાર દેખાય છે. એટલા માટે હું નહી આપું—નહી આપું, નહી આપું—જાઓ જે થાય તે કરી લેજો.

અમીર—રાજા! આમાં સારૂ નહિં થાય. કહ્યું છે કે બળવાળા સાથે બાંથ ન ભીડવી, વાસ્તે મારૂ કહ્યું માનીને આપો. આપવાની હા કહેશો તો હું બે ત્રણ દીવસમાં સવારોને બોલાવી દરજ્જા સાથે ઘણી ફીકરથી અને સં-

બાળથી મારી સાથે એમને લઇ જઇશ. તમે બાદશાહનું જોર, એનો તોર, અને બહાદુરી નથી જાણુતા. નથી જાણુતા? આથી કેટલું વધારે જાણવાનું છે? એ ઘણોજ સખ્ત અને તેજ મીજાજનો છે. અને જે વાત મનપર લેછે તે મુકતો નથી. આતો વળી મલિકાનો હુકમ થયો છે. તેથી કાપુર એનો દોસ્ત છે તોપણ તેને એવો હુકમ કર્યો છે કે જો દેવળદેવીને તુ તેના શરીરને કાંઇપણ ઇજા પહોચાડયા વગર અને તેની ઘણી બરદાસ્ત કરીને નહી લાવે તો તારૂ એકદમ સર કાપી નાખીશ.

કરણ—એનું તો એક વખત કપાવીશ—અને એનું એ કાપીશ—પછી મારૂ કાપશે-પછી લેશે-પછી એને વટલાવશે-પછી એને પાપમાં નાંખશે-પછી એને કષ્ટ કરશે-પછી એને મારી નાંખશે-પછી એને રાંડ ચાંમુડા શું કરશે? પછી એ નરકના કુંડમાં પડશે-પછી એને જે કરવું હશે તે કરશે; જે થવાનું હશે તે થશે. પછી શું કરશે? નહી આપું જાઓ મેં મારો જવાબ કહ્યો.

અમીર—આપ જાણો છે કે જે વખત જઇને મેં કહ્યું કે તમે સુલતાનનો હુકમ નથી માનતા કે તરત તમારા ઉપર એક ભારે લશ્કર મોકલી જોરથી તમારી છોકરીને લઇ જશે. અને તમારૂં શું થશે તેતો કંઇ કહી શકાતુ નથી. માટે વિચારો. તમારી પાસે લશકર નથી. તમારી

મદદ કોઇ કરે એવું નથી તેથી જીતવાની તો તમારે આશા જ નથી. માટે કાંઇ કરતે મેહેરબાનીની રાહે તમે આપશો તો તમને ફાયદો થશે.

ફરણ—હાહા. તમારૂ લશ્કર આવશે ત્યારે હું આપીશ. લશ્કર આવશે ત્યારે હું આપીશ. મેં તમને સત્તર વખત કહ્યુ કે નહિં આપું પછી તમારે વધારે વાર મારી પાસે રહેવું ઘટતું નથી.

અમીર—એમ? જેવી આપની મરજી. (એમ કહી ઉભો થઇ જરા માથુ નમાવી જાય છે.)

કરણ—(એકદમ ઉઠીને પગ પછાડીને) કયમ, તેં શું ધાર્યું છે? અરે પ્રભુ, મને કયમ તું આમ અકળાવે છે. હું નહી આપું–હા–અરે શંકર—જા જે કરવું હોય તે કરજે. હજાર વસ્તુ જે કહે તે આપું; પણ હું મારી દેવળને નહી આપું. (એમ કહેતાં આંખમાં આસું આવેછે.)

દેવળ—(બહાર આવી) બાપા તમે આમ કયમ અકળાઓ છો? (કરણના વાંસા ઉપર હાથ મુકીને) તમે ગભરાશો નહી. હું કોઇ દીવસ તમારી પાસેથી વેગળી ખસવાની નથી. મને બળ કરશે તો હું જીવ આપીશ. પછી શું કરશે?

કરણ—ધન્ય, વાઘેલી! તું ખરી સપૂત વાઘેલાની દીકરી છે. ખરી મારી વહાલી દેવળ! (તેને માથે હાથ ફેરવેછે.)

દેવળ—ત્યારે હવે જરા સુશો? મેં પથારી કરી મૂકીછે.

કરણ—બળ્યુ સુતું ને બળ્યું ગારૂ જીવતર. અરે કમળા તેં તો ખરો તારા નામનો ભાવ ભજવ્યો.[1] મને બહુ દુઃખ દીધું! (એમ કહી ઓરડામાં જવાને ઉઠે છે; તેની પાછળ દેવળદેવી પણ જાયછે.)

---

૧ કમળના છોડને બે પતિ છે; સુરજ અને ભ્રમર.

અંક પાંચમો.

પ્રવેશ ૧ લો.

(સ્થળ) બાગલાણના કિલ્લામાંનો બાગ.

કરણ—(નહાના વડ તળેના પથ્થરના ચોતરા ઉપર બેઠેલી કન્યાને) જોયું. મેં ના કહી. પણ એ હીજડો હવે આ કિલ્લા ઉપર સેના સાથે તુટી પડશે. અને તને બળાત્કાર કરી લઇ જશે; એ નિશ્ચય. એ કુભાંડા તને નિરાંતે બેસવા દેવાની નથી. રામ રામ! હવે શું કરીશું.

દેવળ—મેં તો મારે તમને કહ્યું છે કે હું કાંઇ એના અલ્લાઉદ્દીનના સેનથી બીહીને કે ધનના લોભથી મુસલમાની થવાની નથી. મેંતો મારે જે ધાર્યું હશે તે હું કરીશ.

કરણ—ત્યારે મારે શો ભય છે? તારા વિના મારે શેની બીક રાખવાની છે? તું આટલી હામ ધરે છે, તેથી મારા મનમાં કાંઇ વિશ્રાંતિ મળે છે; મને ધીરજ આવે છે; ને તને મકડવા આવે ત્યારે શું કરવું તેનો વિચાર કરતાં કાંઇ આધાર મળે છે. તોપણ તારા રક્ષણને માટે હવે તો સત્વર કાંઇ ઉપાય કરવો જોઇએ. શો ઉપાય કરવો જોઇએ? કાંઇ મને તો સુજતું નથી. કાંઇ રસ્તો જડવાનો નથી. આપણે હવે કોણ રહ્યું છે? હરી હરી! શું તને મારી પાસેથી ખુંચવી લઇ જશે? (દુખી બેસે છે.)

દેવળ—ઉપાય તો શો; હવે. કાંઇ કોઇ આપણને સહાય થાય એવું છે? એકલાનો બેલી પરમેશ્વર.

કરણ—નહિં કયમ–નહિં કયમ–દીકરા નહિં કયમ, હજી ગુજરાતમાં રાખતળે બળતા અંગારા જેવા રજપૂત—અરે, રણમાં રમનારા રજપૂત પડ્યા છે. શું તે તેમના દયા લાવવા જેવા રાજાને આશ્રય નહિં આપે? હજી એમનામાંથી શૂરાતન ગયું નથી. હજી તેઓ હિંજડા બની ગયા નથી. હજી તેમનામાંથી પોતાની જન્મભૂમિનું, પોતાની જાતનું, પોતાના કૂળનું અભિમાન જતું રહ્યું નથી. લાવ મારી પાસે કાગળ; હું મારા રાજ્યસ્થંભ આગળ જેને જેને ગણતો હતો તેમને લખી મોકલું; તો મને લાગે છે કે હવે જરૂર મારી વારે ચડશે.

દેવળ—હા. એ એક સાધનનો ખરૂં. પણ મને લાગે છે કે હવે આ દશામાં આપણી દાઝ જાણીને આપણી સહાયે કોઇ આવે એવો સંભવ નથી.

કરણ—કાંઇ ચિન્તા નહિં. શું એ તરકડા મને કરવાના હતા? મારી વહાલી ઢાલ તરવાર, હવે તમે પાછાં પાસે આવો. બહુ વરસે તમારો ખપ પડયો છે. કાંઇ ચિન્તા નહિં, દેવિ! લાવ મને પત્ર આપ.

દેવળ—(કાગળ લેવાને ઉઠે છે ને જાયછે.)

કરણ—[વિચારમાં બેસે છે.]

દેવળ—(કાગળ, ખડીઓ, કલમ લાવીને તેવા આગળ મૂકે છે.)

કરણ—જો ત્યારે હું લખુંછું. તું એટલી વારમાં આ જુઈનાં ફુલનો ગજરો કર.

દેવળ—(છોડ પાસે જઇ ફુલ ચુંટવા માંડે છે.)

કરણ—(ચિન્તન કરીને લખવા માંડેછે.)

દેવળ—(પાસે આવીને ફુલ ચોતરા ઉપર મુકીને ઉભી ઉભી ગજરો ગુંથવા માંડે છે.)

કરણ—(લખીને વાંચેછે),

સાખી.

'શૂરા ક્ષત્રી' શૂં જુઓ, જુઓ પ્રલય થઇ જાય;
જુઓ પડેછે પહાણ આ, જુઓ સમુદ્ર સળગી વહિ જાય. ૧
+શૂર સરીખુ નાવડૂ, તરો તે થકી પાર,
મરો બચો પણ મારજો, કાંઇ લેવા જગતમાં સાર. ૨
'રણશૂરા રજપૂત' તે, વાણી જો લજવાય,
વહાલાં વટને ટેક તે, સહુ પળ એકમાં પછી જાય. ૩
સંભારો પૂર્વજ તમે, હાય આજ શૂં થાય,
ગયા સરવ તે ટેક તે, કદી સમય ગયા સચવાય? ૪
હૂં જાણૂં હજી કંઇ ભલા, ભલા પડ્યા જગમાંય,
દેખૂ તો માનૂં ખરો, આવો ધર્મ સહાય કહેવાય. ૫

+ શૂર=શૌર્ય.

પૂર્વ મિત્ર હું તમતણો, અપૂર્વ આપણુ સ્નેહ,'
સ્ત્રીહત્યા થતી રાખવી, વીર કે પછિ દેશો છેહ? ૬
કે પછિ દેશો છેહ ને, બાળક મારૂં બાળ,
દેશો દાનવને જવા, હરી, ચડિ આવે તે કાળ? ૭
સાધૂ સરખો કરણુ હું, આશ્રમથી લખુ આજ,
શત્રૂ હણી પળ, પળ ગણો, ગઇ સામટી આપણી લાજ. ૮

દેવળ—હા, હા. આ મોકલો તો ખરા ? હજી કોઇ કોઇ આપણી વારે ચડે એવા નિકળી આવશે.

કરણુ—હા, હા. ના, ના, હજી એવો કાળ નથી આવ્યો. મારા સેવક લુણહરામ નથી થયા. ત્યારે હજી લખું છું હો, (વાંચેછે),

સાખી.

'હજી સમયતો હાથ છે, હજી રજપુતનો સાથ
બ્યંડળ જેવો બાયલો, નથી નથી થયો હજી નાથ. ૯
નથી પડયા તે ઊંઘતા, ચડયે અફિણની લેહેર;
નથી મદ્ય બીહામણો, કે નથી કુસંપનો કહેર. ૧૦
નથી શૂરાતન મૂળગૂ, નથી ગયું હજી કાંય;
નથી ગઇ તલવાર તે, પણ સમય કદી સચવાય? ૧૧—૫૭
જો સચવાય તો કરણુ તમારો દાસ થઈ રહેશે.'

દેવળ—થયું. એટલું બધું લખીને શું કામછે ?

કરણુ—કાંઇ નહિં; હું ત્યારે મોકલુંછું. (ઉઠીને મોકલવાની ગોઠવણુ કરવા જાય છે.)

દેવળ—શું આ ગજરો શેને સારૂ પહેરવો? કોને સારૂ પહેરવો? ચડાવી આવું માહાદેવને ત્યારે. [જાયછે.]

પ્રવેશ બીજો.

સ્થળ--આગલાણના પર્વતમાંની ઝાડી-વાળી ખીણનો રસ્તો.

ભીમદેવ—(ઘોડા ઉપર) એમ છે? ત્યારે તો રહો, અહિયાં અટકો; હરદેવ, તમે જાઓ આગળ ઘોડો લઇને; જુઓ, કયાં અલિફખાનું સૈન્ય પડયું છે!

હરદેવ—મેંતો વાત સાંભળી તે તમને કહી. મેં કાંઇ મારી નજરે જોયું નથી. હશે, આપણે જરા આગળતો ચાલો. જે હશે તે બધુએ હમણાં જણાશે.

ભીમદેવ—જા બાયલા; કેવળ હરામનુંજ ખાનાર સામન્ત થઇ ગયા છે. રહો તમે બધાએ અહીયાં. હું આગળ જાઉંછું.

કુંવરરૂપસિંહ—ખમા, માહારાજ, ખમા. હું જાઉંછું. જઇને જોઇ આવુંછું. [ઘોડો એકદમ ચલાવીને જાય છે.]

ભીમદેવ--આનું નામ વીર; આતે દાસપણું. ચાબુકસ્વાર જેવા ઘોડા ચમકાવતાં સર્વેને આવડે; પણ આવો ક્ષણ ઘણો વસમો છે.

હરદેવ—મેં જવાને મહારાજને ના કહી હતી? મેં તો કહ્યું કે આપણે બધાએ જોડે જઇએ.

ભીમદેવ—બસ.

હરદેવ—જેવી મહારાજની ઇચ્છા.

ભીમદેવ—એતો બધુંએ ઠીક. પણ હવે કરણને મળવું ઘણું કઠણ છે. કેમકે આપણે આગળથી આવું જાણ્યું હોત તો બીજો માર્ગ પકડત. પણ હવે તો બહુ પાસે આવી પડયા તેથી બીજો કાંઇ ઉપાય મને સુઝતો નથી.

હરદેવ—મહારાજ, વખતનાં કામ વખત કરશે. કાંઇ ચિન્તા રાખવી નહી.

ભીમદેવ—હું તમને પુછતો નથી. તમારે પાછાં દેવગઢ જવું હોય તો જાઓ. લક્ષ્મણ, કેમ ધાર્યું વારૂ?

લક્ષ્મણ—હું એજ વિચારમાં છું. સ્વરૂપસિંહને ખબર લઇ આવવા ધો. પછી જેમ ઘટશે તેમ કરીશું. ઇશ્વર સઘળાં સારાં વાનાં કરશે.

ભીમદેવ—પણ આપણે શું શું કરવું છે ત્યાં જઇને તેની તમને ખબર છે?

લક્ષ્મણ—મહારાજે પહેલેથી એ વાતની કાંઇ ચરચા કરી નથી એટલે હું પુછી શકતો નથી.

ભીમદેવ—જુઓ—કાળ એવો આવી પડયો છે કે કરણ ગમે તેવા હઠીલા સ્વભાવનો હશે તોપણ દેવળદેવીને આપણે સ્વાધીન કરશે. દેવળદેવીને લઇને આપણે શો સ્વાર્થ છે? પણ મારે તો મારા ભાઇને મરતો બચાવવાનો છે. તેં જોયું લક્ષ્મણ, એ કેવી અવસ્થામાં આવી પડયો છે તે?

તે દહાડે મેં એને પલંગમાંથી ઉઠાડી હાથ પકડીને આ-રસ પાટ ઉપર બેસાર્યો ત્યારે મને કહેછે કે ક્યાં મને લ-ઇ જાય છે? મારી પ્રિયા પાસે? શીવ, શીવ. એની સ્થિતિ આવી જે દેશમાં તો કેવા કેવા અચંબા ભરેલા બનાવ બ-નવા માંડયા છે? જુઓ, તેટલા માટે આપણે દેવળદેવીને માગવાનો આ સંધી ખોળી કહાડયો છે. માટે જે થાય તે ખરૂ પણ કરણને મળવું એ નિશ્ચય. અને જેમ તેમ કરીને એ અહંપદી પાસેથી કુંવરીને લેવી. લક્ષ્મણ, શા હ-ઠીલા સ્વભાવનો રાજા છે? આપણે એને આશ્રય આપ્યો તેનો ઉપકાર મનમાં આણીને પણ આપણી વિનતી સ્વી-કારતો નથી. અને બીજું, કદી એ એકાએક મુસલમાનો-ના હાથમાં આવી તો આપણી પછી શી અવસ્થા? શંકળ-દેવની શી વલે થશે?

હરદેવ—(ગાભરો ગાભરો) ભાઇ, ભાઇ, મહારાજ, આ શેના ઘોડાના પગ સંભળાય છે? નક્કી, એ લોકના જાણવામાં આવ્યું હશે. ચાલો જેમ બને તેમ કાંઇ ભરાઇ જઇએ.

ભીમદેવ—(કાન દઈને) કાંઈ નહિં, કાંઇ નહિં, એક ઘોડાના પગ વાગે છે. સ્વરૂપસિંહ આવ્યા. મુરખા! આમ શું નામર્દાની પેઠે એકદમ અભકી જતો હશે.

હરદેવ—(જરા મો હસતું કરીને નીચુ જોઇને) કોણ જાણે ભાઇ એનો તે કાંઇ મેળ છે?

ભીમદેવ—છેક બુદ્ધિહીન, હોય તે સારૂ કે ડાહ્યો હોય તે સારૂ. જા તારે અહીંથી જવું હોયતો; અમારે તારૂં કાંઈ કામ નથી. (સ્વરૂપસિંહ આવે છે.) (સર્વે સ્વારો એની વાત સાંભળવાને એની આસપાસ વિંટાઇ વળે છે).

સ્વરૂપસિંહ—(ભીમદેવના સામું જોઇને ધીરે) ભાઇ, આ સામા પહાડની નળીની આગળના મેદાનમાં મુસલમાનોએ પડાવ નાંખ્યો છે. જમણા હાથ તરફ એક વિકટ રસ્તો ચડાવનો છે. ત્યાં થઇને રાજાને મળવું હોયતો ચાલો.

લક્ષ્મણ—હા ચાલો. સાવધાન સઘળા! ચાલો ચુપકીથી સઉ; જમણા હાથ તરફનો રસ્તો લ્યો!

(સર્વે ઘોડા છાના માના જમણા હાથ તરફ વાળેછે.)

પ્રવેશ ત્રીજો.

[ઠેકાણું] પહાડ ઉપરનો એક તંબુ..

તેમાં બેઠેલા કરણ, ભીમદેવ, સ્વરૂપસિંહ, હરદેવ ઇત્યાદિ.

કરણ—તમે કહોછો એ વાતતો ખરી, પણ, આપ જાણતા નહિં હો કે અમે રજપૂતો કોઇ જાદવને કન્યા દેતા નથી. માટે એ વાતનું મારા ભણીનું તો તમારે પાનું જ વાળી મુકવું.

ભીમદેવ—રાજા! આ સમય સારૂ માઠુ કુળ જોવાનો નથી. આપણું જે વાતે હિત થતુ હોય તેમ કરવાનો

આ વખત છે. જુઓ, દેવળદેવી દેવગઢ આવશે તેથી આ ઝગડો પણ બાગલાણથી ઉઠીને દેવગઢ આવશે. ગઢમાં ખડયા પછી અમે છીએ ને એના અલિફખાં હોય કે કલિફખાં હોય પણ પછી હઠવાના નથી. રાજા! એથી તો આપણી સિદ્ધિ છે. માટે ધીરજ રાખી વિચાર કરીને અમારૂ માગુ માન્ય રાખશો તો એમાં બન્ને પક્ષને અનુકૂળ થશે.

કરણ—ને દેવળદેવી અહિંયાં રહિ તો? તમે કહેતા હશો. કે મારાથી એકલાથી એનું રક્ષણ નહિં થાય. પણ કુંવરજી, એમ સમજતા ના. મેં પહેલેથીજ જીવવાની આશા તો છોડી છે. મારે હવે જીવીને શું કરવું છે? હું મરીશ. શત્રુને મારીશ. મારો ટેક રાખીશ. હા પછી મારા મરણ પછી દેવળદેવીને તમારે જે કરવું હોય તે કરજો.

લક્ષ્મણ—પણ રાજાજી! દેવગઢ જઇએ તો આપણું બળ બમણું થાય એમ કયમ જોતા નથી?

કરણ—એમ-કયમ જોતો નથી તેનું કારણ એજ કે મારે દેવળદેવી તમને આપવી નથી.

ભીમદેવ—રાજાજી! આ વાતમાં તો આપ ઉલટો વિચાર કરો છો. આમાં કાંઇ આપણું એકલાનું સુધરશે એમ નથી. પણ એ અબળાનું રક્ષણ થશે ને દુષ્ટ યવનોના હાથમાં જતી બચશે. વારૂ, યવનથી તો યાદવ કાંઇ નપાટ નથી? પછીતો જેવી મરજી.

સ્વરૂપસિંહ— વંશસ્થવિલ.

ઉગ્યો ઉગ્યો તે નિરખી નિહાળિને
ખિલે ખિલે પંકજ પ્રેમ પાળિને;
સદા ખુશી સજ્જન સૂજ્ઞને મળે,
ન થાય તેવાં સુધરે સમી કળે. ૭૮

રાજાજી! સુખની પ્રાપ્તિ છે અંતે એમાં. અમે તો અમારે કહી છુટીએ છીએ; પછી કરવું ન કરવું તે તમારા હાથમાં છે.

ભીમદેવ–ને વૃદ્ધ આગળ તેમાં વળી આપ જેવા મોહોટા માણસ આગળ અવિવેક જેવું દેખાશે. પણ શું કરૂં? તમને એમ લાગે છે કે દેવળદેવી મળ્યા વગર શંકળદેવ પોતાનું જીવતર ગાળી શકશે? અને ખરૂ પૂછાવો તો એના સુખને અર્થે હું આગ્રહ કરૂં છું.

કરણ—એટલી માયા એ બે વચ્ચે કે દહાડે થઇ તે હું તો કાંઇ આટલા દહાડા થયા પણ જાણતો નથી.

ભીમદેવ--મહારાજ! તમે ન જાણો તેમાં કાંઇ આશ્ચર્ય નથી.

કરણ--છેહ, હું નથી એ તમારી ગપ્પા માનવાનો. મારી દેવળ એ વિષે એક અક્ષર પણ બોલી નથી. તમારાજ બધા મનના તરંગ છે. તમેજ રામદેવને વિવાહ માટે બ્રાહ્મણ મોકલવાનો આગ્રહ કર્યો હશે; ને તે કરતાં જો કાંઇ એવી વાત બની હશે તો આ પળથી હું તમને કહું-

છું કે એ વિષે તમારે ફોગટ ફાંફાં મારવાં નહી. દેવળદેવીને તો હું કહીશ એટલે તરત માનશે.

ભીમદેવ—આ વાણી તો કેવળ દુર્ભાગીની છે. કોઈ આટલું વૃદ્ધ મનુષ્ય આવી રીતે બોલે એ મેં આજજ જાણ્યું. પણ હું આ શું સાંભળું છું? રાજાજી! આવાં બેનું મન મળ્યું તે કોઇ તોડાવી શકે ને તુટે—આવી અદ્‌ભૂત પુણ્યપ્રીતિ એ બેના મનમાં ક્ષીણ થાય–એ તમારે લગાર પણ મનમાં આણવું નહિં; અને તે કરતાં કાંઇ વિચાર કર્યા વગર—

લક્ષ્મણ—કુંવર સાંભળો સાંભળો! મહારાજ! તમે રામદેવના રાજ્યમાં રહોછો. એગણે તમને પોતાના ભાઈ જાણીને દુખની વખતે આશ્રય આપ્યો છે. અને અહિંથી કદી દેવળદેવીને લઇ જઇશું તો તમારો શો ઉપાય ચાલવાનો વારૂ?

કરણ—શિવજી તમને સર્વેને નરકમાં નાંખશે. મૂર્ખાઓ! એમ બોલોછો તમે! એવો નીચો બોલ બોલ્યા તમે! ચાલો જાઓ ઉઠો! લ્યો હું ચાલ્યો તમારા રાજ્યમાંથી. લઇ જાઓ દેવળદેવીને, કેવી રીતે લઇ જાઓછો વારૂ, જોઊતો ખરો. તમે સઘળાએ એમ ધાર્યું છે વારૂ, કે ઇશ્વરે આટલો દુભેલો તેને વધારે દુભવો? (રાતો પીળો થઇ જાયછે.)

સ્વરૂપસિંહ—એમ નહિં રાજાજી; પણ આ પણ અમે

એક અમારૂ કાર્ય સાધવાનો તમને રસ્તો બતાવ્યો. સઉ સલાહસંપથી થતુ હોય તો તેના કરતાં બીજું વધારે રૂડુ શું. તમે આમ હઠ પકડો ત્યારે કોઇ એવું માણુસ હોય ને ધારે તો એ રીતે પોતાનું કામ સાધે. લક્ષ્મણુ તો અણુસમજણુમાં બોલ્યો.

કરણુ—(કાંઇ બોલ્યાવના રીસમાં બેશી રહેછે.)

ભીમદેવ—વારૂ રાજાજી, રાત બહુ ગઇ હવે. અમે ઉઠીશું. આ વાતનો મનમાં કાંઇ વિચાર ધારજો.

(સર્વે ઉભા થઇ ચાલ્યા જાયછે.)

કરણુ—દોંગા, લુચ્ચા. આખર જાત મરેઠાની તે નીચા તે નીચા. શું હુ ?—હું દેવળદેવીને આપવાનો નહી. કદી નહિં. ઠીક; અન્તના ઉપાયનો હવે સમય આવ્યો એવું હવે મને લાગ્યું. એ પણુ નાદાન છોકરીએ મને છેતર્યો દેખાય છે. છોકરીમાં માનો અંશ વધારે એમ થયું? ઠીક છે. હુ પણુ મારી યોજના કરીશ. પરમાર !

રજપૂત સેવક—(માંહી આવીને) હાજી, આજ્ઞા:

કરણુ—ચોકીની ગોઠવણી પુરી કરી હોય તો મારો રણુવીર-ઘોળો ઘોડો લાવ.

સેવક—મહારાજ ! પ્રતાપશંગવાળી ટુકડી ઓતરાતી મોકલીછે. ઝાલા રજપૂતોનો સાથ આથમણો ઉભો રાખ્યો છે. ને સઉ દશે માણુસ ફરતાં તો છે. પણુ સામી સેના ભારે છે. પહાડ હેઠે પડયા છે એટલે ઝાઝી બીક તો નથી.

આ કોરે અમે તો પરતાજ છીએ. રાતે કાંઇ હાલ ચાલ થઇ તો તરકડાંને ઊપરથી વીંધીજ નાંખીશું.

કરણ—શાબાશ—ઠીક. બધી ગોઠવણ તો કરી છે. વારૂ લાવ ત્યારે ઘોડો.

સેવક—[બાહાર જાયછે.]

કરણ—(લુગડાં પેહેરવા માંડે છે.)

સેવક—(પાછો આવીને) ઘોડો આણ્યોછે મહારાજ.

(કરણ બહાર આવી ઘોડે સ્વાર થઇ ચાલ્યો.)

પ્રવેશ ચોથો.

સ્થળ. કિલ્લા પાસેનો રસ્તો. મધ્ય રાત.

(ઘોડા ઉપર ચાલતે ઘોડે કરણ પ્રવેશ કરેછે.)

માલિનિ.

એક સૈનિક—

ડુબિ ડુબિ જતિ દીસે, કાળિ રાતે શું ભૂગી,
ગ્રહગણ સઘળા જો, તેજમાં રે' ઝઝુમી;
રજપુત પરવાર્યા, પ્રાણ લૈ મ્લેચ્છના રે,*
નૃપ ચડિ હય શ્વેતે, ક્યાં જતા ક્લેશમાં રે. ૭૯

કરણ—

જન સહુ જગનાને, પ્રાર્થના મોક્ષકારી,

---

* એમ પૂરેપુરૂં બન્યું નથી પણ શૌર્યની ઝુમમાં કલ્પના રૂપ એવી રીતે બોલે છે.

શિવ સુખરૂપ મૂર્તી, અર્પું નૈવેદ્ય વારી;
સજ કરિ હય ચાલ્યો, યાચવા ઇષ્ટદેવ,
સગુણ રણસુહાગી! સ્વાર્થની સર્વ સેવ. ૮૦

(ઘોડો ચાલવા દેછે.)

સૈનિક—અત્યારે પૂજા શેની!

(ઘોડો જાયછે.)

(કિલ્લા ઉપરના શિવાલયમાં ઘોડા ઉપરથી ઉતરીને પેસેછે.)

કરણ—(પાઘડી ઉતારીને) જય જય શંભુ, જય ભોળાનાથ! (લાંબો થઇ નમસ્કાર કરેછે.) (થોડીવાર પછી ઉઠીને) હે શિવજી ! તારો ભાવાર્થ સમજ્યો. (તરવાર ઉઘાડીને) હું આ ચાલ્યો તારી આજ્ઞા પાળવા. (ઘર તરફ વળીને ત્યાં જઇ ઉપર ચડેછે.) હવે હું કયાં જાઉં (દેવળદેવીના ઓરડામાં જાયછે.) તારી આજ્ઞા નહિં લોપું. નહિં લોપું શંકર. તેં મને બહુ સારી બુદ્ધિ સુઝાડી. દીવો બહુ ઝાંખો બળેછે. (સચેત કરેછે અને ચળકતી ઉઘાડી તરવાર સાથે દીવા પાસે વિચાર કરતો ઉભો રહેછે.) નહિં આપું એ મરેઠાને, નહિં આપું; એ તરકડાઓને નહિં આપું; હે મહાદેવ ? ગમે તો આનો-(એટલું કહી સુતેલી દેવળદેવી ઉપર ધસેછે.) જીવ લઇશ. (ઘા કરવા જાય છે.) (તેના સામુ જોવામાં તરવાર પડી જાયછે અને તેની સાથે એ પણ મૂર્છા ખાઇ પડેછે.) (ધબાકો થયો એટલે),

દેવળ—(ઓચિંતી જાગીને)–કોણ એ? શું થયું? કોણ પડયું? (બેઠી થઇને) અરે આ મારા ખાટલા આગળ કોણ પાપીન (ઊંચી થઇને જોઇને) કોણ, મારા બાપ? અત્યારે? (ગભરાટમાં નીચે ઊતરી કરણ પાસે જઇને તેને જોઇને રોવા માંડેછે.) બાપા આમ કેમ પડયાછો? (નિ-શ્વાસ લઇને) હરે, શિવજી! આ શું થયું! આ શો ગ-જબ! (વધારે આંસુપાત કરીને) મારે માથે દુખનાં ઝાડ ઉગ્યાં. તું કયમ મરતાને મારેછે! અરે દૈવ તને મારા જે-વી ગરીબડી ઉપર દયા કયમ નથી આવતી? (રોઇ પડે છે.) (પાછી સાવચેત થઇને) ભાઇ આમ બેશુદ્ધ થઇને કયમ પડયાછો? આ ઉઘાડી તરવાર શી પાસે! અત્યારે અહિં ક્યાંથી આવ્યા! આ શું થયું! (રોતે) મને કાંઇ સમજણ પડતી નથી. તાત ઉઠો; જાગો. (તેને હલાવેછે.)

કરણ—(જાગીને દુખમાં આંખ ફેરવ્યા વિના ધારે ધીરે ઉઠીને માથે હાથ દઇને),

લલિત.

કરમ ફૂટલા, બાળ મારિને,
કરણ શૂં કર્યૂં, પુત્રિ પાડિને;
વિમળ સુંદરી! વાવ્યું વૃક્ષરે
તનુ* ઊછેદીર્યું, હાથથી અરે! ૧
કયમજ મારવા, બુદ્ધિ તો થઇ,

* તનુ=ન્હાનું, નાજુક, કુમળુ.

કયમ કરી આસી, દેહમાં ગઇ;
અરર, આ બન્યો શો બનાવરે!
હરિ, કયમે કરાં દેવિ લાવરે. ૨-૮૧

દેવળ—તાત, હું તમારી પાસે બેઠીછું ને!

કરણ—(સાવધાન થઇને)—શું તું? ક્યાંથી? મારી દેવળ? આ શું?

દેવળ—મને કાંઇ થયું નથી. હું સાજી સમીછું.

કરણ—એ શું? અરે પ્રભુ (એમ દુખમાં તેને સોડમાં લે છે.)

(દેવળદેવી રૂવેછે એટલે કરણ પણ પાછો આંસુ પાડે છે.) છાની રહે તું. (આંસુ લોહી છાની રાખવા જાયછે.)

લલિત.

સરવ રાજ બા, પાછું જો મળ્યૂં,
કરણનૂ સહૂ, દુઃખ તે ટળ્યું;
જીવન * હેમનો મેરુ ઊદિયો,
પરમ ઇષ્ટ તો, આજ રીઝિયો. ૮૨

મારી વાહાલી દેવળ હું તને મારવાને—અરે ઇશ્વર એ શો બોલ! (આંખમાં પાણી આવેછે.)

દેવળ—હવે ધીરજ રાખો. હું હજી જીવતીછું. મેં તરવાર દીઠી ત્યારથી મને એવું કાંઇ લાગ્યું'તું. એમાં તો

---

* તારા જીવનરૂપી સુનાનો.

ઊલટું ઠીક થાત. અમારે સારૂં આટલું બધું સહન કરવું પડેછે તે ન પડત.

કરણ—તું મને વધારે કહી કહીને શા માટે મારૂ મન દુભેછે. હશે, પરમેશ્વરે બધુ સમુજ પાડી આપ્યું-પણ આ મહા પાપમાંથી હું ક્યારે—

દેવળ—તાત એમ ન બોલશો,

ગીતિ.

વીજથી વધતું ઊડે, ઠરે સ્થળે સ્થિર જરા જેમ વાયૂ;
અગ્નિથિ અધિકૂ ઊંડે, પેસે મન તે કદી ન જીતાયૂ. ૮૩

માટે હવે નિશ્ચિંત રેહેજો.

કરણ—જ્યમ તું કહે તેમ બેટા.

દેવળ—ત્યારે તમે થોડીવાર સુઇ રહો હવે. હું પાણી લઇ આવું.

કરણ—પાણીથી આ ભડકો કયમ હોલવાશે? (સુવા જવાને ઉઠેછે. દેવળદેવી પાણી લેવા + જાયછે.)

પ્રવેશ પાંચમો.

[સ્થળ] પહાડ ઉપર સપાટ જમીનમાં તંબુ.

લક્ષ્મણ—રાજાજી, એ બધી અડચણો ટાળી દો તો બહુ ભલું થઇ જાય.

કરણ—મારા મનમાં ક્યારનો એજ માટે ગુંચવાયાં કરૂ

+ પાવાને.

હું; વારૂ, મુસલમાન થશી તો કાંઇ તમે ઊતરતા નથી. મુસલમાન લઈ જાય તેમ કરતાં તમને આપવી મને ઠીક લાગે છે.

લક્ષ્મણ—એમાં કલ્યાણ થઈ જશે સર્વેનું. ભીમદેવને બોલાવી લાવું.

કરણ—(નીચા દૃષ્ટિએ)-હા.

(લક્ષ્મણ જઇને ભીમદેવ સાથે ઘોડેસ્વાર થઇને આવે છે; સાથે કરણનો ગરદન નમાવતો ધોળો ઘોડો એક રજપૂતે પકડેલો પણ આવેછે.)

કરણ—(બોલ્યા ચાલ્યા વિના ઘોડા ઉપર, આવીને બેસે છે) કિલ્લે જઇ દેવળદેવીને લઇ આવું ત્યાં સુધી અહિં થોભો.

ભીમદેવ—અમે પેલા આંબાના ઝાડ આગળ ઊભા છીએ. (કરણ ઘોડો થરકાવી ચાલ્યો.)

લક્ષ્મણ—(આંબા આગળ)-કુંવર, આ ઘડીએ જગત કેવું દેખાય છે?

શાર્દૂલવિક્રીડિત.

રાતે ચંદ્ર ન અંધકાર સઘળે, શાન્તી શિ આ ઠામની,
શૂં એકાન્ત! પ્રપંચ પાપ વિરમ્યાં; કેવી વદે* જામની;
તારામંડળ શોભતાં ગ્રહ દિપી, અગ્રેસરી+ ત્યાં ધરે,

* પવન વગેરેના અવાજથી. + અગ્રેસરી= આગેવાની.

કાન્તાકાન્તનિ વાત આ સમયમાં આનન્દ ચિત્તે ભરે. ૮૪

શિખરિણી.

ડુબ્યાં ડુબ્યાં દેખૂ દ્રુમયુથ થયાં શ્યામ સહુ જ્યાં,
ઉંડા તેમાં રસ્તા, ભયકર દિસે ને ગગનમાં–
કહીં ધોળૂ કાળૂ, વળિ નિરખ મેદાન પસર્યું,
થઇ તેમાં ધીમે, સરિત જતિ એવું રણુ ભર્યુ. ૮૫
વળી થોડીવારમાં—

હરિગીત.

ગમ્ભીર પણ સુણુ ઘોર ઘન સમ ગાજતો પશુપતિ અતી,
મદભરી આંખે લટકમાં લેખી ન કો, ચાલે ગતી;
વરૂ વાઘ વનચર રીંછ લવતાં, શાન્ત રાતે સાંભળે,
મન વાત સૃષ્ટી સાથ કરિ અદ્દભૂત વિભુ શક્તી સ્મરે–૮૬
પડઘી વાગી કુંવર.

ભીમદેવ—અરે આ દેખાય છે ને શું. આપણો તો શ્રમ સફળ થયો.

ગીતિ.

સુંદર ઘોડલિ ચડિને, લપટાયેલી જરિ પટમાં, હિસતી,
પય પડયું જયમ અંધારે, ગૌરવરણિ ત્યમ નિશાવિષે દિપતી. ૮૭
એવી આ આવીજો, ભામિનિ મન મુજ ભાઇ ભલે ભાવી,
મધુર ચંદની જેવી, ભરિ ઉરમાં જો પણે પેલિ આવી. ૮૮

સ્વરૂપસિંહ—
કાળી ઘોડી તીખી, તનમન કરતી ચલાવતી ચોટે

નિશા કરીને અગ્રે, આવિ ઉષા જ્યમ સુહાગણી જોતે. ૮૫

(કરણ તથા દેવળદેવી આવી પહોંચે છે.)

લક્ષ્મણ—ત્યારે હવે દેશનો દહાડો કાંઇ ઉઘડશે ખરો. રામરામ, રાજાજી રામરામ.

કરણ—રામરામ. તમે ચાલવા ઘો; હું આવી પહોંચુંછું. (ભીમદેવ, દેવળદેવી, વગેરે જાય છે.)

(કરણ એકલો) હું હવે આ રહેલાની વ્યવસ્થા કરી હમણાં પહોંચી ગજુંછું. શું રહ્યું છે. બહુ વિનાશ થયો !

(જાયછે.)

અંક ૬ ઠ્ઠો.

પ્રવેશ ૧ લો.

[સ્થળ] દિલ્હી શેહેરના બાદશાહી મેહેલનો દરબાર.[વખત]દિવસ.—(મોહોટા દરબારમાં ભરાયેલા મુસાહબોની વચમાં તખ્ત ઉપર બેઠેલો અલ્લાઉદ્દીન) [ઘણા ચોબદાર નકીબ પુકારેછે]

અલ્લાઉદ્દીન—નુસરતખાં! તેં ઘણી શેરો બનાવી પણ જ્યાં સુધી દરબારમાં પોતાની તરવાર મિયાનમાં દબાવી રાખીને આલમ ઉપર હુકુમત કરતો, તખ્ત ઉપર બેઠેલો તેની અને તેના દરબાર બાબતની શેરો નથી બનાવી ત્યાં સુધી તું બીજો ફિરદોસી કહેવાય કે ગમે તે કહેવાય પણ એ સઉ ધૂળ; હું પસંદ ન કરૂં. ત્યાં સુધી એ બધી તારી નાદાનીજ કહેવાય.

નુસરતખાં—(હાથ જોડીને) ખુદાવંદ, આપે તે દીવસે મને ખાનગી રાહે કહ્યું ત્યારની બનાવી રાખેલી છે; ત્યાર પછીથી રોજ હું તેને મારા જાનની સાથે લઇ ફર્યાં કરૂંછું. હજુરનો હુકમ હોયતો હમણાં બોલું.

અલ્લાંઉદ્દીન—બોલ!

નુસરતખાન—(ઉભો થઇ નીચો નમીને બોલે છે)—

બેત.

પુરી ચાંદની તો ખિલી ગચ્છિમાં,
સુતો ત્યાં પલંગે ગિરફૂતારિમાં;

મળી આંખમાં રાત ચાલી જતી,
હતી તે મિઠી ગર્મિના દીનની. ૧
ભર્યો તે દિને ચાંદ પ્યાલો પુરો,
લબ પાંસ માશૂક ને રાખિઓ;
રહી નીંદ નેને ઠરીને પુરી,
રહી વહાંણું વહાવા ઘડી બે ઘડી. ૨
દિઠો તે સગે મેં અજબ એ બનાવ,
દિઠો દૂર કિલ્લો દિઠો તે પહાડ;[1]
ધજા ફ્રકતી, ફ્રકતી રેતિને,
ઘણી ધમ્ધમી સકતી ગાડિને; ૩
દિઠા હાથિને ત્યાં દિઠા ઘોડલા,
દિઠા સ્વારના કંઇ ઘણા જોડલા;
નચાવે કુદાવે ફ્રરાવે ફ્રરી,
દિઠી બાગની હાર ત્યાં મેં ઘણી. ૪
ઉંચા કોટ ને દર નિડર પેશિને,
બજારે ચડયો વેશ દર્વેશને;
રહ્યાં સોહતાં વાત કર્તાં ઉંચે,
દિઠા મેહેલ મેં ત્યાં રહીને નિચે. ૫
ઉંચી બારિયે કો ખિલેલી ઉભી,
રૂડા વેલિવીંટી અગાશી ઉંચી;
બેહેશ્તે સુનામેહેલની બારિયે,

---

૧ દૂર કિલ્લો દીઠો તે જાણે પહાડજ દીઠો.

ઉભેલી પરી એ, ખરી માનિયે. ૬
ફરે ત્યાં મુસલમાન ને હિંદુ બે,
ફરે ત્યાં ઇરાની ઉંચી ટોપિએ;
દિઠી મેં રમુજી ઘણી ચીજ ત્યાં,
જણાયું મને શું ખરે [1]ખ્વાબમાં. ૭
ચડયો ત્યાંથિ ચાલ્યો નદીની તડે,
વહે મોજમાં કાળુ પાણી બળે;
રહ્યો મોહતો ખાલિ અસમાનમાં,
પડી ચાંદની ખૂબ મેદાનમાં. ૮
પડી ચાંદની પાણિ લેહેરો પરે,
ઘણો દીપતો રંગ કાળો ખરે;
જતી દેખિ જેવી ધરીને જમીન,
રૂડો કરિબ કાળોજ સાળુ શિરીન.[2] ૯
ફર્યો ત્યાંથિ ને મેં દિઠુ ખુશ્નુમા !
ઘડયા આરસે કોટમાં કેવું આ !
ઘણા તોરિને હાથિને ત્યાં સિપાહ,
પડયો નકિસવાળો મહલનોજ શાહ. ૧૦
ઉભો તે સુંવાળો સફેતી ભર્યો,
પુછ્યુ કોણ કારીગરે એ કર્યો;
કરે ત્યાં સિપાહી ઘણા આવ, જા,
મુકી પાઘડી વાંકિ સીધી સુરા.[3] ૧૧

---

૧ ખ્વાબ=સ્વપ્નું. ૨ શિરીન=મધુર ૩ સુરા=શૂરા.

પછી તો મને રોકિયો બારમાં,
જણાયા ફિરસ્તા ઉભા હારમાં;
કહ્યું કે ફકિરછું લિધી કફનિ મેં,
જઇને કરો જાણુ તે શાહને. ૧૨
નિકર તો જવાદ્યો ન બીજે ઇલાજ,
કલન્દર નકામા ન કર્યા નરાજ;
ખરી તો ગયા ફાંકડા વાંકડા,
ખસે તે ખરા જે કહે ગાંકડા. ૧૩
જતે શીખ દીધી ખુદાવન્દ ત્યાં,
ખુશીથી લિધી સઉ જેગે ધ્યાનમાં;
પુજે બુત કરો તેહ સમ્શેરથી,
જમીંદોસ્ત જ્યાં એક અલ્લા નકી. ૧૪
ગયો માંહિને દીઠિ શી રોનકે,
ભરી દબદબાથી કચેરી બધે;
દિવા ને દિવા સૌ ઝબુકે ઉંચે,
બની ગંડુ હૂંતો નિહાળૂ નિચે. ૧૫
રૂપેરી સુનેરી છડી હાથમાં,
[1]નકીઓ કરે ચોબદારો ઘણા;
સુંણૂ વાગતી ઘોરથી [2]નોબત,

૧ નકી=નેકી. ૨ નોબત સ્ત્રીને ઠેકાણે ને તેનો સુર, કોઇ તીના અવાજના ઉંચા પાતળા પુરૂષ જેવો.

તિના સૂરની સારિ થૈ સોબત. ૧૬
ભરી મજલસે ત્યાં બન્યાં પૂતળાં,
[1]મુસાહેબ તે બહુ [2]કદરદાનનાં;
રહી ગાયછે વેગળી પેલિ જો,
પખાજી નમીને વગાડેછ જો.. ૧૭
સરોદા લઈને નિચૂં જોઇને,
પુરા તાનમાં તાન લેતા દિસે;
જરી લૂગડૂં ને ધરી પેશવાજે
કરી નેન સૌને વરીએ [3]રિવાજે. ૧૮
ન ચૂકે ચતુર તાલથી નાચતાં,
એને મૂખડે વારિ જાતા બધા;
હવે ગાઉં, દરબારિ લોકો જરા,
બહૂ જાતના ત્યાં હકીમો વડા; ૧૯
ઘણી ધોળીને કૈં ઘણી કાળિને,
ઘણી લાંબિને કૈં ઘણી ટૂંકીને,
ઘણી દાડિયો ત્યાં દિસેછે ભરી,
ઠર્યાં [4]ચશ્મ જ્યાં ગાદિ બાંરાજતી. ૨૦

---

૧ મુસા સાહેબ=મુસાહબ=દરબારી લોક. ૨ કદરદાન મુસાહેબ પૂતળા જેવા બની ગયેલા ૩ રિવાજે=એ ચાલ, રીત, કે આંખેથી આખી દુનિયાને વરવું. ૪ ચશ્મ=આંખો; બધાની આંખો તે તરફ.

• જડયાં રત્નને નગિનોતખ્ત તે,
બિરાજે ત્યહાં એક સુલ્તાન એ;
સહૂ જહાંનનો શહનશાહ શોભતો,
જરીયાન પોશાકથી ઓપતો. ૨૧
દુશાલો ચુંદડિયો દિધો કમ્મરે,
દઇ ટેકિ સમ્શેર્ ઉંચે ભમ્મરે;
જડી રત્નવાળી ઉઘાડી અલી,
નસીએ પુરી તું ખરીરે ભલી. ૨૨
પકડનાર આવો તનેરે મળ્યો,
મળીને તને તૂંથિ જગં જીતતો;
જનાના થકીએ વધી તું ખરી,
તને પાસ રાખે હમેશે [1]સુરી. ૨૩
• દઇ તેવિની ટેકિને બેશિને,
સુનૂને જવાહીર સૌ પે'રિને;
ભરેલે મુખેને ચડયાં નેનથી,
સુરાં લાલ રંગી, ટકો સૌ સદી.[2] ૨૪
જુવો આંખ મોટી ખિલેલી બની,
જુવો જાડિ કાળી ભમર શી બની;
જુવો શી બની વીંટિયો હાથમાં,
જુવો શી બની આ સુરત ખ્યાળમાં. ૨૫
જુવો ને જુવો આંબળાવાળું આ,

૧ સુરી=શૂરી. ૨ સદી=સૈકું.

લિલૂં આ જુવો પેચ મંદીલ આ;
જુવો એમ બેઠો મુલકપાદશાહ,
સહૂ જહાંનનો ત્રાસ ને ખેરખ્વાહ.[૩] ૨૬
દિઠું એવું પણ જ્યાં તરસ ના છિપી,
કહ્યું પાણી પા પાસ સપ્ને લિધી,[૪]
પિધૂ તોય ખોટૂં ન પૂરૂ થયૂ,
સહૂ સમઁ એવું; વળી દે કહ્યું, ૨૭
કહ્યા તે જતાં તો ઉંચે હું ઉડયો,
ઉંચે ઊડતામાં નિચે હું પડયો,[૧]
પડયો શૂં પડયો શૂં ખુલી આંખ આ
હજુરમાં જુવોને ઉભોછું ઇહાં. ૨૮-૫૦

(વાહવાહના અવાજ થાય છે.) એટલા વાસ્તે, ખુદાવન્દ, હું અહિંયાં ઉભોછું કે મારી તરસ આ જગાએ છીપશે.

---

૩ ખેરખ્વાહ=શુભ ઇચ્છનાર. ૪ પાસે હતી તેને.

૧ એના આગળને સંબંધે બે અર્થ થાયછે. તૃપ્તીનું જરા ભાન થતાં ઉંચે જવું તે સુખની સ્થિતિ બતાવેછે. અને નીચે પડવું એ દુઃખ બતાવે છે; બીજો અર્થ સ્વપ્નામાં શરીરને જેવું થાય છે તેને લાગે છે. પહેલા અર્થમાં એવો ભાવાર્થ છે કે સુખથી બહુ ચડી જવાય તો તરત પડાય છે. એટલે આ પણ કાંઇ સુખનું ઠેકાણું નથી એવો ધ્વનિ છે

અલ્લાઉદ્દીન—બેશ ! આજ તેં મને ઘણો ખુશ કર્યોછે.

નુસરત—પરવરદિગારની નિધાથી જીવીયે છિયે. ખુદાવન્દની મેહેરથી રહિયે છિયે. (બેસેછે.)

[વાદ વાહના અવાજ થાય છે.]

અલ્લાઉદ્દીન—ઠીક; વજીર, અલ્લાઉદ્દીન દુનિયામાં કેવો પંકાય છે.

વજીર—(ઉઠ્ઠો) જેમ દિવસમાં સુરજ અને રાતે ચંદ્રમા, જેમ ફુલમાં ગુલાબ, જેવો ઝાડમાં આંબો; કાફર લોક જેવો બેહેશ્તમાં ઇંદર માની તેને માન આપે છે તેવો આ જહાનમાં મરતબો પામેલા સઉ દુનિયાના સુલતાન ! આપનું નામતો દેશોદેશ ફેલાયલું છે. (એમ કહી નમીને ઊભો રહે છે.)

અલ્લાઉદ્દીન—ઠીક, ઠીક, પણ પેલા પંદર કાફર કેદીનાં સર ઊડાવવાનો હુકમ આપ્યો હતો પણ મેં સાંભળ્યું છે કે હજી સુધી તે અમલમાં આવ્યો નથી. અને તમે શેહેર ફોજદાર ઉપર તે કામની તાકીદ પણ કરી નથી તો આખી ઊમર નોકરી કરી સફેતવાળમાં ધુળ નાંખવા બેઠો છે એમ મને લાગેછે.

વજીર—માફ, ખુદાવંદ માફ; ગુલામે તેને વાસ્તે કાલેજ કોટવાળને હુકમ આપ્યો છે. કેમ કોટવાળ.

કોટવાળ—(હાથ જોડીને) હાજી-તે ગુલામોને આજ નદી ઉપર મોકલી દીધા છે.

અલ્લાઉદ્દીન—કાજીસાહેબ, કેમ કાલના સવાલનો ખુલાસો કરી લાવ્યો ?

કાજી—(ખુલ્લો) હાજી, બંદાને ખુદા સરપર રાખી બોલાવો તો સાચે સાચું કહું છુ.

અલ્લાઉદ્દીન—બેધડક બોલ જે ખરૂં હોય તે.

કાજી—(ધ્રુજતો, હાથ જોડીને) ખુદાવન્દ તેનો ખુલાસો કરવા પહેલાં ગને ગારૂ સર ઘેર મુકી આવવાં ધો.

અલ્લાઉદ્દીન—(હશીને) નહિં કાજી; હું તારા ઉપર આજ ગુસ્સે નહિં થાઉં. બોલ જે સાચેસાચુ—

કાજી—(વિચાર કરતો) (એકદમ હિમતથી) સુલતાન તેનો ખુલાસો એવો છે કે લુંટ ગળે તેમાં હરેક સિપાઇને હિસ્સે જે કાંઇ આવે તેમાંનો એક હિસ્સો ખુદાવન્દને પણ મળે.

અલ્લાઉદ્દીન—ત્યારે હું શું એક સાધારણ સિપાઇ જેવો? મારા રાજ્યનો હક કયાં ગયો?

કાજી—ખુદાવન્દ, જે વખતે આપ લડોછો તે વખતે તો આપનીંગાં શાહનો મરતબો રહેલો છે. પણ લુંટોછો તે વખતે તો તે આપનાથી સો ગાઉ દૂર જઇ બેઠેલો હોય છે.

અલ્લાઉદ્દીન—(આંખ કાડી) કમજાત-(એતું અડધું બોલીને) પણ તે વાસ્તે શું હું તારો સુલતાન મટી ગયો?

કાજી—(ધ્રુજતો) ખુદા ન કરે, જાંહપનાહ, આપની

તો આખી દુનિયાં ગુલામ છે તેમાં બંદાની કિસં ગણતી.

અલ્લાઉદ્દીન—વારૂ, કહે હું લોકના ભલા સારૂ ગુનેહગારોને દંડુછું તે વાજબી છે કે નહી.

કાજી—આપ જે કરોછો તે વાજબીજ કરોછો.

અલ્લાઉદ્દીન—(મગરૂરીથી જરા હશીને) ગોર[1] કરીને શરેહની રૂએ ધીરે જવાબ દે. હું તને કાંઇ હરકત નહિં કરૂં.

કાજી—શરેહની રૂએ તો આપ જો ગેરવાજબી કોઇને દંડો તો તેમાં પાપ કહેવાય.

અલ્લાઉદ્દીન—હું તો બસ એટલુંજ માનવાનો કે આ દુનિયાં ઉપર ફક્ત એક હાકિમ અલ્લાતાલાએ મુકરર કરેલો છે. અને તેને તેની ગરજી મુજબ ચાલવાને ખુદાતાલાની સદર પરવાનગી છે. અને તેજ માનવાને લીધે. મેં બહાદૂરીનાં કામ કરેલાં છે. તે માનવાને લીધેજ હું બીજો સિકંદર કહેવાઉછું. (નકીઓ થાયછે.)

(બહુ મુનાસિબ ફરમાવોછો, બહુ મુનાસિબ. એમ કહીને પાસે બેઠેલા પાદશાહનું કહેલું મંજુર રાખતા હોય તેમ મ્હોં હલાવેછે.)

કાજી—અલબત, એ તો હું પેહેલેથીજ કબુલ કરૂંછું કે જાંહપનાહ તો આપઅખ્તિયારછો અને સમજથી કામ કરોછો તેથી જે થાય છે તે વાજબીજ થાયછે.

---

૧ ગોર—વિચાર

અલ્લાઉદ્દીન—એમ તને લાગતું હોય તો તું બેશ. મને લાગે છે કે મહારા ફોજદારને એ માફક નથી લાગતું માટે કોટવાળ, ઉઠ પુછું તેનો જવાબ દે.

કોટવાળ—(ઉભો થઇ હાથ જોડીને) જાંહપનાહનો હુકમ દરિયાફ્ત થાય તે મુજબ કરવાને ગુલામ તૈયારછે.

અલ્લાઉદ્દીન—હવે એમ બોલ્યું ચાલવાનું નથી. હવે ભરપૂર પૈસો શેહેર લુંટીને તેં ભેગો કર્યો છે વળી તે હિંદુઓને કતલ કરવાનો મારો હુકમ તેં માન્યો નહિં.

કોટવાળ—(ધ્રુજતો) એક દમડી હરામ બરાબરે; ખુદાવન્દ, હું એવો નિમકહરામ નથી.

અલ્લાઉદ્દીન—બેશ હરામખોર; હું તને સારી પેઠે ઓળખુછું. તેં ઘણી નાપાક દાનત રાખી છે. કોઇ હાજર!

ખીદમતગાર—હાજર, જાંહપનાહ, હાજર છીયે અમે.

અલ્લાઉદ્દીન—વજીર, ઘર જપ્ત કરવાનો હુકમ—

વજીર—(જલદી ઉઠીને) હાજી.

અલ્લાઉદ્દીન—ગુલામો! આ કમતરીન, કમબખ્ત, નિમકહરામ, આગળ કહેવાતો કોટવાળ મારા મુલ્લકમાંથી ઘણું ખાઇ ગયો; વાસ્તે એ શખ્સને પકડી કેદખાનાના જમાદારને સોંપો, અને તેને એવો હુકમ ફરમાવો કે એને ચાર મણની લોહાની બેડી સાથે એક અંધારી કોટડીમાં રાખે. (ખીદમતગાર આવીને કોટવાળને પકડેછે.)

કોટવાળ—(ધ્રુજતો આંખમાં પાણી ને) ગરીબપરવર, ગુલામની કાંઇ તકસીર નથી ને આટલી બધી આપની ક્યાંથી કફા મરજી–આટલી મારી કેગ કમબખ્તી:

અલ્લાઉદ્દીન—જા નાદાન! જા, જ્યાદે બકવા કરી તો તલવારથી સર ઉડાવી નાંખીશ. લઇ જાઓ એને. (એમ કરી આડું મ્હોં કરીને બેસે છે.) (કોટવાળને પેરેગીર પકડી જાય છે.) ગાવાનું શુરૂ થવા દો. (ગાયન શુરૂ થાયછે.) (થોડીવાર બેઠા પછી) ઓહો! અગીયાર ઘડી વાગી. (વજીરને) ચલો હવે હું ઉઠુંછું. (ઉઠેછે.) (નકી બોલાયછે.. દરબાર બરખાસ્ત.)

પ્રવેશ બીજો.

સ્થળ. મેહેલ. જનાનખાનુ.

(તેમાં એક મેજ આગળ બે ખુરશીઓ ઉપર સાથે બેઠેલાં અલ્લાઉદ્દીન અને રજપૂતાણીને ઘટતો કાંઇક મુસલમાની તરેહનો પોશાક પેહેરીને બેઠેલી કૌળાદેવી દેખાવ દે છે. પાસે મેજ ઉપર રકાબીઓમાં ખોરાક મુકેલોછે.)

કૌળાદેવી—[મીઠું હસતી] હા મરજી હોય તો—

અલ્લાઉદ્દીન—પરીજાત બાનુ! હું તારીજ ખાતર મગાવુંછું. અરે કોણ! ખુબન.

ખુબન—હાંજી, હાજર.

અલ્લાઉદ્દીન—શીરાજનો શરાબ લાવ.

ખુમન—હા લાવું સાહબ. [ચાલી-પાછી આવી બે સુનાના પ્યાલામાં શરાબ રેડેછે.]

અલ્લાઉદ્દીન—[હાથમાં લઇને] માશુક-[કોળાને આપે છે.]

કોળાદેવી—[પીએછે ને પાય છે.]

[દાસી પાનની રકાબી મુકે છે અને ખાણાની રકાબી ઉઠાવી જાયછે.]

અલ્લાઉદ્દીન—[હુક્કાની ઘણી લાંબી નેહ હાથમાં લઇને] કોળારાણી આવ; મારી પાસે નહિં બેસે? પાસે બેસવા લાયક હજી હું થયોછું કે નહિં.

કોળાદેવી—એમ બોલોછો?

અલ્લાઉદ્દીન—ત્યારે આવ. [એમ કરી કોચ ઉપર જઇ બેસેછે.]

કોળાદેવી—[ઉઠીને તેની છેક પાસે બેસીને] મારી દેવળદેવીનાં હજુ સુધી કાંઇ સમાચાર જણાયા નહિં?

અલ્લાઉદ્દીન—પ્યારી, ગુલામે કાફુરને મોકલ્યો છે, તે તારી દેવળદેવી વગર પાછો આવે એમ બનેજ નહિં. એટલા વાસ્તે ધીરી થઇને મારી પાસે તું બેશ. મલિકા તને તારી છોકરી હવે જલદી આવી મળવાની.

કોળાદેવી—તમારા જેવા મારે માથે શિરછત્ર છો એટલે હું બીજું કાંઇ ધારૂ તો હુંજ ગુનેહગાર થાઉં.

અલ્લાઉદ્દીન—[હશીને પાસે લઇને] પ્યારી આરામ

કરૂંછું હવે જરા. (એમ કહી ઉઠી બીજા ઓરડામાં જાય છે.)

કૌળાદેવી—ખૂબન! (આવી એટલે) ચાલ-હવે આપણે આપણું કામ ચલાવીએ.

ખૂબન—શું, બાજી? પણ રાણી સાહબ આપણા યુનકને તો બોલાવવા ઘો; એના વગર બાજીનો તાલ નહિં આવે.

કૌળાદેવી—[મ્હોં મલકાવી] હા બોલાવ ત્યારે.

ખૂબન—[બોલાવેછે.] (બરછટ વાંકડીઆ વાળ ખણુતો જાડા હોઠવાળો કાળો રમજુ સીદી નીચું જોતો આવીને બેસેછે. ખૂબન બાજી પાથરેછે)

કૌળા—(નીચી બેશીને બાજી બરાબર પાથરેછે.)

ખૂબન—(સોટકાં આપેછે.)

કૌળા—[પાસા નાંખીને) બેરેજી.

ખૂબન—ઉભાં રહો ઉભાં રહો રાણી સાહબ; નવરસ રમશો કે છુટક.

કૌળા—છુટકરતો.

રમજુ—હમણાં નવ પડયા હોત તો, તેમ કહત. ચાલો ચાલવા ઘો.

કૌળા—(નાંખીને) સાત.

ખૂબન—છ દાણા (ખેલે છે.)

રમજુ—નવ, આઠ.

ખૂબન—જો સાળો ચીપે છે.

રમજુ--સાળાની બેન, તારો દાદો હાથમાં ખખડાવી પાંસા નાંખે છે ને બહેરી બેહેરી થઇ છે કે શું. લ્યો રાણી સાહબ.

કોળા—ગણીને મુકીએ ખરી સોટકી, ઉભો રહે મને ગણવા દે.

રમજુ—ગણીને-પણ જો હું ખરો પડયો તો રાણી સાહબ પાસેથી ઇનામ લઇશ.

ખૂબન—ને બચ્ચા ખોટો પડયો તો સીર ઊપર-એક-

રમજુ—જાને રાંડ તારા સીર ઊપર ચાર ટપલા ગારીશ.

ખૂબન—રાણી સાહબ ! જોજો હો, બહુ સાળો ચઢયો છે. આજ હું એને જવા દેવાની નથી. [એમ કહી એના વાંસા ઊપર બેશી ચાર પાંચ ટપલા લગાવેછે.]

રમજુ—(હસતો) આ કયાંથી મારા બદન ઉપર ફુલ ગરે છે. [એમ કહી ઉંચુ એવી રીતે જુએ છે કે તેની છાતીમાં પોતાનું માથુ વાગે.]

ખૂબન—[ચીડવાઇ જઇ નીચે પડી જઈને] મરે તું; મને કેટલું વાગ્યું જો સાળા જો.

રમજુ—[નાંચું જોઇને રાણી સામું જોઈ હસેછે]

કોળા—ચલાવ, ચલાવ, હવે બાજી. આખલાની પેઠે મસ્તી કરતાંજ આવડે છે.

ખૂબન—જાઓ ત્યારે રાણી સાહબ, મારે એની સાથે નથી રમવું.

કૌળા—ચાલ ચાલ. હવે નાંખ.

ખૂબન—ત્યારે શું. (એમ કહી નીચુ જોઇ ખીજવાઇ ગયેલાં રહેછે. જરા વારે નાંખે છે.) જો વળી સાળાએ ચોરવ્યા જો. એની ઝડપ સાળાની એટલી છે–

કૌળા--એમને એમ આટલી પાકી ગૈ૨ેા છે ફની.

રમજુ--આ ખૂબને હમણું બહુ પાકી ગઇ છે.

ખૂબન--(આંખો કહાડી નીચું જોઇ હશી પડેછે.)

કૌળા--ગમાર, નાંખ

ખૂબન--રમજુ! અલ્યા કયાંથી, હજી અમે તો બએએ નથી પાકયાં.

રમજુ—તો દા સામુ જુએ છે કે આંધળી બાંધળી થઇ છે. જુવો સાહબ, આગ તો નવ, ચાલ બાર, ચલ બીજા બાર, બસ હવે, પાંચ, જુવો સાહબ, આવી કાંકરી ચોથી એ.

કૌળા--(ખૂબનને આંખ કરે છે.)

ખૂબન--(ઉછાળી નાખેછે.)

રમજુ—(પાસા હાથમાં અને અધર રહેલો) હવે હારી એટલે ઉછાળી નાંખ. ચલ નાદાન; છોકરી.

ખૂબન--(હસતી) તો સાળા છોકરી નહિં તો શું.

કૌળા--[હસતે] ચાલ ચાલ હવે હું જઇને પેલા

વાસ્તે તદબીર કરી મુકું. (જવા માંડેછે.)

ખુબન—હા, હા, રાણી સાહબ. એની તો તજવીજ પેહેલેથી કરી મુકવી જોઇએ. એનું કાંઇ ઠેકાણું છે? એ તો કદી જોરથી પકડીને આણે તો દસ દીવસમાં પણ આવી પહોંચે. વાસ્તે એમને સારૂ એક જુદો ઓરડો તો તૈયાર રાખવો જોઇએ.

કૌળા—(દિલગીર થઇ જઇને) અને કદાપી ન આણી શકાઇ તો?

ખુબન—એ તો બધુંએ સારે સારૂજ થશે. નહિં આવે તો આપણા સામાનમાં વધારો થશે.

કૌળા—[જેમ તને ઠીક લાગે તેમ એવું મન બતાવવાને મુખ જરા ઉંચુ કરી જાય છે.]

(દાસી તથા ગુલામ બીજે રસ્તે નીચે ચાલ્યાં જાયછે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ. મેહેલ. દરબાર ભરાયલો.

(નકીબ થાય છે. અલ્લાઉદ્દીન તખ્ત ઉપર આવી બીરાજે છે.).

અલ્લાઉદ્દીન—પેલા કોણ લોક આવ્યા હતા. નીચે તેમને બેસારી રાખ્યા છે સવારથી. બોલાવ એ કાફરોને, એ શું કહેછે જોઉં તો ખરો.

ચોબદાર—હા ખાવંદ. એ તો પેલા ગુજરાતના ભાટ લોકો છે.

અલ્લાઉદ્દીન--એ કોણ છે તે કહેવાની જરૂર નથી.
ચોબદાર-- (જઇને બે ભાટને સાથે લઇ આવેછે.)
ભાટ—(નમીને) મેહેર રહો સદા ખુદાની-ચડતી થાઓ અલ્લાઉદ્દીન પાદશાહની, દિન દિન ચડતી કળા થાઓ.

સવૈયા.

પેહેલો--રાજવડો સિરતાજ ચડયો!

(કે) રાજવડો શિરતાજ ચડયો,
ચડી ચંદ્ર સમાન રહ્યો રહિ શોભે;
ભાગ્યશાળિ ભ્રમ માંહિ ભમે
ધર દેવ પરી વસતી મુજ લોભે.
(પણ) ખરી દુર ધાક થકી અરિ[1] અર્કની,
ઇંદુ પડે પછિ જો ખસિ જોભે[2],
પાળિ પંપાળિ વછેરિ જેરી થઇ,
ધાલિ લગામ ન તો પણ થોભે.[3] ૯૧

બીજો—રાજ રૂડો શિરતાજ ચડયો!

(કે) રાજરૂડો શિરતાજ ચડયો,
પણ ગાજવિજે શશિ શો[4] ગભરાશે.

---

૧ શત્રુરૂપી સૂરજ. ૨ જોભે એટલે જોભા આવીને. ૩ ઘણું સંભાળી મન પ્રમાણે ચાલવા દઇને પાળેલી વછેરી આગળ ઉપર જ્યારે મોહોટી ઊમરની થાય ત્યારે હાથમાં ન રહે. કૌળા પણ તેવી છે તે તારે વશ રેહેવાની નથી વળી બીજા પાસે જતી રહેશે. ૪ જેવો.

લાખવાર ધનચોર બને,
જન તેથિ ન તે તણિ પેટિ ભરાશે;
એક કરી કુલટા કરવા
બિજી ચ્હાય અરે ધિક શી નવરાશે,
બાજ સમો વિકરાળ કાળ,
છડિ ચાંચ વિષે લઇ ક્યાંહિ ભરાશે. ૯૨

"તે માટે પામર જીવ ચેત ચેત" એમ કહેતો એક જોગી અલમસ્ત ચાલ્યો જતો તે સાંભળી વિરક્ત થઇ ગએલા અમે બે દિલ્હીઅધિપતિ સુલતાનના દરબારમા આવી ચડયા છીયે; માટે જો ધણીની મેહેર હશે તો સુખથી નગરમાં રહેવા પામીશું.

અલ્લા—લઇ જાઓ આ બન્નેને, દેખાડી ધો કોટવાળને એને કહે કે આ બેને કોઇ કાંઇ હરકત ન કરે. બસ.

સિપાઈ—ચલો તમે મારી સાથે. [ગયા.] [નકીબ.] [બીજી નકીબ.]

અલ્લા—કેમ કોણ આવે છે?

ચોબદાર—શાહ, દરબાર આગળ કોઇ કાશદ આવી ને ઉભો છે. તે અરજ કરે છે કે તે હજુરી કાગળ લાવેલો છે. તેથી કહુંછું સરકાર; ગુન્હો માફ, ખુદાવંદ.

અલ્લા—બોલાવ તેને મારી પાસે. [કાળો અને દુબળો કાશદ આવે છે. નમીને સલામો કરીને એક બાજુ-

એ ઉભો રહે છે.] ગુલામરસૂલને મારી પાંસે લાવ. તું ક્યાંથી આવ્યો?

કાશદ--ખુદાવન્દ, હું ખાનદેશથી ખ્વાજા સાહેબના લશ્કરગાંથી ચાલ્યો આવુંછું. હા બાપાજી.

અલ્લા--કોનો કાગળ લાવ્યો છે?

કાશદ--સરકાર, હું ખુદ કાફુર સાહેબના હરફ લઇને આવ્યોછું.

(ગુલામરસૂલ આવીને કાગળ લઇ સુંધીને ફોડે છે આંખો બંધ કરીને અલ્લાઉદ્દીન સામો ધરેછે.)

અલ્લા—(કાગળ લઇને વાંચતે ખુશ થતો) વજીર અને કાજીને બોલાવ મારી પાસે.

ચોબદાર--હાજર, ગરીબનવાજે.

અલ્લા—(ખુશ થતો) હવે એક બીજી વાત આવેછે. ખરે હવે મારૂ મન પણ આ ભર ઊમ્મરે પહોચેલી ફોળા ઊપરથી ઉઠવા માંડયું છે;-પણ ખીજરખાં-

[વજીર તથા કાજી આવીને સલામો કરી ઊભા રહે છે.]

વજીર—ખુદાવન્દ ! ગુલામ હાજર થયો છે. હુકમ ફરમાઇએ.

કાજી—બદાને કરવા જેવું કામ હશે તો ગુલામ પણ હાજર છે.

અલ્લા—આજ બીજું શું કરવાનું? વજીર ! દેવળદેવી મળી. કાજી આ ખુશ ખબર કહેવા આપને બોલાવ્યા છે.

હવે ઉતાવળથી આ દીલપસંદ ખબરની ખુશહાલી કરવા-
ની તૈયારી કરવી જોઇએ. હવે કાફુર પણ થોડા દીવસમાં
આવી પહોચશે, લ્યો વાંચો કાગળ; જરા જોરથી એટલે
કાજી સાહબ પણ સાંભળે. (કાગળ ફેંકે છે.)

વજીર--[કાગળ ચુમીને] આનાથી વધારે ખુશીની
શી વાત! [એમ કરી કાજી સામું જુએ છે.]

કાજી—શકુર અલ્લા! હું તો કયારનો એજ વિચાર
કરૂંછું કે એ શી રીતે પકડાઇ!

અલ્લા—[અભિમાનથી] હમણાં એ તો વાંચશો એ
ટલે તમામ જણાશે. કાજી, અલ્લાઉદીનના નામે કરણ તો
શું પણ ઇરાનનો પાદશાહ ધ્રુજે છે. તો એક જુવાન છોક-
રીને પકડવી તેમાં શી મોહોટી વાત હતી. એમાં શુ
આમ ગભરાઇ જાય છે. વજીર વાંચ!

કાજી—મુનાસબ ફરમાવોછો, ખાવંદ, બહુજ મુનાસબ.

વજીર—(વાંચે છે.)

સુલતાને આલમ ખુદાવંદ ફૈજબક્ષ ઐજેરસાન નેકનામ-
દાર મલિક અલ્લાઉદીન ખીલજી બાહાદૂર.

ખાનદેશથી ગુલામ કાફુરની તસલીમાત હજૂરમાં કબુલ
કરવી. અહીં જાંહપનાહની પરવરીશથી ખેરીયતછે. ખુદાવંદના
મિજાજે મુબારકની ખુશહાલી હમેશ ખુદાતાલાની હજુરમાં
ચાહુંછું. અરજ બીજી ખુશીની એ છે, આગળના કાગળ-
માં આપને અરજ ગુજારી છે, કે અલિફખાંથી હમણાં

થોડા દહાડા થયા કાંઇ ભારે જીત થઇ શકી નથી; પણ શુક્રઅલ્લા, આ લખતે મારાં રૂવાં ખુશીથી ઉભાં થાયછે મારી આંખમાંથી હરખનાં આંસુ વહે છે. ખેર. પણ કેટલી ખુદાતાલાની આપણા ઉપર મેહેર અને કેવી આપણા સીપાઇઓની બહાદુરી. આજ સવારમાં આપણા કેટલાએક નોકરો સહેજ સેર કરવા નિકળી પડયા હતા ત્યાં પહાડની ગુફાઓમાં કાફરોનાં કેટલાં અચંબો પમાડે એવાં કામ જોયાં; ત્યારબાદ થોડેક દૂર મુકામ કર્યો. તેવામાં ભીમદેવ–એ ભીમદેવ રામદેવનો હરામખોર છોકરો–દેવળદેવીને લઇને દેવગઢ તરફ પોતાના ભાઇ શંકળદેવ જે એના કરતાં પણ વળી વધારે નિમકહરામ છે તેની સાથે શાદી કરવાને લઇ જતો હતો. ત્યાંથી દેવળદેવીને એ પઠાણ સરદારોએ પકડી છે. અને તેને મારી પાસે લાવ્યાછે; એક બે દીવસમાં જેમ બનશે તેમ જલદીથી હું તેમને આપની તરફ રવાને કરીશ. બીજું, હવે મુલ્ક જીતવામાં કાંઇ વાર થવાની નથી. થોડા દહાડામાં બધો બંદોબસ્ત કરી તાબેદાર આપની હજૂરમાં હાજર થશે. આમીન.

કાજી—આમાં તો દેવળદેવી આવશે એમ લખ્યું છે.

અલ્લા—તો આપણે તેનુજ કામ છે. મલેકને હમણાં શું કરવો છે અહિંયાં? બસ એટલુંજ કામ હતું. હુકમ માફક કરો.

વજીર તથા કાજી–(બંદગી કરીને) ખુદાવંદ રજા છે?

અલ્લા—જાઓ, તમામ તૈયારી કરજો.

[વજીર તથા કાજી સલામો કરી જાય છે.]

અલ્લા—નકીબ. મેહેલપર. (ઉઠીને જાયછે.) (દરબારી લોકો એક બીજાને સલામો કરતા ઉઠીને એક બીજા સાથે વાતો કરતા જાય છે.)

પ્રવેશ ચોથો.

સ્થળ. જનાનખાનુ.

[કૌળાદેવી મેજ આગળ ખુરશી ઉપર બેઠેલી.]

અલ્લા—(એકા એક ધશી આવી) [એકાએક ધસતો આવીને; કાગળ હાથમાં ને] કૌળા, કૌળા, પ્યારી, ખુશ ખબર; દેવળદેવી હવે થોડા દહાડામાં તને મળશે.

કૌળા—(પાદશાહ સામું જોઇને) શું ખરે, ખરે કોનો કાગળ આવ્યો? કયારે આવશે મારી દેવળ ? કયાં છે એ હમણાં ?

અલ્લા—[તેને ગળે હાથ નાંખીને] પાંચ છ દિવસમાં એ તને મળશે. નેકુજાતઆનુ ! સબુર રાખ, મારી માશુક. આ મલેકનો કાગળ આવ્યો છે; તેમાં એમ લખેછે કે દેવળદેવીને આપણી તરફ તે રવાને કરી ચુકયો. લે વાંચ.

કૌળા—(વાંચતે આંખમાં હરખનાં આંસુ સાથે) હાય હાય મારી દેવળ, મારી છોકરી; હું કેટલે વરશે જોઇશ

એને ! તમે જાણોછો ? ત્રણ વરસની હતી ત્યારથી વીલી મુકી હતી. (બધી સ્મૃતિ થઈ આવેથી શોકનાં આંસુ આવે છે.)

અટલા—ઓહો પ્યારી, એટલામાં કેટલો પસીનો ક-પાળ ઉપર થઇ ગયો? તું આ વખત કેટલી બધી ખુબ-સુરત દેખાય છે ? એટલામાં કેટલી ગાભરી બની જાય-છે ? (હૃદય ઉપર હાથ મુકીને) તારી છાતી કેટલી ધડકે છે ? આવી નાજુક મનવાળી તે કેવી. (એમ કરી પાસે લઈને ચુમ્બન કરેછે.)

કૌળા—મારા જીવનના આધાર ! હવે તો મને દેવળ-દેવી વેહેલી મળે તેમ કરો. હવે મારૂ મન ઠેકાણે રહેતું નથી; અરે ઇશ્વર તેં મારા ઉપર આજ કેટલી દયા કરી. એ સઘળું તમારે લીધેજ.

અટલા—તું શું કહે છે ! એને તેં ત્રણ વરસની મુ-કેલી !

કૌળા—અરે ત્રણ પણ પૂરાં નહિં, એવડી મેં ફરણુ પાસે મોકલી દીધી હતી.

અટલા—જવા દે એ નાદાન કાફરનું નામ. મારા મોહો આગળ હવે ફરીથી એનું નામ ન દેવું.

કૌળા—જેવી ખુદાવંદની મરજી. પણ ત્યારે હવે હું શું કરૂં ? વારૂ મને એને મળવા સામે જવાની રજા આપશો ?

અટલા—મલિકા, તને એ લાયક નહી. પણ મારી દિલઆરામ માશુક, તું બહુ અધીરી થઈ ગએલી જાણી જ જવાની મારી પરવાનગી છે.

કૌળા—આપ મારા ઉપર બહુ મેહરબાની રાખોછો.

અટલા—જોને આ દેવળદેવી પકડાઇ એ કેવો અજબ બનાવ બની ગયો? (એમ કહી તેને પાસે લે છે.)

કૌળા—તમે, મને જીવતદાન આપ્યું. (મનમાં) કરણની શી અવસ્થા હશે? (ચાસન) તમે મારૂ બાળક આડે રસ્તે ચડતુ બચાવ્યું.

અટલા—(મનમાં) એતો આપણાજ કામની છે તો. (પ્રગટ) આજ મારા દીલને ચેન વળ્યું. એમ વિચાર કરતો હતો કે દેવળદેવી ન પકડાઇ તો મારી કૌળા મારા ઉપર કેટલી ગુસ્સે થશે?

કૌળા—આપના ઉપર ગુસ્સો કરનારી હું કોણ? આપના સામી હામ ભીડે એવું આખી દુનીયામાં કોણ છે?

અટલા—લે પ્યારી (શરાબ પાય છે.)

કૌળા—(બાદશાહને આપે છે.)

અટલા—(ત્રણો દારૂ પીને) કૌળા હવે રાત બહુ ગઇ છે. (એમ કહીને ઉઠે છે; રાણી પણ જાય છે.)

અંક સાતમો.

પ્રવેશ પહેલો.

(સ્થળ. દિલ્હીથી ચાર પાંચ ગાઉ ઉપરનું મેદાન. તેમાં આંબાના ઝાડવાળા ભાગમાં એક કીનખાબી તંબુ; બીજા ચારપાંચ નહાના તંબુ; બાંધેલા ઘોડા, તથા મુસલમાન સિપાઇઓ.)

જાફર—(વચલા તંબુથી થોડે દૂર)-કાસદ આવ્યો; સ્વાર આવ્યો; રૂકકામાં લખ્યું હતું કે અહિંયાં રાણી સામાં આવશે; એમની છોકરીને મળવાને.

હુસેન—આપણે સાંજરે તો કુચ કરવાની છે.

જાફર—વાસ્તેજ હમણાં એ આવાતાં હશે.

હુસેન—હા પણ આને દિલ્હીમાં લઇ જઇ પાદશાહ શું કરશે વારૂ ?

જાફર—અરે, તને એટલું એ માલુમ નથી? ખીજરખાંએ પોતાને વાસ્તેજ એને પોતાના બાપ પાસે માગી લીધી છે.

હુસેન—પણ એ કાફર છોકરી ઘણી પહોંચેલી છે. ખુદા કોણ જાણે એના મનમાં શું એ આણશે ને એ શું કરશે તેનું કાંઇ નક્કી કહેવાય નહિ:

જાફર—તેતો આપણે બધુંએ જાણીએ છીયે. પણ આપણા નશીબમાં તો જ્યાં પેટ ભરાય ત્યાં વેઠ કરવી

એવું છે; ત્યાં પછી મોહોટી મોહોટી સરદારીની વાતો શી કરવી!

હુસેન—મનેતો કોઇ ખાવાનું ને પલંગ ઉપર પડી રહી એશ કરવાનું આપે તો હું દુનિયાંનો ભાવ પણ ન પૂછું.

જાફર—(હશીને) એ દીન કયાંથી આપણે. જો પેલી ગરદ ઉડે. સ્વારોના ઘોડા જો ઘણે વેગળે દેખાય. ધૂળથી ઢંકાએલો રથ મણે માલુમ પડે છે. ખરે રાણીજ આવેછે.

હુસેન—હા હા એજ. જા જઇને કર ખબર. (પોતાના ઠેકાણા તરફ જાયછે.)

જાફર—(મોહોટા તંબુ આગળ જઇ ચોબદારને માંહી ખબર કરવાનું કહેવાને જાયછે.)

પ્રવેશ બીજો.

સ્થળ. વચલા તંબુની માંહિનો ભાગ.

દાસી—(પાછી અંદર આવીને ખાટલા ઊપર એક હાથની ટેકી દઇ દ્વારથી અવળુ મુખ કરી સુતેલી ઉદાસીના વિચારમાં લીન થઇ ગયેલી દેવળદેવીને),

તોટક.

સખિ, ઊઠ હશી મુખડુ દરસે,+
કયમ આમ ઉદાસિ વિષે તરસે,
પ્રિય આવિ પણે તુજ માત ભલી,

+ દેખાડે. દેખાડ. દરસાવ.

કયમ આકુળ વ્યાકુળ થાય આળી? ૫૩

દેવળદેવી—(એમનું એમ મોહો રાખી; એક ઊંડો નિ-શાસો મૂકી),

ગીતિ.

બળિ આવી જો માતા, બળિ મારે કંઇ ન કામ અલિ તેનૂં,
થઇ આવી જો માતા, મુખ દરશન નહિં ઘટે અરે જેનૂં,
અરરર દૂખ દરિયે તેં, નાંખી વંધ્યા રહી ન કયમ માતા,
તો શરમાવ્યું ન કોને, તો તુજને બહુ પ્રકાર સુખશાતા,
તો તુંજને સુખશાતા, કયાં આણીને મુકી ભુંડી માતા,
તું નહિં મારી માતા, રઝળાવ્યો તેં થયા વૃધ્ધ તાતા.૫૪

દાસી—અરે; પણ આખરે તમારાં એ મા છે. માટે તમને એમના ઉપર કાંઇ ન લાગે પણ એમને તો તમારા ઉપર વહાલ હોયજ; અને વળી જુઓને તમે હમણાં કેવી અવસ્થામાં કેવે ઠેકાણે આવી પડયાં છો. એ રાણી છે. તમે એને આધીન છો. એ જે ધારેછે તે કરેછે.

ગીતિ.

દેવળદેવી—

મૃત્યુ થાય તો સારૂ, એમ ગણી અહિં સુધી ટકી બે'ની,
તે થકિ શૂં અદકૂં તે, કરિ સકશે મા મને અરે કે'ની.
કરણુ બાપ કયાં જાઊં, દુભિ. દુખની હું ઝેર કયાંથિ ખાઊં,
રઝળીરે હૂં બાપા, હિંદુ મટીને યવન આજ થાઊં;

અંબા રક્ષણ કરજે, પાપણિ હું તો થઇ હવે વારી;
ક્યાં હું આવી વ્હાલા! પાપણિ પણ હું પુરી થઇ તારી; ૯૫
(એમ કહી ડસકે ડસકે રૂવે છે.)

દાસી—આવ્યાં જો રાણી સાહબ.

દેવળદેવી—ભલે આવ્યાં બાઈ રાણી સાહેબ—(મોહો-બારણા તરફ ફેરવીને) આવવા દેને.

કૌળા—(તંબુમાં પેશીને તેને દૂરથી નિહાળીને જોઇને) (અંતર્ગત) આ ખરી વારૂ! હા એજ (પાસે ધશી આવીને) મારી દેવળદેવી તું ક્યાંથી અહિંયાં × (એમ કહી તેની પાસે જઇ તેને ભેટવાનું કરે છે).

દેવળદેવી—(ખેદમાં નીચી દૃષ્ટિએ તેનો હાથ વેગળો ખસેડીને),

ગીતિ.

કરણ વધૂ મુજ માતા, પર ઘર વસતી બને કેમ એવું
રાજનગરિ નિજ લક્ષ્મી, સહિત ગઈ સહુ થયું સરખું તેવું;[1]
તું મુજ માવડિ ઠામે, અરથ જનનિનો પુરો પિતા સાર્યો
પાળી તેજ ઉછેરી, હવે કામ કશું રહ્યું માનું ધારો? ૯૬

× આ બોલવામાં બે ભાવ રહેલા છે એક તો પ્રીતિથી સહસા એમ બોલી જવાય તે, અને બીજુ એ કે દેવળ-દેવીને દિલ્હીમાં આણવામાં પોતે નથી એમ જણાવવું.

૧ જેમ કરણની વહુ ને મારી મા, જે મારે માથે શિર-

કૌળા—તું ધીમી પડ બેન (વાંસે હાથ નાંખીને) મારી દીકરી તું ધીમી પડ; અહિંયાં કાંઇ દુખ નથી.

દેવળદેવી— લલિત.

દુખ નથી કશૂં, માત નામની!
સુખિ તું તેથિરે, આજ કામની?
ગરિબ હૂં કિધૂં, કષ્ટ તેં ઘણૂં,
ગઇ થઇ વિતી, સાંભરે ઘણૂં. ૪૭

(મનમાં) અરે ભગવાન બધું ધૂળ મળી ગયૂં. શું મને હવે મારો મન ગમતો નહિંજ મળે?

કૌળા—તું આમ કલેશ કરે ત્યારે તો મને દુખિયારીને ઉલટું વધારે દુખ થશે, બળતામાં ઘી હોમ્યા જેવું થશે.

દેવળદેવી—તમે અહિયાં શી વાતે દુખી છો? તમારે જે જોઇએ તે છે.

કૌળા—અરે છોકરી, હજી તને ખબર નથી. અરે પ્રભુ! તું બાળક છે હજી; હું શું કહું?

દેવળદેવી—હારતો; એટલા સારૂજ; નહિં તો આટલા દિવસ ખૂની શત્રુ ને તે પણ અધમ જાતનો તેની પાસે પડી રહો? ને હિંદુનાં મુસલમાન થાઓ!

છત્ર જેવી, જેના વડે મારી શોભા તે ને કરણની રાણી જેવીજ રાજનગરી–અણહિલવાડ–પોતાની લક્ષ્મી જેનાથી હું શોભુ તે બેએ પારકાના હાથમાં ગયાં એ બધુ સરખુંજ થયું.

કોળા—તું જરા ધીરી પડ; દીકરી, આમ અકળાયલી નિત્યે રહીશ ત્યારે તારા દહાડા ક્યમ જશે; તો આપણે એકઠાં બેશીને વાત કયારે કરીશું?

દેવળદેવી—ઇશ્વર મને એવો દિવસ ન દેખાડે; મારે હવે માનુંએ કામ નથી, ને બાપનુંએ કામ નથી. મને, મા, મારી એટલી વિનતી છે કે સાધુ વૃત્તિ રાખવા દઈને એક ઓરડીમાં, પરમેશ્વર સાટે, મારા દિવસ નિર્ગમન કરવા દેજે.

કોળા—તે તો જ્યમ તારી મરજી હશે તેમ થશે. ચાલો હવે આપણે જઇએ. બહાર રથ તૈયાર છે. ચાલ મારી વહાલી દેવળ; હિંડો આપણે બન્ને એકઠાં બેશીશું.

દેવળદેવી—(દુઃખી થઇને) હાસ્તો, હવે કેદ પડી છું તે જે કહેશો તે કરવું પડવાનુંજ છે. અરે પ્રભુ! (ઉઠીને મન્દ પડી ગયેલી કોળા પાછળ જાય છે.)

કોળા—(જતે) તું એમ માં બોલ. હું તને કોઇ વાતે ઉની આંચ આવવા નહિં દઉં. (જાય છે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—પાદશાહી મેહેલ. જનાનખાનાનો એક ઓરડો.

દેવળદેવી—(કોચ ઉપર એક હાથની ટેકી દઇ એક દાસી

તરફ મોહો કરીરે સુતેલી)–એમ ત્યારે; મારે હવે આમ દુખમાંજ અવતાર કહાડવાનો તો? અરે રામ! જેવી માતાજીની ઇચ્છા; હું શું કરૂં, ખૂબન, મારા મનમાં બહુ થઈ જાય છે.

ખૂબન—થાય એ તો. હજી પુરાં પહોચેલાં નથી ત્યાં સુધી. નહિં તો જુવો, દુખનું ઓસડ દહાડા, તેમ પણ તમને તો થયું નથી દેખાતું કાંઇ; અરેરે! શું કરીશું ત્યારે? તમારા શરીરની હાલત ઉપર તો નજર કરો કાંઇ? કેવું ફીકૂ પીયળી જેવું! કેટલું દુબળુ!

દેવળદેવી— ઐાપચ્છન્દસિક

કદિ પ્રાણપતી વિસારિ મૂકી,
ન ચળે શૂર જરૂર તે હું જાણૂ,
પણ તારિ પ્રિયા જરા ન ચૂકી,
વ્રત સાધી મળવૂં મરી પ્રમાણં. ૫૮

(મનમાં) હું શો વિચાર કરૂં છું? મારાં પૂર્વ જનમનાં પાપે મને એ કદાપી ભૂલશે. પણ આ બધાંએ મને સંતાપી, પણ ઇશ્વર મારો વેરી નહિં થાય. (પ્રકાશં) ખૂબન તું નિશ્ચે જાણજે કે મારા મનથી મારા મન સમનો વર એકજ જગતમાં કરી મૂકયો છે. હવે તેને મુકી મારી આંખ બીજા ઉપર ઠરે એ સહુ ફાંફાં, હા ફાંફાં.

ખૂબન—હું તમને એમ કયાં કહું છું કે આપે બીજી શાદી જરૂર કરવીજ. પણ હું તો વાત લેખે વાત કરતી

હતી કે જો પાદશાહનો હુકમ થાય તો આપ મનથી શાદી કરો ખરાં કે નહિં?

દેવળદેવી—ખૂબન, આજ આટલી જીભ ઉપાડી ને તું પેહેલ વેહેલીજ બોલી તેથી હવેથી તારે એવો ઉચ્ચાર કરવો નહિં. જો એમ કરીશ તો ફરીથી હું તારૂ મોહો નહિં જોઉં. પડે તારો પાદશાહ કુવામાં, અને એને એવું જે સમજાવવાં હોય તે પણ. હું કાંઇ અહિયાં એ રાક્ષસ સાથે વિવાહ કરવા નથી આવી. (અંતર્ગત) શું, મારે ધારેલું ગહા પાતક કરવું પડશે? (પ્રગટ) તું શું સમજે છે? છોકરી, મને તું કૌળા જેવી ગણે છે?

ખૂબન—મારા ઉપર રહેમ આણી વાત કરોને; હું કાંઇ પાદશાહ તમને વરે એમ નથી કહેતી. એના જેવાજ એના જેવાજ દરજ્જાનો પણ એનાથી નહાની ઉમરના વર સાથે શાદી કરવી. હું તો એમ કહુંછું; અને રાણી સાહબની પણ એવી મરજી હોય એમ મને લાગે છે.

દેવળદેવી—રાણી સાહબની હોય કે ન હોય; પણ બસ કર હવે એ વાત, બીજી કાંઇ વાત કરવી હોય તો કર.

ખુબનુ—ત્યારે હું તો એજ પૂછતી હતી તો; તેમાં વચમાં આટલી વાત વળી નીકળી ગઇ. શી વાત વારૂ? (સંભારેછે) અંહ. હુંતો એ પુછતી હતી કે ત્યારે તમારે ત્યાં ગુજરાત તરફ શું સઘળીજ રજપૂતાણીઓ સારી હશે?

દેવળદેવી—એગ તો હવે કાંઇ કહેવાય છે. પણ ઘણી

નિકળી આવે ખરી.

ખૂબન--હશે; (નીચું જોઇને હશીને) પણ મારા સ-મજવામાં તો, બાઇજી, આવતું નથી કે આવી દુનિયાંમાં એમ ઘણે ઠેકાણે શી રીતે બની સકતું હશે.

દેવળદેવી—તેની સુજ તારાં જેવાને ન પડે. (મનથી) આ કુથલી કયાં કરવા માંડી છે?

ભુજંગપ્રયાત.

ગમે કેમ આવું, બકે રોજ આતે,
પછી થાય કયાં વાત બીજી નિરાંતે,
ગયો દીન તેતો ફરી નાજ આવે,
પડી કયાં હરી આજ હૂં આવિ ભાવે + ૯૯

ખૂબન—રહિ રહિને તમે આમ દિલગીર કયમ થઇ જાઓ છે.?

દેવળદેવી-(રોતી) બેન હું મારાં દુર્ભાગ્યને રડુંછું; તેમાં તું શા સારૂ ચિન્તા કરે છે? અરે જગતનાનાથ.—

ઉપેંદ્રવજ્રા.

ચુકયો મુકી તે ભિમદેવ શાણા,
ચુકયો મુકી શંકલદેવ રાણા,
ચુકયો મુકીને પણ કર્ણ બાપ,
ચુકયો સલૂણો પ્રિય આણિ આપ। ૧૦૦

+ કોઇ રીતે કોઈ કાળે સારૂ થશે-શંકળદેવ માર્ગમાં આવી ગળશે એમ જાણીને.

તેનો નહિજ થાય સમાગમ? (ઉંડો નિસાસે મુકે છે.)

ખૂબન—અંહ, અંહ, ખમા, કુંવરી, આમ બેહોશ કયમ થઇ જાઓ છો.

(કપાળે વાળ વિખરાયલા અને પોતાના લુગડાં વતે આંસુ લોહોતી દેવળદેવીને છાની રાખવા તથા શાન્ત કરવા દાસી તેની પાસે જાય છે)

દેવળદેવી—(તેનો હાથ દૂર ખશેડીને મુખ હલાવી ના, ના, કહે છે.)—

માલિની.

પુરિ હું રઝળિ વ્હાલા, બોલ ના* બોલ, બાલા
વચનુ પ્રિય રસાળાં, તે સ્મરી સર્વ કાલાં
મળ ઝટપટ આવી, નારી તારી રિબાય
નહિ મળ પછિ જોજે, કેવી રીતે શું થાય. ૧૦૧

તને કેટલું દુખ થતું હશે? મારા શંકળદેવ—(બહુ રૂદન કરે છે.)

કોળા—(ઓરડામાં આવીને) ખૂબન કયમ આ પાછું શુરૂ થયું કે? દેવળ, (પાસે જઇને) મારી દેવળદેવી, આમ મુઝાયાં કયમ કરે છે વારૂ?

દેવળદેવી—(સાવચેત થઇને) હું મારા દુખને રોઊંછું તેમાં તમારે વચે પડવાનું શું કામ છે? મને આવે ઠેકાણે

---

* બોલકે ન બોલ.

તે કયાં આણી? તમારો વહાલ મારા ઊપર એટલો તે કેવો કે મને દુખમાં નાખી તમારે સુખ માની લેવા જેવું કર્યૂં?

કોળા—તુ ધીમી પડ, જરા સાંસ્તી પડ. તું એક થોડા દહાડા જરા નિરાંતે જોયાં કર. અહિંયાં શું તને ખોટું લાગે છે? તારા કલેશમાં ને કલેશમાં હજી અહિંયાં કેવું કેવું છે તે તારા જાણ્યામાં આવી સકતું નથી. પણ જરા વિચાર કરીને જો; અહિંયાં કોઇ વાતે કશાંની ખામી તો નથી. માટે દૈવ યોગે જયાં પડયાં ત્યાં ભોગને કુશળ એવો સ્વભાવ રાખવો.

દેવળદેવી—(ગુપ્ત) દુષ્ટ! તારા મોહોમાંથી આવા કાંટા ખરે છે? (પ્રગટ) ખરે તમે મને વિલક્ષણ લાગોછો.

કોળા—એમ કેમ બોલો વારૂ?

દેવળદેવી—એ એમજ.

કોળા—ના મારા સમ કહે.

દેવળદેવી—અરરર મારા બાપ, મારા બાપ, તારી શી વલે થઈ હશે;

વસંતતિલકા.

થૈ દેવિ તારિ યવની સુણિ કર્ણ બાપ,
શી થૈ હશે બળતરા મનમાં અમાપ;
તે જીવતી હજી સુણી શું કરે વિલાપ,

તાતા! તમામ તમ[1] તે મુજમાંજ પાપ.[2] ૧૦૨

કૌળા—વળી આંસુ આણવા માંડે છે? જો તું ધીરજ પકડીને લગાર બે ચાર ઘડી હશી ખુશીથી આ ખૂબન જોડેજ વાતો કરી વિનોદ કરીશ તોયે તારો દિવસ સારો જશે. હવે તો એમજ તારે માની લેવું કે શંકળદેવ કે કોઇ દુનિયામાં છેજ નહિં, જો હું જાણીછું હો. રોઇશ નહિં હો બા.

દેવળદેવી-વારૂ. (રાણી ગઇ) (ધીરે) મૂર્ખી. અરે-મારે તો હવે એજ કે અહિયાં પડયાં પડયાં જે થાય તે જોયાં કરવું.

ખૂબન—કુંવરી, ઉઠશો જરા? નહાશો? આવશો ઓરડીમાં.

દેવળદેવી--(ખેદમાં) ચાલો (દુખે ઉઠીને જાયછે.)

પ્રવેશ ચોથો.

સ્થળ. મેહેલ. જનાનખાનુ.

અલ્લાઉદ્દીન-(સર્વ અલંકાર સહિત પલંગ ઉપર કૌળા રાણીના સામુ જોઇ બેઠેલો) ત્યારે એને આસ્તે આ-

---

૧ તમ—અંધારૂ. ક્લેશનું અંધારૂ. જેમ હાસ્ય, હર્ષનો રંગ ધોળો કલ્પાયલો છે તેમ દુખ કાળુ ગણાય છે. ૨ એ તમ છે તે મારૂ પાપજ છે તે તને નડે છે; તારો કાંઇ તેમાં વાંક નથી.

રતે સમજાવવી. તે દહાડેથી તારી છોકરીને જોઇ ત્યારનો મારો તો કાંઇ જુદો મનસુબો થયો હતો. ગાશૂક આજ તારી મોહોબ્બતથી મારૂ મન એટલું તેં ખુલાવી નાખ્યું છે કે મારે હવે કહ્યા વગર ચાલતું નથી. કૌળા, જે દહાડેથી તારી ખુબસુરત છોકરી નજરે પડી ત્યારથી મારો તો કાંઇ જુદોજ વિચાર હતો. ખેર, પણ તે તને કહેવાય નહિં.

કૌળા—(પલંગની પથારી ઉપર બે હાથ ટેકાવીને વાંકી વળી ઉભેલી) ખાવંદ, આપને કહેવું હોય તે સાચેસાચું કહી દ્યો. હું તો આપની તાબેદાર થઇ છું. પણ થોડા દિવસથી તમે મારી સાથે કયમ ઉંચુ મન રાખો છો વારૂ?

અલ્લા૦—નહિં પ્યારી જરા નહિં; એવો તારે કદી મનમાં શક ન લાવવો.

કૌળા—ના ખુદાવંદ, એમતો મારા મનમાં કદી આવે નહિં કે તમે મારા ઉપરથી દિલ ઉતારી નાંખો. પણ મને તો એમ લાગ્યું કે કાંઇ મારો ગુન્હો થયો હોય.

અલ્લા૦—(હશીને) ગુન્હો શાનો, મારી નેકબખ્તબાનુ? પણ તું મને એક વાત કહે કે એ શાહજાદા સાથે શાદી કરશે કે નહી; અને-પણ તને કહેવાનું એટલુ કે જેમ બને તેમ એનું મન ઠેકાણે આવે તેમ કરવું. અને કોઇ પણ માતબર ઉમદા મરદ સાથે દિલથી શાદી કરવાનું કબુલ કરાવવું.

કૌળા—એ બનવું મને ઘણું કઠણ લાગે છે. પણ પાસે રહી આપની તાબેદારી ઉઠાવીને આપની મેહેરબાનીથી એવું

મન ફેરવવાનું કામ શીખ્યુંછું. તેથી ખુદા કરશે તો સહુ સારૂજ થશે.

અલ્લાં૦—ત્યારે હું એટલુંજ માગું છું.

ખૂબન—(બારણા આગળ આવીને) રાણીજી; (પાછી જાય છે.)

કોળા—એ આવી. (પાદશાહના સામું જુવે છે.)

અલ્લાં૦—જા તારે કામ હોય તો. (જાયછે.) પણ યાદ રાખજે કહ્યું છે તે.

કોળા—એ તો બધું બરાબર કાળજામાં લખી રાખ્યું છે. (જાય છે.)

અલ્લાં૦—(એકલો સુતેલો) આજ વચમાં ફાંસો છે તો. જો ધારેલું કામ કરે ત્યારે તો મજા આવે. બીજરંખાં? ખિજરખાં રહ્યો હવે. એતો હજી જવાન છે; એને તો હજારો નાજનીન ઓરતો મળશે. અને વચમાં પડશે તો? વચમાં પડશે તો—એક આટલો ઇરાદો પાર પડે તો પછી તો જે ચાહું તે કરૂં: પછી તે શાહજાદો હોય કે ગમે તે હોય પણ અલ્લાઉદ્દીનના સામા કોઇથી નહિં થવાય. પણ અજબ એ છે કે તેણે શાહજાદા સાથે પણ શાદી કરવાની ના કહી. ત્યારે શું મારા ઉપર એની નજર જતી હશે?

ગુલામ—(બહારથી) જાંહપનાહ ! કાજી સાહેબ નીચે હાજર છે.

અલ્લા૦--આવું છું. (ધીરે ધીરે ઊઠીને વિચારમાં ચાલ્યો જાય છે.)

પ્રવેશ પાંચમો.

સ્થળ-જનાનખાનાનો એક ઓરડો.

ખૂબન—(કોચ પાસે બેઠેલી) બાઇ સાહબ, દુનિયાંની વાત તો એવીંજ. ધાર્યું તો આપણું કાંઇ થવાનું નહિં; દુખતો હું જાણુંછું બધાંને હોયજ. પણ જુવોને અમને તમે કોઇ દિવસ પણ ઉદાસ દેખો છો? એગ જરા જરા વાતમાં અફસોસ કરવાગમાં કાંઇ ગાલ નથી. માટે કુંવરી, કશી વાતે દુખતો આણવુંજ નહિં મનમાં. હવે ગઇ ગુજરી વાત શી યાદ આણવી; ચાલો, હવે નાહો કરો; મારા મનમાંતો હોંસ માતીએ નથી કે હું કુવરીને બીજે નામે કયારે બોલાવું?

દેવળદેવી—તને તારે મન માનતું માણુસ મળ્યું હશે એટલે તું તારે નિરાંતે મદગાં મહાલ્યાં કરે છે. બાઈ, મને તો મારે મારૂંજ દુઃખ રોવાદે. તું અમસ્તી એ વાતમાં શું કરવા નકામી પડે છે.

ખૂબન—[જરા હસીને] હાય મારી મા, બાઇ સાહબ, પાંચ પાંચ મહિના થયા ને હવે તે કયાંસુધી દુઃખ રોવું છે? દુઃખને શું કરવું છે? એ કાળા મોહોનાનું નામજ તમને કેમ દેવું ગમે છે? ખાઓ, પીયો, ખુશી કરો; મોજ મહાલો; હમેશ અગન ચેન કરો; તમારે અહિંયાં દુઃખ શું છે? તે એક મને તો ખબર પડતી નથી.

દેવળદેવી—મને કયમ સુખ થાય? મારૂં ધારેલું બધું નિષ્ફળ થયું. મારા મન ગમતો સ્વામી, મારો પ્રિય પિતા કરણ એ બધાનો વિયોગ થયો; હવે હું શું કરૂં!

ખૂબન—એ તો વાતજ બધી ભુલી જાઓ; ને હવે મન ઠરવાનો રસ્તો ખોળો તો તો કાંઇ સારૂં થશે.

દેવળદેવી—(ધીરે છેક મન્દ હશીને) કહુંછું એ તારી મહેનત સઘળી ફોગટ છે. સાચે મને લોભાવી સકે એવો બીજો પુરૂષ તો મેં નથી જોયો.

ખૂબન--હજી કાચાં છો. હજી પુરી સમજ નથી આવી. હજી દુનિયાંના રંગ પુરા જોયા નથી ત્યાં સુધી; એકાદ વખત જરા જુઓ, કોઇ જોડે વાત ચીત કરો. લગાર હરો ફરો, ઉપર અગાસીમાંજ આવી બે ઘડી શેહેરની મજા જુઓ. આ શેહેરની હવાની લેહેરજ એવી છે કે દુખસુખ બધું કાંઇ નહિં રહે. બધુએ ભુલી જવાશે.

દેવળદેવી—શું બોલે છે? હું તો આખું જગત જોઇ ચુકી છું ને એના નામ ઉપર ઉતારી નાખ્યું છે. બેસો આવો બા–[કૈળાદેવી આવે છે]

કૈળા—[આવીને જોડે બેશીને વાંસે હાથ ફેરવતી] બાપુ, કયમ છે? આજ કાંઇ સારૂં છે કની? તાવ ઉતર્યો છે?

દેવળદેવી—સારૂં છે; તમે કાંઇ ચિન્તા ન કરશો.

કૈળા—[ઝળઝળીયાં આણીને] વારૂ કયમ છે? તેં શું

ધાર્યું છે. આગને આમ દુખમાંને દુખમાં દહાડા કહાડવા છે; કલેશ કરી કરીને મને એ મારવી છે ને તારે એ—

દેવળદેવી— ના તમારે સારૂ એમ શું કરવા બોલોછો!

કૌળા—ત્યારે તું તો દુખમાંથી નવરી થતીજ નથી ને! પછી અમારે શું કરવું; મોં મીચીને બશી રહેવું?

દેવળદેવી—ના તે તમારે તે વાતની ફકર ન રાખવી કાંઇ.

કૌળા—હા તું ડાહી; આ નહાની સમજી નીકલી; ને અમે બધાં આટલાં વરસ કહાડયાં તે ગાંડાં; કાંઇ સમજ; નહિં તો વધારે કહેવું પડશે; ને તને એમ કર્યાથી પીડાએ વધારે થશે. તું જો; અહિંયાં શી વાતની ખોટ છે; માટે એવાં નિશ્ચિંત થઇને બેશિયે બા, કે કોઇને કાંઇ કહેવુંજ ન પડે. અને જ્યાં તું સુખી થવાને પ્રયત્ન કરવા માંડીશ એટલે અમને બધાંનેએ ચેન પડશે. પછી તને એ સરવ સારૂ લાગશે. માટે બા માન મારૂં કહ્યું; તું સુખી થઇ એટલે અમારે બીજા કશાનુંએ કામ નથી.

ચનકુ—(આવીને) ખુદાતાલા આપને હમેશાં આબાદ રાખે; આપના ફરમાવ્યા મુજબ કિનખાબવાળા વેપારીઓ આવીને બહારના દિવાનખાનામાં બેઠા છે; વાસ્તે આપની મરજી થાય ત્યારે આવવાની તસ્દી લેશો.

કૌળા—ચાલ આવી. હું જાઉંછું હો બેન—ખુશી રહેજે હો; કાંઇ પણ મનમાં ખુંચતું હોય તે તરત ખૂબનને કહી દેવું; એટલે ચિતને નિવૃત્તિ થશે. (હાથ ફેરવતી) હું

ઉઠુંછું હો, હવે બા; ચાલ ખૂબન તને પણ અતલસ તારે જોઇતી હોયતો અપાવું. પરદો કર્યો છે ?

ચૂનક—(માથુ ઘુણાવીને હા કહે છે.)

કોળા—ચાલ. (ખૂબન ઉઠે છે.) દેવળ, તારે કાંઇ જોઇએ છીએ ? તને પણ કમખા વાસ્તે લીલો કિનખાબ અપાવીશ; કયમ લઇશ કની ? (દેવળદેવી નીચું જોઇ રહે છે.)

કૌળા—(પાછી તેની પાસે જઇને) કયમ હેં, મારી લાડકી દીકરી ? લાવું કની ? કમખા કરીશ કની હેં. (તેની દાઢીએ હાથ નાંખીને પુછેછે.) (દેવળદેવી મોહો મલકાવતી મૌન રહે છે.) ના, કહે; મારા સમ કહે; લાવું કે નહિં; પછી નકામું થાય ત્યારે કાંઇ કામનું નહિં

દેવળદેવી—(બહુજ શરમાઇને) જયમ તમારી મરજી—હાં લાવજો.

કોળા—વારૂ;—વારૂ ત્યારે (ચાલતે, નીચું જોતી ધીરે) ફિર ઉસકુ હકીમ સાહબને દવા દીથી કે નહી ?

ખબન—કયા ! હાં ઓતો કબકી બી ખિલાદી હે; પીછે કુચ બાત કરતે થે ઇતનેમેં આપ આયે.

કૌળા—હંઅ.

ખૂબન—કુચ જેરા ભી તફાવત નજર આતા હે નહિં?

કૌળા—બસ; ચલ. (મનમાં) તેમાંજ આમ બોલી તો.

ખૂબન—હાં, પુછ આઉં; ભુલી એક બાત. (પાછી

જાય છે; કૌળા દીવાનખાના તરફ જાય છે.).(ઓરડા-માં પાછી આવીને) કુંવરી જોજો, ભુલી ન જશો હો; બોલ્યાંતાં તે; સાચું બોલ્યાની ગરૂરી કરતાંતાં તેમ હોય તો ભુલશો નહિ, હો, જે બોલ્યાંતાં તે.

દેવળદેવી—(થોડું હસતી) શું બોલીતી તે?

ખૂબન—કે ખુંશીમાં રેહેવું; હરવું ફરવું; અગાસી ઉપર ફરવું. બાગમાં સેર કરવી.

દેવળદેવી—હા તેમાં મારૂ શું જવાનું હતું? (મનમાં) બોલીતી ? (પ્રકાશ) મારાથી ઘડિયે ઘડિયે ઉઠાતુ હોય તો હું તો કહે ત્યાં ફરૂ; કહે ત્યાં ઉતરૂ ને કહે ત્યાં ચડું.

ખૂબન—હંઅ, બસ એટલુંજ. ઠીક (હસતે મોહે કમખા તરફ હાથ વતે દેખાડતી) ત્યારે હું ચંપક કરી જાઊંછું હો—પાછી આવીશ. (ગઇ.)

દેવળદેવી—(અંતર્ગત) કેવા કેવા તરંગ ઉઠે છે મારા મનમાં ? આમ કયમ થતું હશે વારૂ ! પાણી પીઆવું; (પ્રકાશ) અરે રામ ! (દુઃખે ઉઠીને જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ. રાજમેહેલ.

(અગાસી ઉપર ઉભેલાં દેવળદેવી અને ખૂબન.)

ખૂબન—(નીચે ફરતા લોકમાં કોક સામું ક્રાંઇ હસતી જતી, દેવળદેવીને બતાવે છે.) આ ધોળી અતલશ તમ

ગમી ? કેવી છે ? મેં તો મારા મન ગમતી લીધીછે.

દેવળદેવી—(દાસીને જોઇને નીચું જોઇને લગાર મધુર હસંતી) નાં, બહુ સારી છે. કાણે, રાણીએ લઇ આપી ?

ખુબન—હા; આ જુઓ આવે છે તે.

દેવળદેવી—કયાં વારૂ ?

ખુબન—એ તો કહુંછું તમારા જેવી ધીમી અદા ઉપર મોહી પડે એવો,"

ચોપાઈ ત્રિતાલ.

ઝુલતો ડંકાને આગળ સ્વાર, તેનો આવે છે જે પણે પાર;
પછી આવે ઘુઘરી વાજંતો, કાળો કાળો હય નાચંતો,
અર્ધ અંગ તે કેસર ડૂબ્યો, કાળે વરણે દિસે છે કસુંબો;
વાંકી ગરદન ઘોળી યાળ, ચાપચીપે ગુંથ્યા ગળે વાળ,
આછો આછો સુનેરી સામાન, પૂંડે દબતો હિંડે કેકાણ;
ઊંચે ઉપર રહ્યું લાલ છત્ર, જેવું ખુદ મેહેરબાનીનું પત્ર,
ઘોડે એમ બેઠેલો છેલ, એતો સોહાગે સુંદરી ખેલ;
ધોળો સુરવાળ લીલો જોડો, પગમાં પેર્યો સુનેરી તોડો;
દીસે પોપટ પીઠે દોરો, સાંકળિયો સુવર્ણ કંદોરો;
ધોળા કિનખાબનૂ અંગરખૂ, દિસે ચિત્રમાં ચિતર્યા સરખૂ;
તેપર વાંકો પડયોછે દુશાલો, ઝીણો કસબી કસુંબી નિહાળો;
×જોતે કંઠો હિરાનો બિરાજે, ભરિ છાતીએ સુંદર છાજે;

× જોવાથી.

કાળું મંદિલ આંબળિયાળું, તે તેર પેઠ ભરીને આળું;
કેવું મુખ ભારેખમ મીઠું, રળિયામણું જાય ન દીઠું;
વાંકી ભમર ચંચળ આંખડી, એની કાળુડી મુંછ વાંકડી;
ઘાટદાર ભર્યા બે ભૂજ—— ૧૦૩

દેવળદેવી—થયું થયું હવે બહુ ચાલ્યું તારૂં ટાયલું; હું એમ તારી ભમાવી ભમવાની નથી.

ખૂબન—એ કોણ છે તે જાણ્યું? એ શાહજાદો ખીજરખાન.

દેવળદેવી—ગમે તે હોય; એમ તારા બોલથી હું લોભાઇ જઇશ? (જવા માંડે છે.) (મનમાં) અરે બાપ! કયમ મારૂં મન હમણાં ભમી જાય છે? મારા વિચાર કયાંના કયાં ચાલ્યા જાય છે! ઓ મારા કરણ તાત! હું તને ભુલી જઇશ? મારા હૃદયમાં રહેલા મારા પ્રાણ સમાન પ્રીતમ હું તને કયાં દેખીશ? મારૂં મન ડોળાઇ જાય છે. (હીંડવા માંડે છે.)

ખૂબન—કયમ ચાલ્યાં?

દેવળદેવી—(જવાબ દીધા વિના ચાલે છે.) (મનમાં) શું આ મારૂં મન ફેરવી દેશે? આ ગુલામડી, કુલટા, મારા શંકળદેવ ઉપરથી મારી પ્રીતિ ઉતરાવી નાખનારી? (તિરસ્કારથી પ્રગટ) હંઅ—એવાંનો ઝાઝો સંગ ન કરવો.

ખૂબન—અરે ચાલ્યાંજ.કે? આવો આ તમાશો તો જુવો.

દેવળદેવી—ગારે નથી જોવું તે. (ચાલવા માંડે છે.) અરે મને તેમર કેમ આવે છે? (જાય છે.)

ખૂબન—ગઇજ; બહુ હઠીલી છે. એ પુતળુ કંઇ કોઇને સમજાવે સમજે તેમ નથી; તાવ તો હજી ઉતરતોજ નથી; (મનમાં) જાઉં. (જાય છે.)

અંક આઠમો.

પ્રવેશ પેહેલો.

સ્થળ—દિલ્હી શેહેરના બજારનો ચોક.

(બજાર ઠઠ ભરાયલો ત્યાં એક સ્થળે બે બન્દી.)

પેહેલો બન્દી—(બીજાને આવતો જોઇને) આ શી ખરીદી કરી આણી?

બીજો બન્દી—ખરી દીકરી તો કોળાએ આણી. મેં તો ખરી દીકરી કાંઇએ આણી નથી; ખરી કે ખોટી હોય ત્યારેને.

પેહેલો—આમ કેમ મોહો ઉતરી ગયું છે? આ કયાંથી આણ્યો?

બીજો—શું આ હોકો! આ અહિયાં પણે દુકાનેથી; દોહોડ રૂપીયો આપ્યો. નોકે તો સારી છે નહિં-ચુહાણ?

પેહેલો—ના, ઘાટીલો તો સારો છે. કાંઇ દિલ્હી શેહેરમાં આવીને છેતરાયો તો નથી. પણ આમ નરમ કેમ થઇ ગયો છે?

બીજો—શું કહું! વાત કહેવાનીજ નથી.

પેહેલો—શી? આ મુસલ્લા ભાઇયોના તડાકા—આહાહા-શા તડાકી છે. આ બજારમાં ગપ વના બીજું કાંઇ સંભળાતુંજ નથી.

બીજો—અરે શૂં; શાના તડાકા ? ગપ નથી–ચુહાણ, ચાલો હવે તો ઘેર જઇ ગુજરાતના નામની પોક મુકીને જેમ ત્વેમ કરી ઝુંપડામાં જીવતર કહાડીએ–અરે રામ ! રામ ! આ અવસ્થા આવી ? ગુજરાત, તારી કન્યાની ! શું તરકટ–શો પ્રપંચ–શી ઘાતકી છાતી તારી–અધમ પાપી પાદશાહ !

પેહેલો-ધીરે–અરે ખરે શું દેવળદેવીને આપણે ધારતા હતા તે અવસ્થા આવી ? હરી હરી !

દુહા.

અંબા આરાસુર વશી, તેથી રહિશૂં માત
ભરાઇ સહુ પર્વત વિષે, શક્તિ તારિ વિખ્યાત. ૧
ઓથ અમારે તારિ ને, ક્ષત્રી હૃદય વિંધાય
આશ્ચર્ય એ ઘણું એક કે, ચિન્તા નવ તેની થાય. ૨–૧૦૪

બીજો—ચુહાણ, રોયે શું ફળ છે ? પ્રભુએ ધાર્યું હશે તે.થશે. આ વાત તું સાંભળીશ તો તારે તો રુવે રુવે લાહ્ય ઉઠશે. આ મોહોટી દુકાને પાદશાહનો ઝવેરી જે દેખાતો ઘણો ડાહ્યો છે તે વાત કરતો હતો.

પેહેલો—મને ઝટ કહે-તેં ક્યાંથી સાંભળી ?

બીજો—હું ઓટલાને ખૂણે ઉભો ઉભો સાંભળતો હતો. બીજા ચાર બેઠા હતા તેને કહેતો હતો.

પેહેલો—રામરામ ! તે શું બાદશાહે કુંવરી ઉપર–

બીજો—તું સાંભળ, રાતે મધરાતે એ રાક્ષસી માયાએ

પ્રગટ કરસો ચંડાળ કુંવરીના મેહેલમાં પેઠો ને તેને ધીરે રહી જગાડી.

પેહેલો—ધીરે રહિ જગાડી! ધીરે રહિ એને અડીને જગાડી! એને અડીને જગાડી તે સાંભળીને, રે સ્વર્ગના દેવતા! એના ઉપર આભ કયમ તુટી પડતો નથી?

બીજો—ધીરજ પકડ-શી રીતે ધીરે રહીને જગાડી તે કહેતાં મારી જીભ ઉપડી સકતી નથી.

પેહેલો—રામરામ! કરણુ, તારી દીકરીની આ દશા! વારૂ, પછી?

બીજો—પછી એ ઝબકીને જાગી કે એ એનું ઘુડ જેવું મુખ હસતુ કરીને, તેના ઉપર ચેન કરવા ગયો—તેના ઉપર ચેન કરવા ગયો તે સાંભળતાં, હે અંબાભવાની! સિંહવાહનપર ઝળકતું ખડગ લેઇ જયમ અસુર મહિષનો સંહાર કરવા નિકળ્યાં ત્યમ આરાસુરના ભવ્ય પર્વતોમાંથી નિકળીને આ દુષ્ટ દાનવનો કયમ નાશ કરતાં નથી!

પેહેલો—ઠીક તું આગળ કહે. તું વાત પુરી કરને; એટલે મલેક કાફુરને ઉંચો અસમાન ઉપર ચડાવીને એની પાસે એનું માથુંજ કાપી નંખાવું ને એનું કૂળ જડ મૂળથી ઉખેડી નંખાવું. હું કાફુરને ચાર પાંચ વાર મળ્યો છું; ને એણે મને મન ઉઘાડીને વાત કરવા માંડી છે.

બીજો—આ શું બોલે છે.

પેહેલો—(આસપાસ જોઇને) શું બોલે છે શું? કાફુર-

નું મન હમણાં ફરી ગયું છે. એની નિષ્ઠા બગડી છે; ને એનુ મન રાજ લેવા ભણી લલચાયું છે.

બીજો—પછી બધો ઘોટાળો કરી મુકવો, કેમ ?

પેહેલો—આપણે શું કરતા હતા ? ઇશ્વર કરશે ને એનાં કરમ કરાવશે; પણ તું વાત પુરી કરને.

બીજો—શું ? એતો એને દેખ્યો કે આબીજ બની ગઇ ને બાદશાહ. એને સ્પર્શ કરવા ગયો કે કારમી ચીસ પાડી બેભાન થઇને ધરણી ઢળી પડી.

પેહેલો—હાયરે, આ શી વાત તું લાવ્યો છે?

બીજો—હજી સાંભળતો ખરો; વિકારથી અંધ થયેલો ખુની તે વખત જાગ્યો, અને ત્યાંથી જવાનો માર્ગ ખોળવાને જાય છે કે સામા પોતાનાજ સપૂત શાહજાદા હાથમાં કટાર સાથે આવતા મળ્યાં; એક બીજાથી આડુ જોઇ ચાલ્યા ગયા:

પેહેલો—અરેરે, પણ દેવળદેવીની શી અવસ્થા થઇ ?

બીજો—ખીજરખાન ઓરડામાં પેઠો અને દેવીનું મુખ ફીકુ પડી ગયેલું દીઠુ કે અચકાયો. પણ તેની ભરજુવાનીએ તેને જુદોજ માર્ગ બતાવ્યો.

પેહેલો—અરે, શું થયું ?

બીજો—તેણે કુચમાંથી પાણી લઇને તેની આંખ ઉપર છાંટયું; કપાળે ચોપડયું, અને-

પેહેલો—અને,

ગીતિ

વરિ વારીને વિધિયે, કુવરિ કુંવર[1] મન કરી પ્રથમ ભાવે,
તે વિધિયે ફરિ તેને, વરતાં કયમ નવ કપાય કર ધાવે. ૧-૧૦૫

બીજો--રજપૂતની દીકરી! આખર ચતુર રજપૂતાણી! કવિ તારાં જેટલાં વખાણ કરશે તે ઓછાં છે. અહો સુઘડ સુંદરી! તે વખત તે શુદ્ધિમાં આવી, પણ પાસે કોઇ પુરૂષ છે એમ જાણી તેની તેજ અવસ્થામાં પડી રહી.

પેહેલો—પણ નિર્દય છોડે એવો નહોતો તો.

બીજો--અરે તે વખત પાછુ ફરીને જુવેછે તો ખ્વાજો તેની પાછળ ઊભો છે; તે લગાર ઝંખવાણો પડયો. એટલામાં કાફુર કહેછે કયમ સરકાર—આ શી નાદાની કરવા માંડી છે? ફિકર શાને કાજે કરોછો; મરજી હોયતો કાલ સવારમાં એની સાથે શાદી કરાવું. પછી જ્યાં વાત રસ્તા ઉપર આવી એટલે કોણ ના કહે; સુનાનો ઢગલો વેગળો મુકી બળતા જ્વાળામુખીમાં કોણ પેસે! ખીજરખાન શરમાયો, હસ્યો ને સહુ સહુને રસ્તે પડયા.

પેહેલો--પણ પરિણામ શો આવ્યો તે જાણવું.

બીજો--તેતો કોણ જાણે. બીજું શું નવું થાયછે તે હવે જોવાનુ છે.

પેહેલો—કેવી રીતે જણાશે? [વાત કરતા ચાલેછે.]

---

૧ શંકળદેવ.

બીજો—કાંઇ કઠણ નથી; ઝવેરીને ત્યાં જઇ બેઠા કે ઘડી ઘડીની વાત જાણ્યામાં આવશે. (જાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળ—બજારના ચોકમાં ઝવેરીનો મેહેલ, તેની આગળનો મોહોટો ઓટલો.

ઝવેરી—(સફેત ગાદી ઉપર, સફેત સુરવાળ, સફેત અંગરખું, ને આંબળાદાર સફેત પાઘડી પેહેરીને સફેત દાઢી વાળો, હુકો પીતો બેઠેલો; તેની પાસે ચાર પાંચ મુસલમાન.)

લે બચ્ચા. (હુકો આપે છે) પુરો દોંગો છે; કમજાત, વળી વાત કરતે સવાલ ઉઠાવે છે.

પેહેલો મુસલમાન—(હસતે હાથ જોડીને) નહિં સાહબ—માફ કરો સાહબ—આપતો કોઇ આગળના જમાનાના ઓલિયાજ છો. પણ આ નંગ જો હું ઉઠાવીને લઇ જાઉં તો તેની હજાર કીમત હોય તો તેના ઉપર એક મીડું વધારતે ચુકો એવા નથી.

ઝવેરી—(હસતે) સાલો ભડવો. [એક લાત મારીને] બોલતે ચપ્પે છે જરા પણ, જરા પણ ચપે છે?

પેહેલો—સરકાર, એમ બોલો છો? મને લાગે છે એમ કરી કરીનેજ આટલી દોલત જમા કરી હશે; નહિં તો કાંઇએ આજતો ટોલા ખાતા રખડતા હોત; કોઇ સરદાર

પાસે લાકડી લઇને ધકકા ઉપર ધકકા ખાવા ન પડત! માફ કરજો હો, ખાંસાહબ, વધારે બોલાતું હોયતો.

ઝવેરી—બદજાતની જબાનજ સખણી રહેતી નથી–ભડવાઇ કહુ કહોની તે–તે દહાડે શાહજાદાને–બસ ચુપ એટલામાંજ.

પેહેલો—(આંખ મીચકારીને હશીને) હેં શી વાત, શાહજાદાએ—

બીજો—નહિં, નહિં, એમ નહિં ખાંસાહબ–એતો હોય. (હશીને) શું કરે બેકાર બેશી રહેવા કરતાં તો એ સારૂ? નવરા મુસલ્લા ભાઇ ફકીર બની ભીખ માગે કે પેશો કરે–(તલવાર સામું જોઇને) કાંઇ સહુની હિંમત એવી હોય કે સમશેર પકડીને મેદાન પડવાની વાત કરે–એતો સિપાહિગિરી–એમાં તો બહાદરી જોઇએ છીયે. એ કાંઇ જેવા તેવાનું કામ નથી. જનાબ શી વાત કહું. જે વખત આમે પંજાબને રસ્તે અરધી રાતનો અરસો ને હુ એકલો ને ચાર લુંટારા સામા મળ્યા–જનાબ કાંઇ કહેવાની વાતજ નથી–આહાહાહા—કેવા જબરદસ્ત હથિયારબંધ ને કેવી કમબખ્તની કાંઇ આંખ એકએકની! કોઇ જેવો તેવો હોય તેનો તો દેખતાં વાંત તરત જાનજ નિકળી જાય–આહાહાહા–શો તે વખત–તે વખત મારી પણ બરજવાની; બંદાએ તો તલવાર કહાડી તેવા ઉપર ધાસ્મા–પણ આપના તુફેલથી તુકડે તુકડા–ચારે હરામખોરોના તુકડે તુકડા, તુકડે

તુકડાંજ કરી નાખ્યા હં હં (ઉંચુ જોતે। હસે છે.)

ત્રીજો–હાં હાં છે છે ભાઇ, જહાનમાં કાંઈ ખરા સિપાઇ નથી પડેચા હજી?

પેહેલો—અરે કાંઇ લેવા જવા છે. એ તે કાંઇ વેચાતા મળે છે. આ શેખ સાહબ જુવોને; એક હાથે એક તરવાર-થી ચારના એક સાથે કડકા કરી નાખ્યા; એતો કાંઇ બોલ્યા પણ નહિં હોય ખરૂ શેખ સાહબ? હાલ્યા ચાલ્યા વગર કપાઇ મુવા હશે! યે–હાય–હાયરે તારૂ મુખડું આ મોહો ચાર ઉપર સાથે લાગી સમશેર ચલાવવાનું કે–મને તો લાગે છે કે મળ્યા હશે ત્યારે હાથના ને તલવારના બેના તુકડે તુકડા થયા હશે—ને ખુદા જાણે શા નસીબે જીવતો રહ્યો!

બીજો—એ તો એકાદ વખત હાથ દેખ્યો હોયતો ખબર પડે; વખત આવે ત્યારે જણાય ખાંસાહબ.

ત્રીજો—વાત કરતા હતા તે કયાંની કયાં રહી ને આ નકામી જબાનની લડાઇ કયાં કરવા માંડી છે—શું થયું પછી કહો સાહબ.

ઝવેરી—હાં–એ વાત–તેતો કહે કે આખર બુઢ્ઢાને બોલાવી લાવ્યો, ને કાજી, મલેકસાહબ, ખિજરખાન ત્રણે જનાન-ખાનામાં ગયા; જઇને જુવેછે તો દેવલદેવી–ઓ પરવર દિગાર–ખરે મને તો એના ઉપર ઘણી રહેમ આવે છે.

પેહેલો—બહુ ખૂબ-પણ કહે છે કોઈ પરીજાત છે હો ઓરત.

ઝવેરી—અરે તેનૂજ આ થાય છે તો. સાંભળ ત્યો ખરો; એ તો કોચપર નીચે મોહે બેઠેલી-પણ પેલો કાફર-ભડોજ કાફર છે કમજાત-પોતેજ સાંમો આવીને ઉભો-ને દેવજ-દેવીએ ઉંચુ જોયું કે સલામ કરી કહે છે કયમ સાહબ-કયમ છે કુંવરીજી ?

ત્રીજો—એટલે કુંવરીજી શું બોલ્યાં?

ઝવેરી—દયહ, ખુદા ન કરે-એ બિચારી ગરીબ શું બોલવાની હતી ? એણે તો સલામ પણ ન લીધી-અને એક નજરે જાણે કાંઇ માગતી હોય તેમ જોયાં કીધું; પણ આ કાફરનું દીલ-શેરથી પણ સકત છે. હુ તો એને હમેશે કહું છું કે કાંઇ રેહેમ રાખ દીલમાં, પણ એ તો કહેછે કે જોયાં કરો ઝવેરી સાહબ જે થાય તે-જોયાં કરો કેવો રંગ મચે છે તે. પણ તે વખત તો તેના દિલમાં પણ કાંઇ લાગ્યું ને એણે પણ જરાવાર જોયાં કર્યું.

પેહેલો—પણ આપણા શાહજાદા સાહબ કયાં છોડે એવા હતા?

ઝવેરી—બરાબર કહ્યું. ગલેક જોયાં કરતો હતો. એટલા-માં ખીજરગાન આગળ આવ્યો અને એને કહ્યું કે તમે થોડો વખત બહાર જાઓ. ગલેકને પણ લાગ્યું કે જોઉં એવી રીતે કર્યાથી કાંઇ મામલો સુધરે છે; એ કાજીસાહબ

દૂર ઉભા હતા તેને સાથે લઇને દિવાનખાનામાં ગયો; બાદ, શાહજાદાએ પાસે જઇ એના ઉપર મોહોબતની નજર કરી પણ પેલીએ ઉંચી નજર કરેજ શું કરવા ? શાહજાદાએ તો એકદમ ખભા ઉપર હાથ નાખી પૂછવા માંડયું કે કયમ મારા ઉપર મેહેરબાની—એટલું બોલવા જાય છે કે આ જવાનનો હાથ મારા ઉપર પડયો, એમ લાગ્યું કે એકદમ એ તો નાગણના જેવી તડપ ભરી ઉછળીને શાહજાદાના હાથમાંની ઉઘાડી સમશેર તેનાજ બદન ઉપર અવળે હાથે મારી. તે વખત ખુદાએજ એને બચાવ્યો—હજી ઇસ્લામનું જોર એટલું કમ થઇ ગયું નથી કે એવા શાહજાદાનો જાન એ કાફર છોકરીને હાથે જાય. પણ જરૂર તેજ તકે જો બાદશાહને તેણે પોતાના સામો જોયો ન હોત તો તેનો જાન બચત નહિં—એ તલવારનું ઉછળવું ને બાદશાહનું સામે આવી ઉભું રહેવું-પોતાના પિદરને દીઠો કે તેનાજ એ દૂર ખસી ગયો ને ખુદાતાલાની પરવરશીથી બચી ગયો. સમશેર તો હાથમાં જોરથી પકડી રાખી.

પેહેલો—વાહ આ પણ એક તાજુબીની વાત તમે કહો છો.

ઝવેરી—હું સાચે સાચું કહું છું. એમજ હકીકત બની હતી. મને ખ્વાજાએ તમામ મતલબ પોતે જાતે કાલેજ કહી સંભળાવ્યો.

બીજો—વારૂ, આગળ શી બીના બની.

ઝવેરી—પછી તો થોડી વાર સઉએ શરમીંદગા બની જઇને ઉભા રહ્યા પણ પાદશાહ અલ્લાઉદ્દીને તુરત બહાર જઇ મલેકને કાજી સાહબ સાથે અંદર મોકલ્યો. તેઓ અંદર ગયા એટલે દૂરથી એક અવાજ થયો.

ત્રીજો—હેં શો અવાજ થયો? (મોહો ફાડીને બેસે છે.)

ઝવેરી—'મલેક, ઓની એમજ મરજી છે તો જલદી નિકા પઢાવી દે, હવે વાર કરવામાં ફાયદો નથી.' તે સાંભળતાંજ કાજી તો ખીજરખાં કોણ અને કયાં છે અને કુંવરી કયાં છે તે જોયા જાણ્યા વગર કાંપતો કાંપતો ધ્રૂજતે અવાજે કુરાને શરીફના જે બે ચાર બોલ યાદ આવ્યા તે બોલી ગયો; આખરે ત્રણે પોતપોતાને રસ્તે પડચા.

પેહેલો—આ હીજડો તો માંહિનો માંહિ ને બહારનો બહાર દેખાય છે.

ઝવેરી—બાકીશું—કેવો વખત આવ્યો છો (પડદામાંથી એક દાસીનો અવાજ થાય છે કે ખાણું તૈયાર છે.) ઉઠો શેખ સાહબ, ખાંસાહબ ચાલો.

બીજો—નહિં માફ કરો સાહબ. હું અબઘડીજ ફારક થઇ આવ્યો છું.

ઝવેરી—અરે ચાલો ચાલો ઉઠો તો ખરા. જે બે નિવાલા ભાવે તે લઇ લેજો.

પેહેલો—અજી ચલોતો ખરા.

(સર્વે ઉઠીને જાયછે).

પ્રવેશ ત્રીજો.

સ્થળ. વજીરનો મેહેલ.

(મોહોટા દિવાખાનામાં બિછાવેલી શેતરંજી ઉપર સામા ભાગમાં નાખેલા ખૂબસુરત ગલીચા ઉપર ભીંતે આવેલા મોહોટા આરસા નીચે સફેત ચાદરવાળી ગાદી ઉપર તકિયે ઉઠંગી બેઠેલા વજીર તા. નસીરૂદ્દીન અમીર નજરે પડેછે.)

વજીર-(તકિયે કાંઇ વિચારમાં ગુમ હતો તે નસીરૂદ્દીનનાં સામું જોઇને) હવે આજ પછી મારેતો ખામુખાં–શું નસીરુદ્દીન હસે છે–માંરે તો ખામુખાં પગ નજ મુકવો–શો જુલમ—શી હરામખોરી એ ગુલામની; ખુદાતાલાના કસમ ઉપર હું તને કહુંછું કે હવે મારાથી આવી રયાસતમાં નહિં રહેવાય.

નસીરૂદ્દીનઅમીર—હકીકતમાં કહો છો તો સાચુ. મારા ઉંપર પણ હમણાં નજર બગડી છે એમ મને લાગે છે; અને થોડા દિવસથી તો એ કાફ્ર કહેછે તે માફકજ કરે છે.

વજીર—શું રે મારી જયીશીમાં ધૂળ નાખી. ખરે બાદશાહ કોઇ જીનનો અવતાર છે. અને જો અકલ બળી હોય તો તો ધૂળ નાખી: પણ આતો હેવાનિયતજ: એ હીજડો કમબખ્ત આજ કાલનો ગુલામ કાફર જેને કાંઇ રયાસત બાબતની એક દમડી ભાર ખુજ નહિં તેના બોલવા ઉપર

આટલું વજન! તેના બોલાવાથી શું મને–એ મારી આંખ આગળ–મારે હાથથી તખ્ત ઉપર બેઠેલો હાકિમ તેણે એક નાપાક નિમકહરામ ગુલામના બોલવાથી મને એવાં કડવાં બદ સુખન કહ્યા! નસીરૂદ્દીન, વિચાર કરવામાં માલ નથી. જમાનો બદલાઇ ગયો!

શાયરનુસરતખાન—(એકાએક ઉપર ચઢી આવીને), **"સાહેલી આ તે કાનુડો કામણગારોરે." (એ રાગ.)**

સાહેબો આજ જુલમ વરસિ રહ્યોરે;
જુલમ વરસિ રહ્યોરે; સાહેબો આજ. (ટેક.)
જુલમ વરસિ રહ્યો, ભારે કાળો કેર થયો;
રાય એમ રૂહી ગયોરે; સાહેબો આજ. ૧
લોહિની નદિયો વહી, કુળ મરજાદ ગઇ;
એવી ધુન મચિ રહીરે; સાહેબો આજ. ૨
લોક કહે વરસિ રહ્યો, આતશ આતશ લહ્યો,
મુખેથી ન જાય કહ્યોરે; સાહેબો આજ. ૩
મુખેથી ન જાય કહ્યો, શરીરે ન જાય સહ્યો,
આંખે ન જોવાય થયોરે; સાહેબો આજ. ૪
નગર જીગરપર, શાહિ છાઇ ઘર ઘર;
જમીન ગગનભરરે, સાહેબો આજ. ૫

વજીર—શું છે **શું** તે તો કહે.

નુસરતખાન—જઇ જૂઓ જઇ જૂઓ, **શું**
નિરાંત કરી સૂઓ;

જોઇ મગરૂરી ખુઓરે; સાહેબો આજ. ૬
સુલતાને કિધી સજા, બેગમને દીધિ રજા;
એવિં મનમાંહિ વજારે; સાહેબો આજ. ૭
કુંવરિએ નવ ભુલ્યો, જનમ બેહુનો ડુલ્યો;
ખિજર ફોગટ ફુલ્યોરે; સાહેબો આજ. ૮
જેને મોહિ મોહિ રાખી, ચ્હડી અસમાન આખી;
પકડી પતાળ નાખીરે; સાહેબો આજ. ૯
સુલતાન ગુલતાન, ગાન ભરિ મળિ ભાન,
ભુલ્યો ગઇ સહુ શાનરે; સાહેબો આજ. ૧૦
તેને આ હેરાન કીધી, દિકરીને સાથે લીધી;
દેશ પાર કરિ દિધીરે, સાહેબો આજ. ૧૧-૧૦૬

નસીરૂદીન—આહહા, આ શું બોલે છે!

નુસરતખાન—જી ન જાઓરે આજ જોવા કોઇ કાંઇ પણ,
માય દિકરી લઇ ચાલિ છોડી સાહેબી સહુ તજી સુખરણ.
જી ન જાઓરે. (ટેક.)
લાચારની, દરકાર કરે કો, નહિં કોઇ માથે ખબર કોણ લેરે,
ભૂલી પડી જયમ ગાય વાછરડી, ઝૂરી ઝુરી ભટકે વન વન;
જી ન જાઓ. ૧
દેશવટો કિયે કારણ દીધો, કોઇ સકે ન કળી પણ તે રે,
બિન તકસીર ધકેલીને કહાડી, કયાં જીંદગી જવી કુમળે બદન;
જી ન જાઓ. ૨
ગમ ભર્યું મુખડુ સુરત પણ ફીકી,દિલ સળગી ભડભડતી ચે રે,

તોય ગરૂરી છગી નવ છોડે, વાદળી જેવી જતી તજી ધન;
જી ન જાઓ. ૩

પુરમાં પડયું ભંગાણુ શું જાણો, હાણુ થઇ થયું જોણું બધેરે,
લોક હેરાન વેરાન બજારે, હાય કરી કહે ધિક ધિક જન;
જી ન જાઓ. ૪—૧૦૭

વજીર—આખરે આટલી મેહેનતનું છેવટ આ આવ્યું? અફસોસ! હું કહેતો ન હતો કે આખરે એ કમજાત કાંઇ ફિસાદ ઉઠાવ્યા વગર રહેવાનો નથી: "લાહોલબલાકુવત" બેગુન્હા એ બે બિચારી નેકજાત ઓરતોને કહાડી મુકી! આ શું થવા બેઠું છે! હવે એ નામવર બે નાજૂક નાચાર શાહજાદીઓ કયાં જશે! (આંખમાં આંસુ ભરાઇ આવેછે.)

નસીરૂદ્દીન—શા વાસ્તે આટલો રંજ કરોછો? એ તો જેમ જેના નસીબમાં હશે તેમ થશે. એમાં આટલી દિલગીરી શા વાસ્તે કરવી?

વજીર—હું દિલગીરી બીજી નથી કરતો; પણ ઘણો ગેરઇનસાફ થયો; મારાથી જુલમ ઉપર જુલમ જોઇ સકાતો નથી. આવી બેઇમાનીઅત જોવાનો હવે મારો ઇરાદો નથી. હુંતો હવે દિલ્હી શેહેરમાંથી ચાલી નીકળીશ.

નસીરૂદ્દીન—ત્યારે આપણો મનસુબો બર આણીશું? મને પણ એમ કરવું બહુ મુનાસબ લાગે છે.

વજીર—હા. ઇરાનની રયાસત જોતા જોતા મક્કે જવું.

નસીરૂદ્દીન—હક છે; એક દિવસમાં નિકળી સકાશે.

નુસરતખાન—મારી પણ એક અરજ છે. મારો પણ ઇરાદો આપની સાથે આવવાનો થાય છે.

વજીર—ઘણી ખુશીની સાથે.

(એક ચોબદાર ઉપર આવીને)

ચોબદાર—જુના અને જઇફ તેથી સલાહ આપવાને લાયક વજીર સાહબ ! સઉ જહાનનો શહનશાહ અને બીજો સિકંદર જેના હુકમથી ઉલટું ચાલવું અને ખુદાતાલા પાસે આ દુનિયાંની પરવાનગી માગવી એ બે બરાબર, તે આપને યાદ કરે છે; માટે ચાલો ઉઠો-જલદી દરબારમાં.

વજીર—ચાલો ઉઠો—આવિયે છિયે. (અમીરને આંખ ને ભમરથી ઇશારત કરીને સર્વે ઉઠે છે અને ઘરમાં જાય છે.)

અંક નવમો.

પ્રવેશ ૧ લો.

સ્થળ. જમના ઉપરની બાગાયતમાં મેહેલ.

(આગળ પડતી વચલી અગાસીમાં ફરતાં બે માણસો.)

અહલ્યા—હુકમ કરી દીધો ! શું? આવુંછું ને; બેનો નિકાલ એક સાથે આણ્યો.

મલેકકાફુર--ચાલો આ બે વચમાં અડચણ કરતી તો મટી; (મનમાં) આ પીડાતો દૂર થઇ પણ હજી તો વચમાં એક મેહોટી ફાંસ છે. આસપાસના કાંટાતો વળી જૂદા. ફિકર શી છે. ઉતાવળ ન કરવી. (થોડીવાર જોઇ રહીને) આમ કરવામાં તકસીરતો કૌળાનીજ હો.

અહલ્યા—અરે કયમ કહેવાય ! આસ્તે આસ્તે શુંએ કરત ! શરબત સાથેજ ઝહેર આપી દે તો કાંઇ જણાવાનું હતું ? પણ પેલી પણ હઠીલી તો ઘણી હો.

મલેકકાફુર-એ તો એની મેળે માનત. પણ આપનુંજ દિલ એના ઉપર દોડયું હતું એટલે એમાંથી ફિસાદ ઉઠત.

અહલ્યા--મને તો બેના ઉપર કંટાળો આવ્યો હતો. દેવળદેવી તો છેક લેવાઇજ ગઇ હતી; અને તે ઠેકાણે આવે એવી આશા પણ નહોતી. તાવમાં ને તાવમાં એતો સડયાં કરત. એની જીદ પણ એવી. એના બદન ઉપરથી સુરખી

તો હડીંજ ગઇ છે; તોપણુ કેવું એનું હુસન; ખેર, એક સામટી તમામ હરકત દૂર થઇ.

મલેકકાફુર—વાહ એતો જે થયું તે બરાબર થયું. અમારે તો શું; પણુ અમારે તો જાંહપનાહની ખેરીયત વાસ્તે કહેવું પડેછે; આપનું નિમક ખાધેલું તેથી વાજબી લાગે તે ખુદાવન્દને રોશન કર્યા વગર ચાલતું નથી. નહિં તો ગુલામ કિસ્સુ ગણુતીમાં. મારી શી મગદૂર કે હું આપના આગળ જબાન પણુ ઉપાડી સકું?

અલ્લા—એમ શા વાસ્તે બોલેછે.

મલેકકાફુર—તો હા ખુદાવન્દ, હુંતો એક આપના પગની ખાક્ બરાબર. આપની પરવરશીથીજ મારી જીન્દગી છે.

અલ્લા—ફિકર ન રાખ. મારા હુકમને કોણુ પુછનાર છે. પેલા પોસ્તીઓ કહેશે કે અલ્લા સઘળાનો વાજબી ઇનસાફ કરે છે; પણુ અહિંયાંતે કયાં એમનો અલ્લા આ વખ્ત આવીને જોવા બેસવાનો હતો? જે બન્યું તે દુરસ્તજ છે. નહિં નહિં, આવે વખતે, જ્યારે મારા જુના નોકરો, જેમને હું મારા ખરા ખેરખ્વાહ ગણુતો તે પણુ મારાથી દૂર થવા લાગ્યા છે, તે વખતે ફકત તુંજ મારે રહ્યો છે વાસ્તે તારે એવું બોલવું નહિં.

મલેકકાફુર—(હાથ જોડીને) તે વાસ્તે નહિં જાંહપનાહ; પણુ તેમાં આપના જાનને, (ઉંચા હાથ કરીને) અરે પરવરદિગાર, તેમાં આપના જાનને ખામુખાં નુકસાન પહોંચત.

એ કોળા તમારે જેવી તેવી સમજવી નહિં.

અલ્લા--ખરૂ કહેછે. (ઉંચુ જોઇને) જો સાંજ થઇ ગઇ. હવે તારે જવું હોયતો જા. જેબુન ને મારી પાસે ખસૂસ મોકલી દેજે; આ વખતમાં એના જેવી કોઇ ખૂબ-સૂરત બીજી નથી.

મલેકકાફુર--ત્યારે હું રજા માગુંછું. (જાયછે.)

અલ્લા—કાલે સવારમાં મારી પાસે આવજે. પછી સાથે શેહેરમાં જઇશું.

મલેકકાફુર—(ફરીને) જેવો હુકમ. (જાયછે.)

અલ્લા--(મનમાં) વજીર અને અમીર બે હરામખોર ચાલ્યા ગયા; આ શાનો અવાજ થાય છે!

(નદીના તટ ઉપર બે બંદી.)

એક— અપરવક્ત્રા.

અહિં કરિ કિરણો સુવર્ણનાં
હરિ સરિ વારિ કિનાર કુંજમાં
કરિ સરિત મહામયા રૂપે
દુકુલ લિલાં તરુ, ભાનુ મૌલિમાં. ૧૦૮

બીજો— ઐાપચ્છન્દસિક.

નમતો નમતો પડે શું ન્હાવા
યમુના અમ્બુ તરંગ[1] વિસ્તરાય,

---

૧ તરંગ ઉપર ચડીને.

સુર એ નથિ ત્યાં પડયો સુહાત્રા,
ઉદરે અર્પિ દિધોજ કાળિ કાયે! ૧૦૯

પેહેલો— શાર્દૂલવિક્રીડિત.

અસ્તેછે કરિસૂર્ય થાય મનકે આ જાય આ દુઃખમાં,
ઊગે છે શુભ ચંદ્ર મંદ્ર કિરણે તે જાય ઊમંગમાં;
ન્હાણે શું હતુ દેખ છેક ઉલટૂ ઝાંખોજ દીઠો હતો,
માટે ક્રૂર૮કર્દૈ૦કરે ન મમતા પાપી પડેછે છતો! ૧૧૦

(અલ્લાઉદ્દીન વિચારમાં ગુમ બની ગયેલો ચાલ્યો જાય છે, પણ સમજ નથી પડતી કે આટલી ઉદાસી શાથી આવી; એ બન્દી પણ કિનારા ઉપરથી ચાલ્યા જાયછે.)

પ્રવેશ બીજો.

સ્થળ. એક ઘણું ભયંકર ઉજડ વન.

(ઘોડા ઉપર બેઠેલી કૌળાદેવી એક ડોળીની સાથે સાથે જાય છે)

કૌળા—(ઘોડો રાખીને ઉતરીને ડોળી પાસે જઇને) દેવી! કયમ છે બા? કયમ આજ તું બહુ લેવાઇ ગયેલી દેખાય છે?

દેવળદેવી—કાંઇ નહિં. બા તું હવે લગારે મારે કાજે જીવ બાળીશ નહિં. મને બહુ અશક્તિ લાગે છે.

કૌળા—મારી દીકરી, તું આમ શું બોલે છે? એમ છેક હિમત હારી જઇએ? પ્રભુ સર્વે સારૂં કરશે.

દેવળદેવી—અરે શું બા, મારાથી પછું ફેરવાતું નથીને?

કૌળા--ધિરજ રાખ; મારી દેવળ, (આંખમાં આંસુ સાથે) તું આમ કરે ત્યારે પછી મારી શી અવસ્થા.

દેવળદેવી—મારે સારૂ હવે તુ વધારે ચિન્તા કરીશ નહિં—મારી માડી-હવે તું બહુ રોઇ રોઇને તારૂં લોહિ બાળીશ નહિં; મને સારૂ થશે;-એમ જાણુજે કે એક દુખિયારી આ દુનિયામાંથી ઓછી થઇ.

કૌળા-એમ હરભડી શું કરવા જાય છે? મારી દીકરી, મારી દેવળ, તને શું થાય છે? તને પાસે લઉં? (તેને સોડમાં લે છે.) (મનમાં) અરે તાવ તો શરીરમાંથી ખસતોજ નથી.

દેવળદેવી—(રૂધરશ ખાઇને) બા, તું એમ ગભરાઇ શું કરવા જાય છે? એમ કરે શું થવાનુ છે?

કાળા—ના ત્યારે તું મન કઠણ રાખ, તારે પેલે તો આટલે સુધી આવ્યાં છીએ. (ઘોડા ઉપર બેસવા જાયછે.)

દેવળદેવી—હા પણ હવે આપણે કાંઇ વિસામો કરીએ તો સારૂ.

કૌળા--(ફરીને તેની આકૃતિ સામુ જોઇને ખેદથી)—હા પણે પેલા ઝાડ આગળ થોડી વાર આપણે ઊતરીશું. પછી પાછલે પહોરે ચાલવા માંડીશું; પણ (મનમાં) અરે ઇશ્વર, કયાં જવા સારૂ? (રોતી વિચારમાં ઘોડા ઉપર જઇ બેશીને ચાલવા માંડેછે.)

દેવળદેવી—બા, મારો જીવ બહુ ગભરાય છે.

કૌળા—હમણાં મટી જશે; (મનમાં) અરે શીવજી આ સમે મારૂં કોઇ ન રહ્યું ! હમણાં થોડું પેટમાં અન્ન જશે તો જીવ ગભરાતો બેશી જશે. પેલો વડ છે નહિ ?

ભોઇ—હોવે.

કૌળા—પાસે શું કુવા જેવું દેખાય છે ? વાવ છે નહિં ?

ભોઇ—હંઅ.

કૌળા—ઠીક છે ત્યાંજ ત્યારે ઉતરીયે. (ચાલેછે.) (વડ તળે આવી કૌળા ઉતરી પડે છે.)

કૌળા—(ડોળી નીચે મુકી એટલે પાસે જઇને) બહાર નિકળીશ ? જરા જીવ છુટો થશે.

દેવળદેવી—હા. (બેઠી થવા જાયછે પણ થવાતું નથી.)

કૌળા—(આંખમાં આંસુ સાથે) તું શું કરવા નકામી મેહેનત કરે છે ? (એક ભોઇ તથા રાણી થઇ ડોળીમાંથી બહાર કહાડી ભોંય ઉપર પાથરેલા ઘોડાના સામાન ઉપર દેવળદેવીને સુવારે છે.)

દેવળદેવી—ઓહો આ કેવું ભયાનક વન છે ! કેવે ઠેકાણે આવી પોહોચ્યાં !

કૌળા—હવે કયમ છે બા ? કાંઇ ઠીક લાગે છે ?

દેવળદેવી—(નિરાશાએ) હા-તું બા મન દુખાવીશ નહિં.

કૌળા—ના રે બાપુ; મારે શાનું મન દુખાવવાનું હતું આટલું આટલું થતે.

એકબોઇ—હમે તો નાવા જઇએ છીયે; હવારમાં નાહ્યા નથી તે. (એ જાય છે.)

દેવળદેવી—ના મને તો સારૂ થશે. તું લગારે મારે કાજે જીવ બાળીશ નહિં.

કોળા—(સહસા એના સામું જોઇને) હા તે તો હું જાણુંજ છું તો બા. બધુંએ ઇશ્વર કરશે તો સારૂ થશે.

દેવળદેવી—આ સામા ટેકરા તો ખાવા ધાય છે! મને થોડું પાણી પાઓ તો સારૂ

કોળા—હા લઇ આવું; (દોરી લોટો છોડીને લઇને) હું હમણાં આવું છું હો. તું મનમાં ગભરામણ ન કરીશ.

દેવળદેવી—અં ના. (રાણી જાય છે.)

(દેવળદેવી વિચારમાં સડ બની ગયેલી; એકાએક ઉઠીને),

× અરે પ્યારા હું કયાં આવી, અરે આ રાજવી કહાવી,,

× આ પદ્ય શેર છે; તેને ગજલ કહે છે. ફારસીમાં એનું બંધારણ તો આવુંજ છે પણ પ્રાસ મેળવવાની રીતિ જુદી છે; તે ગુજરાતીમાં બરાબર બેસતી આવે તેમ મને લાગતું નથી; તેથી જેમ આપણી ભાષામાં સારી દેખાય તે પ્રમાણે કરી છે; આવી ગજલ પેહેલ વહેલી મેં ઘણા વરસ ઉપર સાંભળી હતી તે આઃ—

'અલા યા અઇયે ઉઝસાગી, અદર કાસનવનાવિલહૌ;
કે ઇષ્કાસાનમૂદઅ્વલ, વલે ઉફતાદ મુષ્કિલ હૌ.'

અરે પ્યારા કયહાં લાવી, મુઝાણીછૂં ખરે વ્હાલા. ૧
અરણ્યે હૂં સુતી વ્હાલા, સુણ્યા સંભારું તે કાલા,
અંરે તે નૈન ના ન્યાળ્યાં, થઇ રહિ છેક છૂં વ્હાલા. ૨
હવે અહિંયાં હું સંભારી, વિનંતી કયાં જાય તારી
કરૂં મારી હું ઉચ્ચારો, વિચારીને જુઓ વ્હાલા. ૩
તુટી કાયા પરીતાપે, હરી દુઃખાન્ત તૂં આપે,
હવે ધાર્યું તું ઉથ્થાપે, વિલાપે જાય ના ઝાલ્યા. ૪
અકસ્માતે બન્યૂ શૂં આ, હું ને કૌળા મળ્યાં કયાં આ,
નથી વેઠયૂં જતૂં સૌ આ, કરૂં શૂં ને કયહાં જાણી! ૫
ઊઠાતૂં રે નથી દેવ, ખવાતૂં રે નથી દેવ,
નવાતૂંએ નથી દેવ, ક્ષયે ઝાલી ક્ષીણી થાણી. ૬
ન આ લોકે બિજે લોકે, મળીશૂ કયાં કહૂં પોકે,
સુણે બેઠો ગઢે કો કે, શું વ્હાલીને વિચારેછે? ૭
કહે હૂં સાંભરૂં કે ના, ગળી કોઇ રૂડી કે ના,
થયો પૂરો સુખી કે ના, હજી તૂં હામ ધારે છે?
(સુંઇને) જવૂં મારે થયૂં નિશ્ચે, હવે આશા હુંની મૂકે,
મળૂ કયાં બહુ દુરે તૂં કહે, દિસે જાણીછું અટવાઇ. ૯
વયે થોડી વિત્યૂં ઝાઝૂં, વદન્તાં એ વડી લાજૂં,
પ્રભૂ! કયાં જઈ હવે રાજૂં, મળ્યો ના એક શુર ભાઇ. ૧૦
પુરી પાટે કુળી જાતે, મુકો માતે મહા રાતે,
સુંપી કિંકર કને હાથે, વિનાશે રોતિ મા પુત્રી. ૧૧
મુસલ્માને વિંટયો મેહેલ, ઉઠયો અગ્ની બળ્યો સેહેલ,

ઉડયાં જંતૂ ઉડયાં તંતૂ, ઉડયો ભડકો ક્યોં આભ.' ૧૨
મુસલ્લા ત્યાંહ આનંદે, રહ્યા ઊભા 'ખુદા' વન્દે,
અસી ભાલા અને બર્છી, રહી ઢાલો સિધી તર્છી. ૧૩
કહે કોળા ઉભી સહુને, થયો બાઈ ઘણો ત્રાસ,
મુઆ ક્ષત્રી રણે બહુ ને, સુખોને અસ્ત આભાસ. ૧૪
જુઓ શૂં દુઃખ ક્ષત્રાણી, શુરા પુત્રો ભુમે આણી,
પડયો એ રાજીઓ જાણી, જઇ સ્વર્ગે પુરો વાસ. ૧૫
ઉઠો નહિં તો કરો કચ્છા, અણુાવું ઘોડલા અચ્છા,
કરો અર્ઝા બનો સ્વચ્છા, ચડો શસ્ત્રે મૃગા મચ્છા. ૧૬
ફુલારાણી સુણો કહાણી, બળી બહુ છે સુક્ષત્રાણી,
મળેછે સ્વર્ગ તે જાણી, અરે ચાલો ઊમંગ આણી. ૧૭
કડાકાને તડાકા ત્યાં, પુરા શત્રૂ ધસ્યા ત્યાં જયાં,
અમર દેખી ઉંચે લાજ્યા, ચિસો દુસ્મન પુકારે છે. ૧૮
ઊઠી ત્યાંથી રુઠી રાણી, ધરી વસ્ત્રો મુસલમાની,
ચડી સટ્ટીજ અણુજાણી, ત્વરાએ પંથ કહાડેછે. ૧૯
પિતા પાસે જતાં ઝાલે, × રખે શત્રુ મને ઝાલે,
ટળે ક્યાં જે લખ્યૂં ભાલે, ભમાવી ભીલડે ભામા. ૨૦
કટારીયે કુડો મારી, વિતી તે સર્વ વીસારી,
ચ્હડી વાટેજ ગા મારી, ગઇ સપડાઇ જોતામાં. ૨૧
રુવે ત્યાં શૂં વળે, ચાલ્યા, રહે તે કોઇના ઝાલ્યા,
લઇ સરપાવ ને મ્હાલ્યા, મળ્યૂં ગુજરાતનૂં રત્ન. ૨૨

× ઝાલ પ્રાંતમાં=ઝાલાવાડમાં.

પધાર્યો રાજધાનીમાં, અનાઇ માત માનીમાં,
પડી સારી તું, રાનીમાં, ફર્યું ચિત્તે કરે યત્ન. ૨૩
હુંને મારી કનકદેવી, સુનાની વેલડી જેવી,
પિતા દુર્ભાગને એવી, મળી પુત્રી સુની દીઠી. ૨૪
વિના માની સુણી હાની, લિધી છાતી વિષે છાની,
રુવે લઇ બાપને ગ્લાની, કહ્યં શાન્તી વળી મીઠી. ૨૫
બકૂં હૂં ત્યાં બહૂ બાલા, પિતા નન્દે × સુણી કાલા.
સુખી પાણી તણા પ્યાલા, પિધા પાછૂ પડયૂં દુઃખ. ૨૬
લિધી ઝડપી જમે બ્હેની, દુખી જોવા રહે શેની;
રુવે રાજા બધી રેણી, સમૂળૂ સૌ ગયૂં સૂખ. ૨૭
રહી રોતી હું નિખંન્તી, પિતા સામૂ થઇ મન્દી;
ઉદાસી સહુ ગયે નન્દી, વદૂં સંભારિ સંભારી. ૨૮
(થોડીવાર સ્તબ્ધ રહે છે)
ગઢેથી ઊતરી આવ્યા, કુંવર શીકારિયો લાવ્યા;
દિઠા દેવાંશિને ભાવ્યા, બન્યો શીકારિ વીહારી. ૨૯
બન્યો વીહારિ ત્યાં એક, રહી મૂર્છા થઇ છેક,
ભુલી ગઇ સર્વ વીવેક, ઉમળકો જાય ના સાંખ્યો. ૩૦
ધરી આશા હરી શી મેં, કરી ઇચ્છા વળી શી મેં,
બને કર્યાં ઊલટૂં નામે, ઉમંગે પર્ણવા રાખ્યો. ૩૧
થઇ ઠિકરી કરી આશા, થવા સમ તુલ્ય રત્નાશા;
પડયા ત્યારે ઉંધા પાસા, ન કહાડૂં કોઇનો વાંક. ૩૨

× ખુશી થાય.

અરે જોવૂં ઘણે મોહે, પછી લોવૂં કરે રોએ,
ઘણાં મીઠાં દિઠાં સોહે,* વદે વાળ્યો વળી આંક. ૩૩
સજડ બંધાઇ નાં તૂટે, નકામા જો મરે કૂટે;
રહ્યો તે જોબનૂ લૂટે, ગઇ કર્મ્માઇ હૂં જાઇ. ૩૪
અરે ત્યાંનો પડયો તમ્બૂ, વળી વાવૂં મુખે અમ્બુ,
ફરી જાવું ગૃહે રોતાં, અને જોવૂં વિલે મોહે. ૩૫
અનંગે પ્રેમ અંગે ત્યાં, કર્યો રંગે તરંગે જ્યાં;
ધર્યો ઢંગે કઢંગે કૈં, થયો ભંગે ટકયો તોએ. ૩૬
ઉમંગે વાળિયો આંક, તુટયા સંગે થઇ રંક;
મને લેવા થયો જંગ, કહી કર્યું પછી તો હા. ૩૭
હતી શી શી ઉમેદો જો, લિધો બીમે બધે બોજો;
પડી આવી અહીં જોજો, વળી તાવે પડી જો આ. ૩૮
અતીશે જાય થઇ કાંઇ, અરે માતા તું દે સાંઇ; ૧
ઉઠાશે નહિં હવે બાઇ, કંઇ કંતં કંઇ લૈ જા. ૩૯
સુખે રહેજે અરે વ્હાલા, હતી ન્હોતી કરી બાલા,
જપૂં તારી સદા માલા, ક્ષમા લાવી સુખી માથા. ૪૦
છુટયો બોજો વિના ભારે, પિડા જાણી ગઇ તારે;૦
ન બા જોને વધૂ પાડે, વળી પાણી વળે શૂં રે.× ૪૧

---

* એ વચન પણ એવાં કે તે વચન આંખે દેખતે—મતલબ કે—બોલતે જોતાં સુંદર લાગે.

[1]અ-હૂં-રે-જા-ય-છે-મા-ડી. સુ-જોં૦વિં-ધા-ય-છે-આ-ડી;
મ-ને-મા-તા-જી-ક્યાં-પા-ડી,ન-થી-વે-ઠી-સ-કા-તૂં-રે.૪૨
અ-રે-રે-રે-ગ-ઇ-હું-ક્યાં, અરે મા ઓ અરે ઓ મા;
અરે ભર્તા! ખ-શી મા ક્યાં, ફુ-ટી-આં-ખ્યે-ગ-ઇ-છે-કાં૪૩
અંહાં સ-ર્વે-ગ-યાં-કે-શૂં, ગઇ માતા-મ-ળી-તે-શૂં;
હ-વે-આ દે-હ-રે-હે-શે-શૂં,પ-ડી-આ-રા-ન-માં-એક?૪૪
૧૧૧
ન-થી-દે-ખા-તુ-આંખે-બા, વિ-આ-લ-૦વ × × × ×
× × × × × × × (અવસાન થાય છે.)

કૌળા—(જરાવાર પછી એકાએક પાસે આવીને)–હાં-હાં-હાં-આ શું થયું દીકરી (લોટો પછાડીને)ઓ મારી દેવળદેવી, આ શું થયું, હાય હાયરે ઓ મારી છોકરી –એટલામાં શું થઇ ગયું. ઓ મારી મારે—(છાટી ફાટ રુવે છે) મારી દીકરી–પાણીએ એમનું એમ રહ્યું (લોટો લઇને થોડું પાણી હતું તે લેઇને મોમાં રેડે છે) હાય હાયરે તું ક્યાં ગઇ બા–તું કયમ બોલતી નથી—ઓ મારી પ્રાણ સમાંન દીકરી–(કપાળે હાથ દઇને) હવે મારી શી વલે થશે–હું ક્યાં જઇશ–આજ તે મારે મરવું કે તારે–હાય હાય–(ઘણું રૂવે છે).
* ગઇ ક્યાં તું અરે દેવી, તજીને માતને એવી,

---

૧ આ ઉપરથી એમ સમજવાનું નથી કે એ શેર એમ કકડા પાડીને બોલવાની છે. પણ કુંવરી તેનો અર્થ બોલે છે તે બોલતે શબ્દ તુટેછે એમ જાણવાનું છે.

* શેરની ચાલ ચાલતી.

અરે રે શી વલે થાશે, મુકીને પ્રાણ ક્યાં જાશો ૧
અરે રે હાયરે વ્હાલી, રઝળતી આવડી ટાળી,
અજાણે જાત ક્યાં ચાલી, જવૂં ક્યાંરે તને મૂકી ! ૨
અરે લૂખી દિસે શીકી, લડાવી નહિં પુરી કીકી,
અલી આંખોતણી કીકી, ગઇ લેવાઇ તે દુઃખી. ૩
મને વ્હાલી ગણીં પાળી, જતે પુત્રી ઘણી બાળી,
ફુટ્યાં કર્મો તું તો બાળી, [2] જસમાં ક્યાં ગઇ ચાલી. ૪
પશૂ પાસે ઉભૂં તેથી, કયહાં રસ્તો જડે શેંથી;
કરૂં શું હૂં પડી કાયા, મરૂં ક્યાં હાયરે વ્હાલી ! ૫

(એટલામાં બાઇ આવેછે તેને જોઇને)–હવે આને વાવ ઉપર લઇ જાઓ. હું આવુંછું. (લેછે એટલે મન ભરાઇ આવેછે અને ઘણો આક્રંદ કરેછે. બાઇ લઇ જાયછે.)

જતે બોલી ન કંઇ બોલ, મને તેં છેતરી તોલ,
અભાગી સૂખ સૌ લોલ, સધાવી આવડી ન્હાની. ૬
હવે શુંરે કરૂં દાતા, વિધાતા શું રુઠયો ભ્રાતા,
અનાથે નાથ વિખ્યાતા, પિતા માતા પૂછૂં જાણી. ૭
કશોરે વાંક મેં કીધો, ક્ષણે ક્ષુદ્રા વિછો દીધો;
કિયો તે માર્ગ છે લીધો, ગઇ આવી નહી બોલે. ૮
(વળી ઉભરો ભરાઇ આવે છે એટલે ઘણું રોઇ પડેછે.)
કર્યાં કર્મો નડે ઇશ, ન કોને દોષ હું દઇશ,
હવે કયા દુઃખ જે કહિશ, ન કોઇ તાહરે તોલે. ૯

---

૨ જરા વારમાં.

હાય, હાય, આજ મારે હાથે તારા મોહોમાં અગની મુકવો પડશે. (રોતી રોતી જાયછે; વાવમાં ઉતરે છે.) (થોડી વારે ફરી આવીને વાવના ઘોરા ઉપર બેસેછે.)

હતી શાણી ઘણી માની, ન બોલી સામિ કંઇ વાણી,
રહી દુર્ભાગ્યને જાણી, કદી તૂં ચિત્ત ના ખોલે. ૧૦
અકસ્માતે ગઇ ઊડી, બન્યૂં શૂં અગ્નબ થઇ ભૂંડી,
અરે આપે કંઈ રૂડી, રહી આ હાથમાં ચોળે. ૧૧
ઘણી રૂપાળિ ને ડાહી, હતી કીર્તી બધે લાહી,
ગ્રહ્યો તો મેં તને સાહી, ખરો આધાર જાણીને. ૧૨
ગયો અંધાતણો આજ, ખરો ટેકો થઇ વાજ,
નકામો સૂર્ય મહારાજ, ન પીધૂ લાવી પાણીને. ૧૩
મુકીને એકલી બાળી, ગઇ મારી તું કયાં વ્હાલી;
રઝળતી કયાં મરૂ ચાલી, નથી રહેવાતું દેખીને. ૧૪
અરે. માબાપરે મારાં, તમે કયાંનાં અને હું કયાં,
અરે એતો ઘણાં સારાં, કરી મેં ખ્યાતિ જન્મીને. ૧૫
ઉદરમાં કેમ ના મુઇ હૂં, વરાધે કેમ ના મુઇ હૂં,
ચટાડે ઝેર ના મુઇ હૂં, જીવી આ દેખવા શાને. ૧૬
અરે માબાપરે મારાં, ખરાં ક્ષત્રી હતાં ન્યારાં,
ગણ્યાંતાં પ્રાણથી પ્યારાં, બિચારાં દુઃખ દેવાને ! ૧૭
મને પાળી પુરી પ્રીતે, ભણાવીતી રુડી રીતે,
રમાડી ને લડાવી તેં, ન તે ભૂલાય આજેરે. ૧૮
સુણી હૂં રૂપવાળી કે, પડયા કૂપે નિહાળી તે,

ઘણા લોભે વરી કર્યું, પુરી સૂખી બની પર્ણું. ૧૯
થઇ હૂં રાજમાતાને, વડી રાણી વળી માને,
બીજી બાઇ કહ્યૂં માને, ધરા ધ્રૂજે મુકતાં ચરણે. ૨૦
આંહાં તૂં સાંભરે આજ, ન સંભાર્યો વિના કાજ;
અવસ્થા શી હવે રાજ, હશે તારી દૂખે રોતો ! ૨૧
+ જરામાં હાય તારી કો, કરે સંભાળ સારી કો !
સુણી હૂં પારકી થૈ તો, હશે શા ક્રોધથી-જોને ! ૨૨
કરે શૂં કયાં રહે રોઇ, અરે એકાન્તમાં સોહી
જઇ કયાં આવું તે જોઇ, ન જાણૂં કયાં વસે વ્હાલા! ૨૩
દૂખી બાલાજ શસ્ત્રાળા, અરે શા વાગિયા કાળા
રિપૂ પાસે સુણી વ્હાલા, ખરા ઝેરી પિધા પ્યાલા. ૨૪
મહા એ પાપમાથી હૂં, કહો કયાંથી કયમે છૂટું;
કુપત્ની દુષ્ટ તો થૈ હૂં, કરો આની શિરચ્છેદ. ૨૫
વિલામે સાંભર્યૂં ના કે, મુસલ્માની બની છાકે,
જગે પંકાઇ હૂં આખે, કહૂં કોને ખરો ભેદ. ૨૬
સ્ત્રિજાતીમાં કલંકી છું અરે ભૂલી ભમી હૂં છૂં,
મુવે ના પાપથી છૂટૂં સ્મરી ફાટી જતી છાતી. ૨૭
યવન આવ્યા ચ્હડીને ત્યાં, અમે સર્વે ભયે જોતાં,
ચ્હઢ્યો તૂં અશ્વ શૂરો ત્યાં, વધાવીને વળી પાછી. ૨૮
કહ્યૂં કે આવજે વ્હેલા, રણે થાજે સહૂ પ્હેલા,
અસુર સંહારવા રહેલા, કરી ઊદાસિમાં આવી. ૨૯
ભુમીએ રોઇ ને પડતી, નહી મુકતી કશી જડતી;

+ ઘડપણમાં.

ઓહો હા રે હતો રડતી, ભુંડાને દેખતે ભાવી. ૩૦
વિપત્તીમાં ધરી ધૈર્ય, બની હું બોલવે ધીર,
બળે ત્યાં મ્હેલ થઇ ધીર, છુટે કમ્પારી સંભારી. ૩૧
કહ્યું ચાલો સતી થઇને, બળી રે રાંડ ! ત્યાં જઇને,
મરી જંગે ન સૌ લઇને, મુવે ના થાત હત્યારી. ૩૨
ચ્હડી અશ્વે પડી પાછી, લુંટારાએ ગૃહે રાખી;
ઘણૂ આડૂ કુડૂ ભાખી, કરીને કેદ દિલ્હીમાં, ૩૩
અરે લાવ્યા મને માની, ગઇ સૌ શાન રૂહે શાની,
થઇ હું દેતની રાણી, ન પેખી સૂખની સીમા. ૩૪
ઉલંગે અંગ ધારીને, બની સુલ્તાન પ્યારીને,
રમાડીને વિલાસીને, ન જાણ્યૂં આવશે દુઃખ. ૩૫
અરે ઓ દૂષ્ટ ચંડાળ! મુઇ તારે લિધે બાળ,
છુટે કયાં કહે કિયેં કાળ, કશી રીતે થશે સૂખ. ૩૬
મને મારી ન ન્હગારી, કિયા વાંકે મને કહાડી,
નૂ કઈ પ્રીતી હતી પાડી, સદા ભીતીથિ રહેતીતી. ૩૭
અજાણે આટલૂં શૂરે, કર્યૂં છે કષ્ટ તેં કૂડે,
ન કર્યું તો કદી રૂડે, કર્યૂં આડૂં તજી રીતી. ૩૮
અહીં આનો ગયો પ્રાણ, પ્રભૂ ! છેડો હવે આણ,
લિધું તેં પાપનૂં દાણ, દયાથી ના મને મારી. ૩૯
(બહુ કલેશ કરીને હાથ વતે માથુ બે ત્રણ વખત કુટીને વિખરેલા વાળ વધારે વિખેરી નાખે છે.)
કુટી છાતી બળી બોલૂં, અરે અગની વિષે રોળૂં,

સમુદ્રે ડૂબવું ખોળું, મુકી પીડાતિ ક્યાં ચાલી.. ૪૦
બળેલીને બહૂ બાળી, ગઇ ક્યાં એ સુતા વ્હાલી ;
ગુણીલી કેમ ગઇ ટાળી, મુઝાઇ બાવરી થાઊં. ૪૧
હતી રે દીકરી બાળ, પ્રભુ ! એ જીવને પાળ,
મને દે છોકરી ગાળ, હવે હૂં અન્ન કયાં ખાઊં. ૪૨
ઘણા તાવે દુખે ચાલી, ન સંભાળી પુરી બાળી;
ન ઓછૂં તેં કદી વ્હાલી, લગારે આવવા દીધૂં. ૪૩
મને બોલાવિ તૂં બોલે, સુવાડીને સુતી તોલે,
દઇને અન્ન તે ખાતી, પચે પાઇ પછી પીધૂં. ૪૪
અરે એ વીસરે કયાંથી, દુભાતી દેખિ તે ત્યાંથી,
પડી ફાટી ન રે શાથી, તને દુ:ખી થતી દીઠે ! ૪૫
હવે બાપૂ જીવૂં શેંથી, નથી બોલાતું રે મેંથી,
મરાયૂ શી રિતે તેંથી, સુણે તો આવું હૂં પીઠે. ૪૬
અરે મૃત્યુ થતે કેવૂં, થયૂ બા દુ:ખ તે કેવૂં,
ન તેં સંસારિ તો તેવૂં, સુખે સ્વપ્ને જરા દીઠૂં. ૪૭
અરે આ ઘા લગાડીને, ગઇ શું આમ ચાલીને,
જીવૂં તે કેમ જાણીને, જતે બોલી તું જે મીઠૂં. ૪૮
હરી ! તે દેવલી આપ, મને લીધી તું એ આપ,
અરે તારી કરી થાપ, ન આપે તો ગરી જાઊં. ૪૯

(જોસમાં એકાએક ઉઠીને કુચ્છ કરી, "શ્રી હરી" કહીને વાવમાં પડે છે.)

સમાપ્ત.